ગુજરાતી ભાષા સજ્જતા



-: લેખક :-
ડૉ. શાસ્ત્રી દેવવલ્લભદાસજી

-: પ્રકાશક :-
શ્રી સહજાનંદ ગુરુકુળ

VISIT…

LANZAROTE Caliente.com

ગુજરાતી ભાષા સજ્જતા

લેખક

ડૉ. દેવવલ્લભ સ્વામી

(M.A.,B.Ed.,Ph.D,વેદાંત,દર્શન,સાહિત્યાચાર્ય)

મુદ્રણ : ત્રિશૂલ ઓફસેટ, નરોડા, કર્ણાવતી

પ્રાસંગિક...

ગુજરાતી આપણી માતૃભાષા હોવા છતા આપણે તેના અભ્યાસ પ્રત્યે ઘણાં બેદરકાર છીએ.શાળા મહાશાળાઓમાં ગુજરાતીનુ ભાષાકીય દષ્ટિએ જે મહત્વ અપાવું જોઈએ તે અપાતુ નથી.વાંચતા લખતા અને બોલતા આવડે એટલે આપણે ઈતિશ્રી સમજી લઈએ છીએ.

ભાષાકીય જે સજ્જતા હોવી જોઈએ તે આપણે કેળવી શક્યા નથી. હું ગુજરાતી ભાષાનો સ્નાતક કે અનુસ્નાતક નથી. છતા માતૃભાષા પ્રત્યેના મમત્વના કારણે અભ્યાસુઓ અને વિદ્યાર્થીઓનુ ભાષાજ્ઞાન સમૃદ્ધ થાય એ માટે આ નાનકડી પુસ્તિકામાં ગાગરમાં સાગર ભરવાનો બાલિશ પ્રયાસ કર્યો છે.

વ્હાલા જીજ્ઞાસુઓ ! ક્યાંય ક્ષતિ લાગે તો ક્ષમ્ય ગણજો અને સારુ લાગે તે સ્વીકારજો.એકવાત બરાબર યાદ રાખજો કે આપણી માતૃભાષામાં તો આપણે માહેર (નિષ્ણાંત) બનવું જ જોઈએ.

પરમકૃપાળુ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન અને અમારા ગુરુવર્ય શા. સ્વામી ધર્મપ્રસાદદાસજીની અસીમકૃપાથી અમારુ અધ્યાત્મ અને શિક્ષણક્ષેત્રે અવિરત કંઈકને કંઈક નવું સંશોધન ચાલતુ રહે છે.

આ પુસ્તિકાના ટાઈપ સેટીંગમાં મદદરુપ કરનાર ભીલવાળા વનરાજ, સુહાગીયા શરદ, સોડવડીયા કેતન,ડાંગોદરા મુકેશ વગેરે છાત્રોને શુભાશિષ.

લેખન પ્રકાશનમાં મદદરુપ બનનાર નામી અનામી સૌનો અંતઃકરણપૂર્વક આભાર. શ્રીજી મહારાજ સૌનુ ભલુ કરે એ જ શ્રીચરણોમાં અભ્યર્થના...

લી. શા. દેવવલ્લભદાસજીના હેતપૂર્વક જય સ્વામિનારાયણ

અનુક્રમણિકા

ખંડ - ૧ વાક્ય અને તેના પ્રકારો

(અ) વાક્ય

કોઈ પણ ભાષા અર્થસભર અને ક્રમબદ્ધ વાક્ય સ્વરુપે લખાય છે.

શબ્દોને યોગ્યપદક્રમમાં મુકવાથી વાક્ય બને છે.

સ્વર અને વ્યંજનના યોગ્ય જોડાણથી શબ્દ બને છે.

તેથી કહી શકાય કે ભાષાનો નાનામાં નાનો એકમ વર્ણ છે.

વર્ણ(અક્ષર), સ્વર અને વ્યંજનનો બનેલો હોય છે.(વર્ણ = સ્વર + વ્યંજન) ગુજરાતી ભાષામાં -- અ,આ,ઇ,ઈ,ઉ,ઊ,એ,ઓ,ઐ,ઔ,અં,અઃ વગેરે સ્વરો છે. અને ક,ખ,ગ,ઘ,ચ,છ,જ,ઝ,ટ,ઠ,ડ,ઢ,ણ,ત,થ,દ,ધ,ન,પ,ફ,બ,ભ,મ,ય, ર, લ, વ,શ,ષ,સ,હ,ળ,ક્ષ,જ્ઞ વ્યંજનો છે. ઋ અને લૃ બે અર્ધસ્વર છે.

હવે વર્ણ કેવી રીતે બને છે તે જોઇએ.

ભ્ + આ, ર્ + અ, ત્ +ઈ = ભા + ર + તી = ભારતી

ક્ + અ = ક	ક્ + આ = કા	ક્ + ઇ = કિ	ક્ + ઈ =કી
ક્ + ઉ = કુ	ક્ +ઊ = કૂ	ક્ + એ = કે	ક્ + ઓ = કો
ક્ + ઐ = કૈ	ક્ + ઔ = કૌ	ક્ + અમ્ =કં	ક્ + અહ =કઃ

તો મિત્રો ! વર્ણ (અક્ષર) કેવી રીતે બને છે તેનો ખ્યાલ તમને આવી ગયો હશે. સ્વર વિનાના વ્યંજનને બતાવવા તેને ખોડો જેમકે, 'અર્થાત્' ,'વાક્' વગેરે રીતે લખાય છે.અહી ત્ અને ક્ વ્યંજન છે.એક કે તેથી વધુ વર્ણો મળીને અર્થ યુક્ત રચના બને તેને શબ્દ કહે છે.

એક કે તેથી વધુ શબ્દો યોગ્ય ક્રમમાં ગોઠવવાથી વાક્ય બને છે. તેથી વાક્યમાં આવતા દરેક શબ્દની સ્વતંત્ર ઓળખ, સ્થાન અને મહત્વ છે. સામાન્યરીતે ગુજરાતી અને હિન્દી ભાષામાં વાક્યમાં પહેલા કર્તા પછી કર્મ અને છેલ્લે ક્રિયાપદ મુકાય છે.(કર્તા + કર્મ + ક્રિયાપદ) જેમકે, 'રવી કેરી ખાય છે.'

વાક્યમાં આવતા દરેક પદ(શબ્દ)ની ઓળખને પદચ્છેદ કહે છે. પદચ્છેદ એટલે વાક્યનુ પૃથક્કરણ.પદચ્છેદ કરતી વખતે વાક્યમાં આવતા દરેક પદ (ઘટક)ની ઓળખ આપવી પડે છે.તે માટે જરુરી છે પદજ્ઞાન.

પદજ્ઞાનમાં નીચેના મુદાઓનો સમાવેશ થાય છે.

★ સંજ્ઞા

પદ,પદાર્થ,વ્યક્તિ કે વસ્તુની ઓળખ બતાવતા પદ(શબ્દ)ને સંજ્ઞા કહે છે.સંજ્ઞાના પાંચ પ્રકાર છે.

૧. વ્યક્તિ વાચક સંજ્ઞા :- વ્યક્તિકે વસ્તુને ઓળખવા માટે આપવામાં આવતી સંજ્ઞા-નામપદને વ્યકિતવાચક સંજ્ઞા કહે છે. જેમકે, 'રમેશ','ભારત','સૂર્ય' વગેરે.

૨. જાતિવાચક સંજ્ઞા :- વ્યક્તિઓ કે પદાર્થોના આખા વર્ગ કે સમુદાયને દર્શાવતી સંજ્ઞાને જાતિવાચક સંજ્ઞા કહે છે. જેમકે, "શિક્ષક,પુસ્તક,ગુલાબ,આંબો" વગેરે.
૩. સમૂહવાચક સંજ્ઞા :- કોઈપણ વર્ગની વ્યકિતઓ કે વસ્તુઓના સમૂહને દર્શાવતી સંજ્ઞાને સમૂહવાચક સંજ્ઞા કહે છે.જેમકે, "સૈન્ય, ટોળુ, સભા" વગેરે.
૪. ભાવવાચક સંજ્ઞા :- ગુણ કે ક્રિયાનો ભાવ દર્શાવતી સંજ્ઞાને ભાવવાચક સંજ્ઞા કહે છે. જેમકે, "ભલાઈ,સેવા,નિરાંત,વિવાહ,પ્રકાશ" વગેરે.
૫. દ્રવ્યવાચક સંજ્ઞા :- જથ્થામાં દ્રવ્યરુપે જોવા મળતા પદાર્થોનો નિર્દેશ કરતી સંજ્ઞાને દ્રવ્યવાચક સંજ્ઞા કહે છે. જેમકે, "લઈ,તેલ,રુ,લાકડુ,હવા "વગેરે.

નોધ :- *સંજ્ઞાઓ બે પ્રકારની છે. : વિકારી અને અવિકારી.*

૧. જેમાં લીંગ કે વચન પ્રમાણે ફેરફાર થાય તેને વિકારી સંજ્ઞા કહે છે.
જેમકે, " છોકરો - છોકરા (છોકરાઓ)- છોકરી - છોકરુ ; વાંદરો- વાંદરા(વાંદરાઓ) - વાંદરી - વાંદરુ " વગેરે વિકારી સંજ્ઞાઓ છે.
૨. લીંગ કે વચન બદલવા છતા જેમાં ફેરફાર ન થાય તેને અવિકારી સંજ્ઞા કહે છે. જેમકે, " નદી,માણસ,પગ " વગેરે.

★ સર્વનામ

સંજ્ઞા (નામ) ના બદલે વપરાતા પદને સર્વનામ કહે છે.તેના છ પ્રકાર છે.

૧. પુરુષવાચક સર્વનામ :- બોલનાર (પ્રથમ પુરુષ), સાંભળનાર (બીજો પુરુષ) અને એ સિવાયની અન્ય વ્યકિત (ત્રીજાપુરુષ) નો નિર્દેશ કરતા પદને પુરષવાચક સર્વનામ કહે છે.જેમકે, " હું,તે,તેઓ,તેનો,આપણે" વગેરે.
૨. સાપેક્ષ સર્વનામ :- બે સર્વનામો એકબીજાની અપેક્ષાએ આવે તેને સાપેક્ષ સર્વનામ કહે છે. જેમકે, " જે - તે, જેને - તેને " વગેરે.
૩. દર્શક સર્વનામ :- કશાકને બતાવતા (નિર્દેશ કરતા) સર્વનામને દર્શક સર્વનામ કહે છે. જેમકે, " આ,પેલુ " વગેરે.
૪. સ્વવાચક સર્વનામ :- વ્યક્તિની આગવી ઓળખ બતાવતા સર્વનામને સ્વવાચક સર્વનામ કહે છે. જેમકે, " જાતે,પોતે,સ્વયં " વગેરે.
૫. અનિશ્ચયવાચક સર્વનામ :- અનિશ્ચિત વ્યકિત કે પદાર્થને બતાવતા સર્વનામને અનિશ્ચવાચક સર્વનામ કહે છે. જેમકે, " કંઈક,કોઈ,કંઈ " વગેરે.
૬. પ્રશ્નવાચક સર્વનામ :- અનિશ્ચિત્ વ્યકિત કે પદાર્થ વિશે પ્રશ્ન પૂછવા વપરાતા સર્વનામને પ્રશ્નવાચક સર્વનામ કહે છે. જેમકે કોઈ, શું વગેરે.

★ વિશેષણ

સંજ્ઞાની વિશેષતા બતાવતા પદને વિશેષણ કહે છે. તે આઠ પ્રકાર છે.

૧. ગુણવાચક વિશેષણ :- ગુણ દર્શાવે તેને ગુણવાચક વિશેષણ કહે છે.

જેમકે, " પ્રિય,સારુ,એવું, કેવું " વગેરે.
૨. સંખ્યાવાચક વિશેષણ :- સંખ્યા દર્શાવતા વિશેષણને સંખ્યાવાચક વિશેષણ કહે છે. જેમકે, " એક,બે,કેટલાક " વગેરે.
૩. ક્રમવાચક વિશેષણ :- ક્રમ દર્શાવતા વિશેષણને ક્રમવાચક વિશેષણ કહે છે. જેમકે, " બીજુ, આગળનુ, ઉપરનુ " વગેરે.
૪. પ્રમાણવાચક વિશેષણ :- પ્રમાણ-માપ દર્શાવતા વિશેષણને પ્રમાણવાચક વિશેષણ કહે છે. જેમકે, " થોડુ, ઘણું , આટલું " વગેરે.
૫. પ્રશ્નવાચક વિશેષણ :- પ્રશ્નાર્થરુપમાં વપરાતા વિશેષણને પ્રશ્નાર્થવાચક વિશેષણ કહે છે. જેમકે, " શું, ક્યાં " વગેરે.
૬. અનિશ્ચયવાચક વિશેષણ :- અનિશ્ચય દર્શાવતા વિશેષણને અનિશ્ચયવાચક વિશેષણ કહે છે. જેમકે, " કંઇ, કંઈક, કશું "વગેરે.
૭. દર્શક વિશેષણ :- પદાર્થનો નિર્દેશ કરવા માટે વપરાતા વિશેષણને દર્શક વિશેષણ કહે છે. જેમકે, " આ, તે " વગેરે.
૮. સાપેક્ષ વિશેષણ :- એક બીજાની અપેક્ષાએ આવતા વિશેષણને સાપેક્ષ વિશેષણ કહે છે. જેમકે, " જે - તે " વગેરે.

★ ક્રિયાપદ

ક્રિયાને બતાવતા પદને ક્રિયાપદ કહે છે. જેમકે," ખાવું,પીવું,ચાલવું "વગેરે.

ક્રિયાપદ તેના મૂળરુપમાં હોય ત્યારે તેમાં છેલ્લે "વું" આવે છે.
કાળ પ્રમાણે ક્રિયાપદના રુપોમાં ફેરફાર થાય છે.જેમકે ખાય,ખાધુ,ખાશે વગેરે.

★ ક્રિયાવિશેષણ

ક્રિયાની વિશેષતા બતાવતા પદને ક્રિયાવિશેષણ કહે છે.તેના દશ પ્રકાર છે.
૧. સ્થળવાચક ક્રિયાવિશેષણ :- ક્રિયાનુ સ્થળ બતાવતા પદને સ્થળવાચક વિશેષણ કહે છે. જેમકે, " દુર,જ્યાં, ધાબેથી " વગેરે.
૨. સમયવાચક ક્રિયાવિશેષણ :- ક્રિયાનો સમય બતાવતા વિશેષણને સમય વાચક ક્રિયાવિશેષણ કહે છે. જેમકે, " કાલ, હમેશાં,કદી " વગેરે.
૩. રીતિવાચક ક્રિયાવિશેષણ :- ક્રિયાની રીત બતાવતા પદને રીતિવાચક ક્રિયાવિશેષણ કહે છે. જેમકે, " આમ, કેમ, માંડ, તરત " વગેરે.
૪. ક્રમવાચક ક્રિયાવિશેષણ :- ક્રિયાના સ્થળ કે સમયનો ક્રમ બતાવતા પદને ક્રમવાચક ક્રિયાવિશેષણ કહે છે. જેમકે, " આગળ, પાછળ, પછી " વગેરે.
૫. નિશ્ચયવાચક ક્રિયાવિશેષણ :- ક્રિયા થવાનો નિશ્ચય બતાવતા પદને નિશ્ચયવાચક ક્રિયાવિશેષણ કહે છે. જેમકે, " જરુર, અવશ્ય " વગેરે.
૬. સ્વીકારવાચક ક્રિયાવિશેષણ :- ક્રિયા કરવાનો સ્વીકાર બતાવતા પદને સ્વીકારવાચક

ક્રિયાવિશેષણ કહે છે. જેમકે, " ભલે, સારુ, વારું " વગેરે.
૭. નકારવાચક ક્રિયાવિશેષણ :- ક્રિયા કરવાનો ઈન્કાર બતાવતા પદને નકારવાચક ક્રિયાવિશેષણ કહે છે. જેમકે, " ન, નહીં, મા " વગેરે.
૮. સંભાવનાવાચક ક્રિયાવિશેષણ :- ક્રિયા થવાની સંભાવના બતાવતા પદને સંભાવનાવાચક ક્રિયાવિશેષણ કહે છે. જેમકે, " રખે,જાણે " વગેરે.
૯. કારણવાચક ક્રિયાવિશેષણ :- ક્રિયાનુ કારણ બતાવતા પદને કારણવાચક ક્રિયાવિશેષણ કહે છે. જેમકે, " કેમ, શાથી " વગેરે.
૧૦ પ્રમાણવાચક ક્રિયાવિશેષણ :- ક્રિયાનુ પ્રમાણ બતાવતા પદને પ્રમાણવાચક ક્રિયાવિશેષણ કહે છે. જેમકે, "ખૂબ,જરા "વગેરે.

★ કૃદંત

કેટલાક પદો ક્રિયાપદની જેમ કર્તા,કર્મ લે છે. અને સાથે સાથે સંજ્ઞા, વિશેષણ કે ક્રિયાવિશેષણ તરીકે પણ આવે છે. તેવા પદોને કૃદંત કહે છે.તેના છ પ્રકાર છે.
૧. વર્તમાનકૃદંત :- ક્રિયાની ચાલુ અવસ્થા દર્શાવતા કૃદંતને વર્તમાન કૃદંત કહે છે. જેમકે, " કરતું, રમતું, બોલતું "વગેરે.વર્તમાનકૃદંતમાં ' ત ' પ્રત્યય લાગે છે.
૨. ભૂતકૃદંત :- ક્રિયાની પૂર્ણ અવસ્થા દર્શાવતા કૃદંતને ભૂતકૃદંત કહે છે.
જેમકે," કર્યુ,કરેલુ" વગેરે. ભૂતકૃદંતમાં 'ય' કે 'એલ' પ્રત્યય લાગે છે.
૩. ભવિષ્યકૃદંત :- ક્રિયાની અપેક્ષિત અવસ્થા દર્શાવતા કૃદંતને ભવિષ્યકૃદંત કહે છે. જેમકે, "કરનાર,કરનારુ " વગેરે. ભવિષ્યકૃદંતમા 'નાર' પ્રત્યેય લાગે છે
૪. સામાન્ય કે વિધ્યર્થકૃદંત :- ક્રિયા થવાનો કે ક્રિયાની કર્તવ્યતાનો અર્થ દર્શાવતા કૃદંતને સામાન્ય કે વિધ્યર્થ કૃદંત કહે છે. જેમકે, "કરવું,કરવાનુ "વગેરે.
સામાન્ય કે વિધ્યર્થકૃદંતમાં 'વ' કે 'વ + ન' પ્રત્યેય લાગે છે.
૫. સંબંધક ભૂતકૃદંત :- પૂર્વવર્તી ક્રિયા દર્શાવતા કૃદંતને સંબંધક ભૂતકૃદંત કહે છે. જેમકે," કરી, કરીને" વગેરે. સંબંધક ભૂતકૃદંતમાં 'ઈ' કે 'ઈને' પ્રત્યય લાગે છે.

★ નામ યોગી

સંજ્ઞા,સર્વનામ અને તેમને સ્થાને આવતા પદોની પછી આવતા અને તેમને અન્ય પદો સાથે વિભક્તિ સંબંધે સાંકળતા પદને નામયોગી કહે છે.જેમકે, "વિશે,તરીકે,માટે,કેરુ " વગેરે.

★ નિપાત

વાક્યમાં ભાર કે એવા અર્થનો ઉમેરો કરતા પદને નિપાત કહે છે.
વાક્યમાંથી નિપાત કાઢી લેવા છતા વાક્યનો અર્થ બદલાતોનથી.
" જ,પણ,ય,માત્ર,ફક્ત,ખરુ,ને, તો,સુદ્ધા " વગેરે નિપાત છે.
હું સાંજે ઘરે જઈશ.(સામાન્ય) હું સાંજે ઘરે જઈશ જ (દઢતા)

તેણે મારી વાત સાંભળી.(સામાન્ય)   તેણે મારી વાત સાંભળી ખરી.(દ્રઢતા)

★ સંયોજક

બે પદો કે વાક્યોને સાંકળવા કે જોડવાનું કામ કરે તેને સંયોજક કહે છે.તેના નવ પ્રકાર છે.જેમકે, “ અને,તેથી,કે,જો...તો, તો પણ,કારણકે ”વગેરે.

હું રોટલી ખાઇશ. હું શાક ખાઇશ.-- હું રોટલી અને શાક ખાઇશ.

૧.સમુચ્ચયવાચક સંયોજક :- એકથી વધુ હકીકતોને ભેગી કરવાનુ કામ કરતા સંયોજકને સમુચ્ચયવાચક સંયોજક કહે છે.જેમકે, ‘અને’, ‘તથા’,‘તેમજ’ વગેરે.

૨.વિરોધવાચક સંયોજક :- બે હકીકતો વચ્ચે વિરોધ દર્શાવવાનુ કામ કરતા સંયોજકને વિરોધવાચક સંયોજક કહે છે. જેમકે, ‘છતા’,‘પણ’, વગેરે.

૩.વિકલ્પવાચક સંયોજક :- બે હકીકતો વચ્ચેનો વિકલ્પ રજુ કરવાનું કામ કરતા સંયોજકને વિકલ્પવાચક સંયોજક કહે છે. જેમકે, ‘કે’,‘અથવા’ વગેરે.

૪.પર્યાયવાચક સંયોજક :- બે હકીકતોને પર્યાયરુપે જોડવાનું કામ કરતા સંયોજકને પર્યાયવાચક સંયોજક કહે છે. જેમકે, ‘એટલે’, ‘અર્થાત્’ વગેરે.

૫.પરિણામવાચક સંયોજક :- હકીકત અને તેના પરિણામને જોડતા સંયોજકને પરિણામવાચક સંયોજક કહે છે.જેમકે, ‘એટલે’,‘માટે’, ‘એથી’ વગેરે.

૬.કારણવાચક સંયોજક :- હકીકત અને તેના કારણને જોડતા સંયોજકને કારણવાચક સંયોજક કહે છે. જેમકે, ‘કેમકે’,‘કારણકે’ વગેરે.

૭.શરતવાચક સંયોજક :- શરત અને એ શરતે સંભવિત હકીકતને જોડતા સંયોજકને શરતવાચક સંયોજક કહે છે. જેમકે, ‘જો- તો’,‘તો’ વગેરે.

૮.દ્દષ્ટાતવાચક સંયોજક :- હકીકત અને તેના દ્દષ્ટાંતને જોડતા સંયોજકને દ્દષ્ટાંતવાચક સંયોજક કહે છે. જેમકે, ‘જેમકે’ વગેરે.

૯. અવતરણવાચક સંયોજક :- ઉક્તિ કે વિધાનને ઉદ્ધૃત કરવા માટે વપરાતા સંયોજકને અવતરણવાચક સંયોજક કહે છે. જેમકે, ‘ કે ’ વગેરે.

નોધ :- કે, જેવું,તેવું, જ્યાં,ત્યાં વગેરે સંયોજકો જુદાજુદા અર્થોમાં વપરાય છે. ત્યારે તે જે અર્થ બતાવતુ હોય તે પ્રકારનુ ગણાય છે.

★ કેવળ પ્રયોગી

કશાક ભાવ કે લાગણી પ્રગટ કરતા સ્વતંત્ર પદને કેવળપ્રયોગી કહે છે. જેમકે “ અરે,હાય,હાશ,બાપ રે, ઓ માડી,શાબાશ” વગેરે.

(બ) વાક્યના પ્રકારો.

સામાન્યરીતે વાક્યના બે વિભાગો પડે છે :-- ઉદ્દેશ્ય અને વિધેય.

ઉદ્દેશ્ય એટલે કે જેના વિશે કહેવામાં આવ્યુ હોય તે અને

વિધેય એટલે જે કહેવામાં આવ્યુ હોય તે.

<u>નવલોહિયા ભગતસિંહે</u>   <u>આ બીડુ ઝડપ્યુ.</u>-
ઉદ્દેશ્ય   વિધેય

(૧) વાક્યપ્રકારની રીત-૧ (તેમાં વાક્યના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે.)

૧. વિધાનવાક્ય :- હકીકતનુ સીધુ નિવેદન કરતા વાક્યને વિધાન વાક્ય કહે છે. જેમકે, "હું શાળાએ જઈશ."

૨. પ્રશ્નવાક્ય :- હકીક્ત પરત્વે પ્રશ્ન પૂછતા વાક્યને પ્રશ્નવાક્ય કહે છે.
જેમકે "ત્યાં કોણ ગયુ ?"

૩. ઉદ્ગારવાક્ય :- હકીકત પરત્વે આશ્ચર્ય, શંકા,લાગણી વગેરે પ્રગટ કરતા વાક્યને ઉદ્ગારવાક્ય કહે છે. જેમકે "એ ગયો હશે તો ને !"

નોધ :- ઘણીવાર આ ત્રણેય પ્રકારના વાક્યો રચનાની દ્દષ્ટીએ જુદા પડતા નથી. પરંતુ તેના બોલવાના આરોહ- અવરોહ અને વિરામ ચિન્હોથી તેની ઓળખ થાય છે. જેમકે
,

એ બધુ જ ખાય છે. (વિધાન)
એ બધુ જ ખાય છે ? (પ્રશ્ન)
એ બધુ જ ખાય છે ! (આશ્ચર્ય)

એકવાક્યનું બીજા વાક્ય પ્રકારમાં રુપાંતર કરી શકાય છે.

(૨) વાક્યપ્રકારની રીત-૨ (તેમાં વાક્યના બે પ્રકાર પાડવામાં આવે છે.)

૧.વિધિવાક્ય :- હકારવાચક વાક્યને વિધિવાક્ય કહે છે.ઉદા."તે ઘરે ગયો ".

૨.નિષેધવાક્ય :- નકારવાચક વાક્યને નિષેધવાક્ય કહે છે. ઉદા. "તે ઘરે ગયો નહીં."

(૩) વાક્યપ્રકારની રીત-૩ (તેમાં વાક્યના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે.)

૧.સાદી રચના :- વાક્યમાં કર્તા અને ક્રિયા સીધો સંબંધ ધરાવે તેને સાદી રચના કહે છે. ઉદા. "મે ગૃહકાર્ય કર્યુ.", " રમેશે પથ્થર ઉપાડયો."

૨.પ્રેરક રચના :- ક્રિયા કરવા અન્યને પ્રેરવાનો અર્થ પ્રગટ કરતી રચનાને પ્રેરક રચના કહે છે. ઉદા."મે રમેશ પાસે ગૃહકાર્ય કરાવડાવ્યું.""મે રમેશ પાસે પથ્થ ઉપડાવ્યો."

(નોધ :- અકર્મક ક્રિયાપદવાળા વાક્યોની પ્રેરક રચના કરતી વખતે તેમાં કર્તા ઉમેરવો પડે છે. જેમકે, ' ઝાડ પડ્યું '(સાદુ) // ' માળીએ ઝાડ પાડ્યુ '(પ્રેરક)

(૪) વાક્યપ્રકારની રીત-૪ (તેમાં વાક્યના બે પ્રકાર પાડવામાં આવે છે.)

૧. કર્તરિ :- જેમા કર્તાની પ્રધાનતા હોય તેવી રચનાને કર્તરિ કહે છે.
ઉદા. મે સફરજન ખાધુ. // મે કપડા ધોયા.

૨. કર્મણિ :- જેમાં કર્મની પ્રધાનતા હોય તેવી રચનાને કર્મણિ રચના કહે છે.
ઉદા. મારાથી સફરજન ખવાયુ. // મારાથી કપડા ધોવાયા.

(૫) વાક્યપ્રકારની રીત-૬ (તેમાં વાક્યના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે.)

૧. સાદુ વાક્ય :- એક મુખ્ય ક્રિયાપદવાળા વાક્યને સાદુ વાક્ય કહે છે.

ઉદા. ૧.હિંદુસ્તાનના સંતોની ગણતરી નથી.
હિમાલયની ટેકરીઓની ગણતરી નથી (સાદુ)
હિંદુસ્તાનના સંતો અને હિમાલયની ટેકરીઓની ગણતરી નથી. (સાદુ)
૨. પાણીમાં તરવા માટે શકિત કરતા યુકિત વધારે ઉપયોગી નિવડે છે.
૨. સંયુક્ત વાકય :- બે મુખ્ય ક્રિયાપદવાળા વાક્યને સંયુક્તવાક્ય કહે છે.
ઉદા.૧.હિંદુસ્તાનના સંતોની ગણતરી નથી અને હિમાલયની ટેકરીઓની ગણતરી નથી.
૨. પાણીમાં તરવા માટે શકિત જોઈએ છે, પણ યુકિત વધારે ઉપયોગી નિવડે છે.
૩. સંકુલ વાક્ય :- બે મુખ્ય ક્રિયાપદ હોય અને બન્ને વાક્યો પરસ્પર આધારિત હોય ત્યારે તેને સંકુલ વાક્ય કહે છે. ઉદા. ૧. જેમ,હિંદુસ્તાનના સંતોની ગણતરી નથી તેમ હિમાલયની ટેકરીઓની ગણતરી નથી. ૨. જો પાણીમાં તરવું હોય તો શકિત કરતા યુકિત વધુ ઉપયોગી નવડે છે.

ખંડ - ૨ વિરામચિન્હો અને વિભક્તિ

(અ) વિરામ ચિન્હો :

ઉકિત(વાક્ય)માં અટકવાના સ્થાનનો નિર્દેશ કરે છે.તે નીચે પ્રમાણે છે.
૧. પૂર્ણ વિરામ (.) :- વાક્ય પુરુ થયાનો ભાવ બતાવે છે.ઉદા.તેણે પાણી પીધુ.
૨. પ્રશ્ન ચિન્હ (?) :- પ્રશ્ન પૂછવાનો ભાવ બતાવે છે.જેમકે આ કોણે લખ્યુ ?
૩. ઉદ્ગાર(આશ્ચર્ય) ચિન્હ (!) :- આશ્ચર્યનો ભાવ બતાવે છે. કેવળ પ્રયોગી અને સંબોધન પછી પણ ઉદ્ગાર ચિન્હ મુકાય છે.
જેમકે ભૂખી બિલાડીને દુધ મળતા કેટલો આનંદ થયો હશે ! (ઉદ્ગાર)
ઓહો ! આમા આટલી બધી કમાણી છે. (કેવળપ્રયોગી)
હે રમેશ ! તુ અત્યારે શું કરે છે ?(સંબોધન)
૪.અલ્પવિરામ (,) :- સંબોધન દર્શાવવા,કેવળપ્રયોગીને વાકયથી અલગ પાડવા,વાક્યની અંદરના વિરામસ્થાન દર્શાવવા,પદો,વાક્યખંડો અને પેટાવાકયોની પરંપરા સૂચવવા વપરાય છે.
જેમકે ૧. રામ,લક્ષ્મણ અને સીતા વનમાં ગયા.(સંબોધન)
૨. આંખો જોવાનુ,કાન સાંભળવાનુ,નાક સુંધવાનુ અને જીભ બોલવાનુ અને પગ ચાલવાનુ કામ કરે છે. (વાક્યખંડો)
૫. અર્ધવિરામ ચિન્હ (;) :- અર્ધવિરામ, અલ્પવિરામ ચિન્હ જેવું કામ કરે છે. જ્યારે પદો,વાક્યખંડો કે પેટાવાક્યોની પરંપરા લાંબી હોય ત્યારે અર્ધવિરામ આવે છે. જેમકે ઘણાંક એમ જાણે છે કે જે માણસ ધંધાને યોગ્ય હોય તે માણસ જ ધંધો કરી શકે. વેપારીઓ વેપાર જાણે છે કે નિશાળમાં ભણેલા લોકો વેપાર કરી જ ન શકે ; માસ્તરો અને મહેતાજીઓ જાણે છે કે વેપારીઓ વિદ્વાન હોઈ ન શકે;રાજદ્વારી લોકો

નિશાળમાં ભણેલાને હસે જ છે; ખેડૂતો વળી સર્વને નકામા ગણે છે, ને સર્વે ખેડૂતોને નકામા ગણે છે. (વાક્યખંડો)

૬. ગુરુવિરામ ચિન્હ (:) :- ગુરુ વિરામ કે ગુરુરેખા,ઉદાહરણ, અવતરણ કે કોઇ મુદ્દાનુ સમાપન દર્શાવવા વપરાય છે. જેમકે (૧)રાજેશ બોલ્યો : "પછી હું જોઇ લઇશ." (૨) બૌદ્ધ સ્તુપો નીચેના ગામોમાં છે : રાજગૃહ,વૈશાલી, કપલવસ્તુ અને કુસિનારા.

૭. ગુરુરેખા (°) :- આ ઉપરાંત કહેવાનુ અધુરુ છોડી દેવામાં આવે ત્યારે, પર્યાયરપે કથન કરવાનુ હોય ત્યારે તથા કહેતા કહેતા કંઇ ઉમેરવા માટે વપરાય છે. જેમકે બોલવાનુ અને ખાવાનુ ° દુનિયામાં બે માટો કાર્ય નાનકડી જીભ બજાવે છે.

૮. લધુરેખા (-):- શબ્દના ઘટકને છૂટા પાડી દર્શાવે છે. જેમકે રાત-દિવસ

૯. અવતરણ ચિન્હ (" ", ' ') :- સાહિત્યકૃતિના કે એવા નામો દર્શાવવા કોઇ શબ્દ તરફ ધ્યાન ખેંચવા કે એના પર ભાર મુકવા તથા ઉકિત કે અવતરણ રજૂ કરવા વપરાય છે. જેમકે (૧) " સરસ્વતીચંદ્ર" ગ્રંથ વાચંવા જેવો છે. (૨) જેને-જેને પૂછીએ એ સર્વ 'હું નથી જાણતો' એટલો જ જવાબ આપે.
(૩) સાધુ કહે : "સીવી દો તો શું લો ?"

(બ) વિભકિતના પ્રત્યયો

સંજ્ઞા કે સર્વનામ તુરંત મુકાતા થી,નો,ની,નુ, ના, માં વગેરેને વિભકિતના પ્રત્યય કહે છે. તે સંજ્ઞાનો ક્રિયાપદ સાથેના સંબંધનો નિર્દેશ કરે છે. જેમકે (૧)રમેશથી ખાડો ખાડો ખોદાયો. (૨) તળાવમાં પાણી હતુ.

નોંધ : વિભકિત દર્શક વડે,દ્વારા વગેરે શબ્દો પદથી દૂર મુકાય છે. થી - અપાદાન -- છૂટા પડવાનો અને કરણ- સાધનભાવ બતાવે છે. (વૃક્ષ ઉપરથી ફળ પડ્યુ.-અપાદાન) (કોદાળીથી ખાડો ખોદ્યો - કરણ-સાધન)નો,ની,નુ,ના - સંબંધ બતાવે છે.(આ રતનની પેન છે.) માં - અધિકરણ બતાવે છે.(તળાવમાં પાણી છે)

ખંડ - ૩ કાળની સમજ

કાળ એટલે સમય. ક્રિયા થવાના આગળ પાછળના સમયના અનુસંધાને તેના(કાળના) બાર પ્રકાર પડે છે.

૧. સાદો વર્તમાનકાળ :- રોજીંદી ક્રિયાઓ, સનાતન સત્યો,ટેવો વગેરે બતાવવા વપરાય છે.જેમકે સૂર્ય પૂર્વમાં ઉગે છે. (પ્રત્યય : એ છે, ય છે)

૨. સાદો ભૂતકાળ :- થોડા સમય પહેલા બનેલી ઘટના બતાવે છે. જેમકે મેં ખાધુ. (પ્રત્યય : ધુ,ધી,ધો, ધા, યો,યા,ઈ, યુ, વગેરે)

૩. સાદો ભવિષ્યકાળ :- ભાવિમાં બનનાર સંભવિત ઘટનાનો નિર્દેશ કરે છે. જેમકે હું કાલે વડોદરા જઇશ.(પ્રત્યય : અ શે,ઈ શ,ઈ,એશે)

૪. ચાલુ વર્તમાનકાળ :- વર્તમાન સમય તાજેતરમાં કોઇ ક્રિયા ચાલુ હોવાનુ બતાવે છે. જેમકે એક પક્ષી પાણી પી રહ્યું છે.(પ્રત્યય : આ છે,ઈ છે,ઓ છે,યુ છે)
૫. ચાલુ ભૂતકાળ :- ભૂતકાળમાં ક્રિયા ચાલુ હોવાનો નિર્દેશ કરે છે. જેમકે તે લખી રહ્યો હતો. તેણી રસોઇ બનાવતી હતી.(પ્રત્યય : આ હતા,ઈ હતી, ઓ હતા, ઉ હતુ વગેરે)
૬. ચાલુ ભવિષ્યકાળ :- ભવિષ્યમાં સંભવિત ક્રિયા ચાલુ હશે એવો ભાવ બતાવે છે. જેમકે હું આવતી કાલે રાત્રે મુસાફરી કરતો હોઈશ. (પ્રત્યય : અ શે,ઈશે)
૭. પૂર્ણ વર્તમાનકાળ :- હમણાં જ પૂર્ણ થયેલી ક્રિયા બતાવે છે. જેમકે રામ વનમાં ગયા છે. (પ્રત્યય : આ છે, ઈ છે)
૮. પૂર્ણ ભૂતકાળ :- ભૂતકાળમાં પૂર્ણ થયેલી ક્રિયા બતાવે છે. જેમકે રમેશે સફરજન ખાધુ હતુ. (પ્રત્યય : ધુ હતુ,ધી હતી, ધુ હતુ,ધો હતો વગેરે)
૯. પૂર્ણ ભવિષ્યકાળ :- ભવિષ્યકાળમાં કોઇ ક્રિયા પૂર્ણ થઇ ગઇ હશે એવું બતાવે છે. જેમકે સોમવારે તેઓ મુંબઇ પહોંચી ગયા હશે. તેણે જમી લીધુ હશે.(પ્રત્યય : ધુ હશે,ધી હશે,ધો હશે, ધા હશે)
૧૦ ચાલુપૂર્ણ વર્તમાનકાળ :- કોઇ ક્રિયા ભૂતકાળમાં શરુ થઇ હોય અને હજુ પણ ચાલતી હોવાનુ બતાવે છે. જેમકે તે ચાર કલાકથી રમી રહ્યો છે.
૧૧ ચાલુપૂર્ણ ભૂતકાળ :- કોઇ ક્રિયા ભૂતકાળમાં અમુક સમયથી અમુક સમય સુધી શરુ રહી હતી તેવું બતાવે છે. જેમકે હું ઘરે ગયો ત્યારે તે રમી રહ્યો હતો.
૧૨ ચાલુપૂર્ણ ભવિષ્યકાળ :- કોઇ ક્રિયા ભવિષ્યમાં શરુ થશે અને અમુક સમય સુધી ચાલશે એવું બતાવે છે.નજીકના ભવિષ્યમાં કોઇ ક્રિયા થશે ત્યારે બીજી ક્રિયા શરુ હોવાનુ પણબતાવે છે.જેમકે તે અત્યારે તેનુ ગૃહકાર્ય કરી રહ્યો હશે.

ખંડ - ૪ સંધિ અને સમાસ

(અ) સંધિ

બે શબ્દોને યોગ્ય રીતે જોડવાની પ્રક્રિયાને સંધિ કહે છે.

સંધિ બે પ્રકારની છે : સ્વરસંધિ અને વ્યંજન સંધિ.

૧. સ્વરસંધિ :

(૧) બે સજાતીય સ્વરો આગળ પાછળ આવે ત્યારે એ બન્નેના બદલે એ સ્વરનુ દીર્ઘરુપ મુકાય છે.

★ હિમ + આલય = હિમાલય (હિમ્+ અ+આ + લય = હિમ્ +આ + લય)
(અ + આ / અ + અ / આ + આ / આ + અ) = આ
દેવ + અંશ = દેવાંશ / વિદ્યા + આલય = વિદ્યાલય / એક +અંત =એકાંત
★ રવિ + ઈન્દ્ર = રવીન્દ્ર (રવ્+ ઇ + ઈ + ન્દ્ર = રવ્ +ઈ + ન્દ્ર)

(ઇ + ઇ / ઇ + ઈ / ઈ + ઇ / ઈ + ઇ) = ઈ
દેવી + ઇચ્છા = દેવીચ્છા / કવિ + ઈશ્વર =કવીશ્વર / રજની + ઈશ=રજનીશ
★ સિન્ધુ + ઉર્મિ = સિન્ધૂર્મિ (સિન્ધ્ + ઉ + ઉ + ર્મિ = સિન્ધ્ + ઊ + ર્મિ)
(ઉ + ઉ / ઉ + ઊ / ઊ + ઉ / ઊ + ઊ) = ઊ
સુ + ઉક્તિ = સૂક્તિ / ચમુ +ઊર્મિ = ચમૂર્મિ / ભાનુ + ઉદય = ભાનૂદય
(૨) બે વિજાતીય સ્વરો સાથે આવે ત્યારે આ પ્રમાણે સંધિ થાય છે.
★ ઉપ + ઇન્દ્ર = ઉપેન્દ્ર (ઉપ્ + અ + ઇ + ન્દ્ર = ઉપ્ + એ + ન્દ્ર)
(અ / આ + ઇ / ઈ) = એ
જ્ઞાન + ઈશ્વર = જ્ઞાનેશ્વર / રાજ + ઈશ = રાજેશ / યથા + ઈષ્ટ = યથેષ્ટ
★ પૂર્વ + ઉક્ત = પૂર્વોક્ત (પૂર્વ્ + અ + ઉ +ક્ત = પૂર્વ્ + ઓ + ક્ત)
(અ / આ + ઉ / ઊ) = ઓ
આનંદ + ઉર્મિ = આનંદોર્મિ / વિદ્યા + ઉત્તેજક = વિદ્યોત્તેજક
★ વિજય + એષણા = વિજયૈષણા(વિજય્ + અ + એ +ષણા = વિજય્ + ઐ + ષણા)
(અ / આ + એ / ઐ) = ઐ
વિત્ત + એષણા = વિતૈષણા / ભોગ + એષણા = ભોગૈષણા
★ ગંગા + ઓઘઃ = ગંગૌઘઃ (ગંગ્ + આ + ઓ + ઘઃ =ગંગ્ +ઔ +ઘઃ)
(અ / આ + ઓ / ઔ) = ઔ
જલ + ઓઘઃ = જલૌઘઃ / દિવ્ય + ઔષધિ = દિવ્યૌષધિ
★ દેવ + ઋષિ = દેવર્ષિ (દેવ્ + અ + ઋ + ષિ = દેવ્ + અર્ + ષિ)
(અ / આ + ઋ) = અર્
રાજ + ઋષિ = રાજર્ષિ / બ્રહ્મ + ઋષિ = બ્રહ્મર્ષિ
★ અતિ + અન્ત = અત્યન્ત (અત્ + ઇ + અન્ત = અત્ + ય્ + અન્ત)
(ઇ / ઈ + વિજાતીય સ્વર = ય્ + વિજાતીય સ્વર) ઇ નો ય્ થાય.
ઇતિ + આદિ = ઇત્યાદિ / પ્રતિ + ઉત્તર = પ્રત્યુત્તર
★ મનુ + અન્તર = મન્વન્તર (મન્ + ઉ + અન્તર = મન્ + ય્ + અન્તર)
(ઉ / ઊ + વિજાતીય સ્વર = વ્ + વિજાતીય સ્વર) ઉ નો ય્ થાય.
૨. વ્યંજન સંધિ : (અત્રે વ્યંજન સંધિનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે.)
(અ) જુદા જુદા સંયોગોમાં 'સ્' અને 'ર્' માં નીચે મુજબ પરિવર્તન થાય છે.
★ સ્ કે ર્ ની પાછળ (+ પછી) ચ્ કે છ્ હોય તો શ્ થાય.
જેમકે દુસ્ + ચિન્તા = દુશ્ચિન્તા (દુ + શ્ + ચિન્તા) સ્ નો શ્ થયો.
અંતર્ + ચક્ષુ = અંતશ્ચક્ષુ (અંત + શ્ + ચક્ષુ) ર્ નો શ્ થયો.
★ સ્ કે ર્ નીપાછળ શ્ , ષ્ , સ્ આવે તો વિસર્ગ થાય.
જેમકે નિસ્ + શબ્દ = નિઃ શબ્દ (નિ + ઃ + શબ્દ) સ્ નો વિસર્ગ થયો

અંતર્ + શોક = અંતઃશોક (અંત + : + શોક) ર્ નો વિસર્ગ થયો.
★ આગળ ઈ કે ઉ ને પાછળ ક્ , ખ્ , પ્ , ફ્ હોય તો ષ્ થાય.
જેમકે નિસ્ + કામ = નિષ્કામ (નિ + ષ્ + કામ) સ્ નો ષ્ થયો.
ચતુર્ + પદી = ચતુષ્પદી (ચતુ + ષ્ + પદી) ર્ નો ષ્ થયો.
★ આગળ ઈ કે ઉ સિવાયનો સ્વર અને પાછળ ક્, ખ્,પ્, ફ્ હોય તો વિસર્ગ થાય.
જેમકે અધસ્ + પતન = અધઃ પતન (અધ + : + પતન) સ્ નો વિસર્ગ થયો.
પુનર્ + પરીક્ષા = પુનઃ પરીક્ષા (પુન + : + પરીક્ષા) ર્ નો વિસર્ગ થયો.
★ 'સ્' ની આગળ 'અ' અને પાછળ ઘોષ વ્યંજન હોય તો 'ઓ' થાય.
જેમકે અધસ્ + ગતિ = અધોગતિ (અધ્ + અસ્ + ગતિ) અસ્ નો ઓ થયો.
મનસ્ + હર = મનોહર,
★ 'સ્' ની આગળ 'અ' કે 'આ' સિવાયનો સ્વર અને પાછળ ઘોષ વ્યંજન કે સ્વર હોય તો 'ર્' થાય. જેમકે નિસ્ + ભય = નિર્ભય (નિ + ર્ + ભય) સ્ નો ર્ થયો.
દુસ્ + ગતિ = દુર્ગતિ
★ સ્ કે ર્ ની પાછળ ર્ આવે તો પહેલાનો લોપ થાય અને તેની આગળનો સ્વર દીર્ઘ થાય. જેમકે નિસ્ + રવ = નીરવ (ન્ + ઈ + રવ = નીરવ) 'સ્' નો લોપ અને 'ઈ' દીર્ઘ થયો. ચતુર્ + રંગ = ચતૂરંગ,
(બ) પદને અંતે આવતા ચ્ , જ્ , શ્ નો ક્ અને ષ્ નો ટ્ થાય છે.
જેમકે વાચ્ + પતિ = વાક્પતિ (ચ્ નો ક્ થયો)
દિશ્ + કાલ = દિક્કાલ (ષ્ નો ક્ થયો) ષષ્ + કોણ =ષટ્કોણ(ષ્ નો ટ્ થયો)
(ક)નિરનુનાસિક સ્પર્શવ્યંજનમાં જુદા જુદા સંયોગોમાં આ પ્રમાણે ફેરફાર થાય છે.
★ પાછળ અઘોષ વ્યંજન આવે તો તેના વર્ગનો પહેલો વ્યંજન થાય.
જેમકે આપદ્ + કાલ = આપત્કાલ (આપ + ત્ + કાલ) 'દ્' નો 'ત્' થયો.
★ પાછળ સ્વર કે ઘોષ વ્યંજન આવે તો તેના વર્ગનો ત્રીજો વ્યંજન થાય.
જેમકે તત્ + અનુસાર = તદનુસાર (ત +દ્ + અનુસાર) 'ત્' નો 'દ્' થયો.
★ પાછળ અનુનાસિક આવે તો તેના વર્ગનો અનુનાસિક થાય.
જેમકે સત્ + મતિ = સન્મતિ (સ + ન્ + મતિ) 'ત્' નો 'ન્' થયો.
(ડ) 'ત્' વર્ગના વ્યંજનમાં વિવિધ સંયોગોમાં આ પ્રમાણે ફેરફાર થાય છે.
★ પાછળ 'ચ્' વર્ગનો વ્યંજન કે 'શ્' આવે તો તેનેત મળતો 'ચ્' વર્ગનો વ્યંજન મુકાય. જેમકે જગત્ + જનની = જગજ્જનની
★ પાછળ 'લ્' આવે તો 'લ્' મુકાય. જેમકે તત્ + લીન = તલ્લીન

(બ) સમાસ

બે કે તેથી વધુ પદો જોડાઈને એક પદ બનવાની પ્રક્રિયાને સમાસ કહે છે. નવું બનેલ પદ સમસ્ત કે સમાસિક પદ કહેવાય છે. સમાસના *ત્રણ વર્ગો* છે.

૧. સર્વપદપ્રધાન સમાસ :- જે સમાસમાં બધા પદો સમાન મોભાના એટલે કે મુખ્ય અને સ્વતંત્ર રીતે વાક્યના બીજા પદો સાથે જોડાઈ શકતા હોય તેને સર્વપદ પ્રધાન સમાસ કહે છે. જેમકે ★ દેશવિદેશના મહાનુભાવો એ વખતે હાજર હતા.
(દેશના મહાનુભાવો હાજર હતા./ વિદેશના મહાનુભાવો હાજર હતા)
આ ટેબલની સપાટી ઊંચીનીચી છે.
★ (આ ટેબલની સપાટી ઊંચી છે. / આ ટેબલની સપાટી નીચી છે.)
૨. એકપદપ્રધાન સમાસ :- જે સમાસનુ એક પદ વાક્ય સાથે સીધીરીતે જોડાઈ શકતુ હોય એટલે કે મુખ્ય હોય અને બીજુ પદ ગૌણ પદ હોયતેને એકપદપ્રધાન સમાસ કહે છે. જેમકે ★ માનવસેવાને જ શાસ્ત્રોમાં પ્રભુ સેવા કહી છે.
(સેવાને જ શાસ્ત્રોમાં પ્રભુ સેવા કહી છે - વાક્ય બનશે પરંતુ માનવ પદથી સ્વતંત્ર વાક્ય બની શકતુ નથી.)
★પરગામ ગયો હોય તેની ઘરમાં શી તપાસ કરવી ?
અહીં ગામ મુખ્ય પદ છે. તેના ઉપરથી વાક્ય બની શકે. પરંતુ પર ગૌણ પદ છે. તેના પરથી વાક્ય બની શકતુ નથી.
૩. અન્યપદપ્રધાન સમાસ :- જે સમાસનુ એકેય પદ વાક્ય સાથે સ્વતંત્ર રીતે સીધો સંબંધ ધરાવતુ ન હોય તેને અન્યપદપ્રધાન સમાસ કહે છે. જેમકે, રામે દશમુખ રાવણને હણ્યો. અહીં દશ કે મુખ બેમાંથી કોઈ પણ પદથી વાક્ય બની શકતુ નથી.

સમાસના પ્રકારો

૧. દ્વન્દ્વ સમાસ :- જે સમાસના બધા પદો વાક્ય સાથે સરખી રીતે જોડાતા હોય, એટલે કે સમાન મોભાના હોય તેને દ્વન્દ્વ સમાસ કહે છે.(તેનો વિગ્રહ કરતી વખતે તેના પદો વચ્ચે 'અને', 'કે' વગેરે સંયોજકો આવે છે.)
જેમકે ઊંચુનીચુ (ઊંચુ અને નીચુ) ખાધુપીધુ (ખાધુ અને પીધુ) હસવું-રમવું (હસવું અને રમવું)આગળ-પાછળ (આગળ કે પાછળ) વગેરે
૨. તત્પુરુષ સમાસ :- જે સમાસમાં એક પદ મુખ્ય હોય અને બીજુ પદ ગૌણ હોય તથા બન્ને પદો વિભકિતના સંબંધથી જોડાયેલા હોય તેવા સમાસને તત્પુરુષ સમાસ કહે છે. (તેનો વિગ્રહ બે પદો વચ્ચે વિભકિતદર્શક અનુગ કે નામયોગી મુકીને થાય છે.જેમકે,
વિદ્યાર્થીપ્રિય = (વિદ્યાર્થીને પ્રિય) / દયાપાત્ર = (દયાને પાત્ર)
ધર્મશ્રદ્ધા = (ધર્મમાં શ્રદ્ધા) / હીરાપારખુ = (હીરાનો પારખુ)
સામાન્યરીતે તત્પુરુષ સમાસમાં બે વચ્ચેની વિભકિતના પ્રત્યયનો લોપ થાય છે. (તૃત્તીયા વિભકિતનો લોપ થયો હોય ત્યારે તેને તૃતીયા તત્પુરુષ. ષઠી વિભકિતનો લોપ થયોત્યારે ષષ્ઠી તત્પુરુષ કહે છે.)
૩. મધ્યમપદલોપી સમાસ :- જે સમાસમાં એક પદ મુખ્ય હોય અને બીજુ પદ વિભક્તિથી જોડાયેલુ હોય. પરંતુ વચ્ચેના કડીરુપ પદનો લોપ થયો હોય ત્યારે તેને

મધ્યમપદલોપી સમાસ કહે છે. (તેનો વિગ્રહ વિભક્તિના અનુગ સાથે લુપ્ત થયેલા પદોને ઉમેરીને થાય છે.) જેમકે,
આગગાડી =(આગથી ચાલતી ગાડી- માં ચાલતી પદનો લોપ થયો છે)
ટપાલપેટી =(ટપાલ નાખવાની પેટી-માં નાખવાની પદનો લોપ થયો છે)
૪. કર્મધારય સમાસ :- જેમાં એક પદ મુખ્ય હોય અને બીજુ પદ એના વિશેષણ તરીકે કામ કરતુ હોય તે સમાસને કર્મધારય સમાસ કહે છે. કર્મધારય સમાસમાં પદો નીચેની રીતે જોડાય છે.
★ મુખ્યપદ વિશેષ્ય અને ગૌણપદ વિશેષણ હોય છે.(તેનો વિગ્રહ કરતી વખતે બન્ને પદોને સીધીરીતે જ છૂટા પાડવા પડે છે.જેમકે પરગામ (પર-બીજુ ગામ)//ભરસભા (ભરી સભા) // ચોપાસ(ચો- ચારે, પાસ-બાજુ)//અધમૂઓ(અરધો મૂએલો)
★ મુખ્યપદ ઉપમેય અને ગૌણપદ ઉપમાન હોય છે.(ઉપમાવાચક શબ્દ ઉમેરીને વિગ્રહ કરવામાં આવે છે.)જેમકે વાયુવેગ (વાયુ જેવો વેગ)// દેહલતા(દેહરુપી લતા)
★ મુખ્યપદ વિશેષણ અને ગૌણપદ ઉપમાન હોય છે. જેમકે કાજળઘેરુ (કાજળ જેવું ઘેરુ // (રાતુચોળ (ચોળ જેવું રાતુ)//
★ મુખ્યપદ જાતિવાચક અને ગૌણપદ વ્યકિતવાચક સંજ્ઞા હોય છે. (તેનો વિગ્રહ પર્યાયવાચક ‘એ જ ’ શબ્દ ઉમેરીને કરવામાં આવે છે.જેમકે સૂર્યદેવ (સૂર્ય એ જ દેવ) ધરતીમાતા (ધરતી એ જ માતા)// ગંગાભાભી (ગંગા એ જ ભાભી)
૫. ઉપપદ સમાસ :- જે સમાસનુ એકપદ ક્રિયાધાતુ હોય અને અન્યપદ એની સાથે વિભકિત સંબંધે જોડાયેલુ હોય તથા સમસ્ત પદ વાક્યાના કોઈ પદના વિશેષણ તરીકે કામ કરતુ હોય તેને ઉપપદ સમાસ કહે છે. (તેનો વિગ્રહ વિભકિતનો અનુગ લગાડીને, ક્રિયાપદનુ યોગ્યરુપ મુકી વિશેષણ વાક્ય બનાવીને કરવામાં આવે છે.જેમકે પાણીકળો (પાણીને કળે- પાણીનો અંદાજ કાઢે છે તેવો)// માથાબૂડ (માથુ બૂડે એટલું)
૬. બ્રહુવીહિ સમાસ :- જે સમાસના બન્ને પદો વચ્ચે વિભકિતનો, વિશેષણ-વિશેષ્યનો કે ઉપમાન-ઉપમેયનો સંબંધ હોય અને સમસ્ત પદ વાક્યમાંના બીજા કોઈ પદના વિશેષણ તરીકે કામ કરતું હોય તે સમાસને બહુવ્રીહિ સમાસ કહે છે. (તેનો વિગ્રહ વિભક્તિ સંબંધ,વિશેષણ-વિશેષ્ય સંબંધ કે ઉપમેય- ઉપમાન સંબંધ સ્પષ્ટ કરી વિશેષણ વાક્ય બનાવીને થાય છે.) જેમકે નખશિખ સુંદર(નખથી શીખા સુધીનુ છે એવું)// ખુશમિજાજ માણસ(જેનો મિજાજ ખુશ છે એવો)//

ખંડ -૫ જોડણી,અર્થભેદ અને સંક્ષેપો

(અ) જોડણી

ગુજરાતી ભાષાના જોડણીના કેટલાક સામાન્ય નિયમો નીચે મુજબ છે.
૧. શબ્દના અંતે આવતો ‘ઈક્’ પ્રત્યય હ્રસ્વ લખાય છે. જેમકે, સ્વાભાવિક,હાર્દિક,

ઐતિહાસિક, મૌખિક,દૈહિક,વૈજ્ઞાનિક વગેરે.

૨. શબ્દના અંતે આવતો 'ઈય્' પ્રત્યય દીર્ઘ લખાય છે. જેમકે, અનુકરણીય,માનનીય, મનનીય, રમણીય, ચિન્તનીય વગેરે.

૩. મોટાભાગના શબ્દોના અંતમાં આવતો 'તિ' હ્રસ્વ લખાય છે.જેમકે, કાન્તિ, શાંતિ, સંસ્કૃતિ, પ્રકૃતિ,સ્તુતિ,ગતિ, પ્રતીતિ વગેરે.

૪. મોટાભાગના શબ્દોના અંતમાં આવતો 'ધિ' હ્રસ્વ લખાય છે.જેમકે, આધિ,વ્યાધિ, વિધિ, ઉપાધિ, નિધિ,બુદ્ધિ, શુદ્ધિ વગેરે.

૫. 'મતી', અથવા 'વતી' પ્રત્યય દીર્ઘ લખાય છે. જેમકે, શ્રીમતી,બહુમતી,ભગવતી

૬. જે શબ્દના છેડે 'ઈન' (ઈની) પ્રત્યય લાગતો હોય તો તે હ્રસ્વ લખાય છે. જેમકે, વિદ્યાર્થી - વિદ્યાર્થિની, સત્યવાદી - સત્યવાદિની, યોગી - યોગિની, વિરહી- વિરહિણી, કામી-કામિની,ચિરંજીવી - ચિરંજીવિની વગેરે.

૭. કર્મણિભૂત કૃદંતનો 'ઈત્' પ્રત્યય દીર્ઘ થાય છે. જેમકે, પરિણીત, વિનીત, ખંડીત, પાલીત, શોષીત વગેરે.(નામનો 'ઈત' હોય તો હ્રસ્વ થાય જેમકે, પંડિત,પતિ, પતિત)

(બ) અર્થભેદ

★ *હ્રસ્વ-દીર્ઘ સ્વરથી થતો અર્થભેદ*		★ *અનુસ્વારથી થતો અર્થભેદ*
કુલ - કુટુંબ,સમુહ	રવી - શિયાળુપાક	ખંડ - વિભાગ
કૂલ - કિનારો	રાશિ - ઢગલો	ખડ - ઘાસ
ગુણ - સદ્ગુણ,સ્વભાવ	રાશી- ખરાબ,તોફાની	ઉંદર - એક જંતુ
ગૂણ - થેલો	વધુ - વધારે	ઉદર - પેટ
ચિર - લાંબા સમયનુ	વધૂ - વહુ	ભાંગ - એક પીણુ
ચીર - ફાડ,કપડુ	વિજન - એકાંત	ભાગ - હિસ્સો
ટુક - ટુકડો	વીજન - પંખો	જંપ - નિરાંત
ટૂક - ટોચ,શિખર	સલિલ - પાણી	જપ - નામસ્મરણ
દિન - દિવસ	સલીલ - સહેલાઈથી	ખાંધ - ખંભો
દીન - ગરીબ	સુકર - સહેલુ	ખાધ - ખોટ
પુરી - નગરી	સૂકર - ભૂંડ	નંદી - પોઢિયો
પૂરી - ખાવાની વાનગી	સુત - પુત્ર	નદી - સરીતા
ભાંગે - તોડે	સૂત સારથિ	મૂંડી - માથુ
ભાગે- દોડે	જિન - તીર્થંકર	મૂડી - સંપત્તિ
રતિ - પ્રેમ	જીન - ભૂત	પંડે - જાતે,પોત
રતી - ચણોઠી	સુરત- એક શહેર	પડે - નીચે આવવું
રવિ - સૂર્ય	સૂરત - ચહેરો,સુંદર	વંશ - વારસ

વશ - કાબુમાં
મંજૂરી - પરવાનગી
મજૂરી - મહેનત
મંજૂર - હા કહેલું
મજૂર - કારીગર
ચૂંક - એક પેટદર્દ
ચૂક - ખીલી
મારું - માલિકીપણું
મારુ - મારવું
પંડ્યા - એક અટક
પડ્યા - નીચે પડવું
વાંસ - વાંસડો
વાસ - રહેણાંક
વંદન - પ્રણામ
વદન - મુખ
બાંગ - બંદગી
બાગ - બગીચો
ગાંડી - બુદ્ધિવગરની
ગાડી - વાહન
મેં - જાતે
મે - મહીનો
મંદ - ધીમુ
મદ - અભિમાન
પરું - પાશ
પરુ - વિસ્તાર
રંજ - ખેદ
રજ - ધૂળ
અંચલ - વિસ્તાર
અચલ - નિશ્ચિત્
ટૂંક - નાનુ
ટૂક - શિખર
બંગલો - મકાન
બગલો - પક્ષી

જંગ - મોરચો
જગ - દુનિયા
ચિંતા - ફિકર
ચિતા - અગ્નિદાહ
સંકટ - વિપત્તિ
સકટ - ગાડુ
નિશ્ચિંત- ચિંતા વગરનુ
નિશ્ચિત - નક્કી
રંગ - કલર
રગ - નસ
આંકડો - સંખ્યા
આકડો - એક છોડ
કુંતા - પાંડવોનીમાતા
કુતા - કુતરો
શંકર - મહાદેવ
શકર - ખાંડ
કંઠી - સેર
કઠી - બાધાકરી
ઈંડા - પક્ષીના ઈંડા
ઈડા - એક નાડી
ખાંડ - એકપદાર્થ
ખાડ - ખાડો
કંદ - કંદમૂળ
કદ- પ્રમાણ
સંત - સાધુ
સત - સત્ય
ગંજ - ઢગલો
ગજ - માપપટી
અંતર - દૂરી
અતર - સુગંધી દ્રવ્ય
બંદી - કેદી
બદી - ખરાબી

ગંગા - એકનદી
ગગા - પુત્ર
પંડ - શરીર
પડ - પડવું
કુંડ - કુંડી
કુડ - કપટ
બાંડો - પૂછડાવિનાનો
બાડો - કાણો
કાંગ - એક ધાન્ય
કાગ - કાગડો
વંડી - દિવાલ
વડી - મોટી
ઘંટ - બેલ
ઘટ - ઘડો
બાંબુ - વાંસ
બાબુ - શહેરી
માંસ - શરીરનુ દ્રવ્ય
માસ - મહિનો
કાંટો - તોળવાનુ સાધન
કાટો - કાપો
સાંજ - સંધ્યા
સાજ - સામાન
ત્રાંસ - વળાંક
ત્રાસ - એક વાસણ,પીડા
કંપાસ - એક સાધન
કપાસ - એક છોડ
કાંઠો - કિનારો
કાઠો - કઠણ,સહનશીલ
દંડો - લાકડી
દડો - રમવાનો દડો
રાંડ - વિધવા

રાડ - બુમ
બંડી - ગંજી
બડી - મોટી
બાંદી - ગુલામ સ્ત્રી
બાદી - કબજીયાત
ભોંય - જમીન
ભોય - એક જાતિ
સીંધી - એક જાતિ
સીધી - સરળ
પીંડ - દેહ
પીડ - પીડા
ધાંધલ - ધમાલ
ધાધલ - એક અટક
લંગાર - મુકામ
લગાર - થોડુ
કાંપ - નદીની ફળદ્રુપધુળ
કાપ - કાપવું,એક ઘરેણું

જોડણી

નીતિમત્તા	સ્થિતિ	ઈન્સ્પેકટર
સ્વાભાવિક	સારથિ	પ્રીતિપાત્ર
નિર્માણ	દીકરી	લિખિતંગ
જાગૃતિ	ત્રિરંગો	હોંશિયારી
પૃથ્વીપતિ	પ્રવૃત્તિ	નિયમિત
વૃષ્ટિ	અધિવેશન	પરિસ્થિતિ
પરીક્ષા	વિરુદ્ધ	નિશ્ચય
પુરુષ	બિરુદ	મ્યુનિસિપાલિટી
અસ્તિત્વ	કુમારિકા	કારકિર્દી
અંતર્ધાન	વિચિત્ર	આશીર્વાદ
ધૂળધાણી	પેટિયુ	દીનદુઃખીયા
અધિપતિ	વટસાવિત્રી	મૂંઝાવું
ચડિયાતા	સંક્રાંતિ	સૃષ્ટિ
નિષ્પક્ષપાત	નિર્દોષ	સૂનુ
ફરિયાદ	ઉત્કર્ષ	ભૂતળ
ન્યાયાધીશ	શિષ્યવૃત્તિ	બ્રહ્માનંદ
સંજોગવશાત્	વિદ્યાધિકારી	રુક્મિણી
	મૂંઝવણ	તુંબીપાત્ર

★ *સ,શ,ષ થી થતો અર્થભેદ*

અંસ-અંશ	દોશી-દોષી	શાન-સાન	શાપ-સાપ	સમ-શમ	સેર-શેર
કેસ-કેશ	પાસ-પાશ	સકલ-શકલ	સાર-શાર	સંકર-શંકર	સકૃત-શકૃત
કોસ-કોશ	મેશ-મેષ	સાન્ત-શાન્ત	સાલ-શાલ	સ્વજન-શ્વજન	શાળ-સાળ

(ક)સંક્ષેપો

અ. સૌ.- અખંડ સૌભાગ્યવતી
અ.નં.- અનુક્રમ નંબર
આઈ.ક્યુ. - ઈન્ટેલીજન્ટ કવોશન્ટ
ઈ.સ. - ઈસ્વી સન્
વિ.સં. - વિક્રમ સંવત
ઉદા. ઉદાહરણ તરીકે
એ.વ. - એક વચન
બ.વ. - બહુવચન
વ.કા. - વર્તમાનકાળ
ભ.કા. - ભવિષ્યકાળ
ભૂ.કા. - ભુતકાળ
ચા.વ.કા.- ચાલુ વર્તમાનકાળ
એમ.પી. - મેમ્બર ઓફ પાર્લામેન્ટ
એમ.એ. - માસ્ટર ઓફ આર્ટસ
એમ.કોમ. - માસ્ટર ઓફ કોમર્સ
એમ.એસ.સી. - માસ્ટર ઓફ સાયન્સ
એલ.એલ.બી. - બેચલર ઓફ લો
બી.કોમ. - બેચલર ઓફ કોમર્સ
બી.એ. - બેચલર ઓફ આર્ટસ

બી.એસ.સી. - બેચલર ઓફ સાયન્સ
એસ.એસ.સી. - સેકન્ડરી સ્કુલ સર્ટીફીકેટ
પ્રા. શિ. - પ્રાથમિક શિક્ષણ
મા. શિ. - માધ્યમિક શિક્ષણ
એસ.પી. - સુપ્રિન્ટેન્ડેટ ઓફ પોલીસ
ડી.એસ.પી.-ડીસ્ટ્રીક સુપ્રિન્ટેન્ટ ઓફ પોલીસ
પી.એસ.આઇ. - પોલીસ સબ ઈન્સ્પેકટર
એલ.આઈ.સી.- લાઈફ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન
ડી.ઇ.ઓ. - ડીસ્ટ્રીકટ એજ્યુકેશનલ ઓફિસર
આઈ.એ.એસ.- ઈન્ડીયન એડમિનિસ્ટ્રેટીવ સર્વીસ
પી.ટી.આઇ. - પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા
પી.ટી.સી. - પ્રાયમરી ટીચર્સ સર્ટીફીકેટ
યુ.એસ.એ. - યુનાઈડેટ નેશન્સ ઓફ અમેરીકા
જી. વી.કો. - જીવન વિમા કોર્પોરેશન
ઓ.કે. - ઓલ કરેકટ
ઈ.આઇ. એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર
વી.પી.પી. - વેલ્યુએબલ બાય પોસ્ટ
બી.બી. સી.- બ્રિટિસ બ્રોડકાસ્ટીંગ કોર્પોરેશન
એમ.એલ.એ.- મેમ્બર ઓફ લેજિસલેટીવ એસેમ્બલી
એ.આઇ.સી. - એર ઈન્ડીયા કોર્પોરેશન
એન. સી.સી. - નેશનલ કેડેટ કોર્સ
પી.ડબલ્યુ.ડી.(પ.વ.ડી.)- પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટ
એ.પી. - એસોસિયેટેડ પ્રેસ
કા.પા. કાળુ પાટિયુ
કિ.ગ્રા. કિલો ગ્રામ
કિ.મી. કિલો મીટર
કુ. કુમારી
ગં. સ્વ.- ગંગાસ્વરુપ
સ્વ. - સ્વર્ગસ્થ
અ.નિ.- અક્ષરનિવાસી
પ.પૂ. - પરમપૂજ્ય
ચિ. - ચિરંજીવી
જી.પી. ઓ. - જનરલ પોસ્ટ ઓફિસ
જી.એમ. - જનરલ મેનેજર

જ.ર. - જનરલ રજીસ્ટર
જા. ખ. - જાહેર ખબર
જિ. - જિલ્લો
ટ.ખ. - ટપાલ ખર્ચ
ટે.નં. - ટેલીફોન નંબર
ટી.એ. - ટ્રાવેલીંગ એલાઉન્સ
ડી.એ. - ડીઅરનેસ એલાઉન્સ
ઠે. - ઠેકાણું
તા.ક. - તાજા કલમ
તા.- તારીખ, તાલુકો
દા.ત. - દાખલા તરીકે
દિ.- દિનાંક
પી.ટી.ઓ. - પ્લીઝ ટર્ન ઓવર
પી.ટી. - ફીઝીકલ ટ્રેનીંગ
પો.બો.નં. - પોસ્ટ બોકસ નંબર
મ.ઓ. - મનીઓર્ડર
મે. - મહેરબાન
મ.શિ. - મદદનીશ શિક્ષક
મુ.શિ. - મુખ્ય શિક્ષક
યુ.કે. - યુનાઈડેટ કિંગ્ડમ
રા.રા. - રાજમાન રાજેશ્રી
લા.નં.- લાયસન્સ નંબર
રૂ. - રૂપીયા
વી.સી. - વાઈસ ચાન્સેલર
ઉ.પ્ર. - ઉત્તર પ્રદેશ
મ.પ્ર. - મધ્ય પ્રદેશ
ઉ.ગુ. - ઉતર ગુજરાત
ડો. - ડોકટર, તબીબ
સી.એમ. - ચીફ મિનિસ્ટર
પી.એમ. - પ્રાઈમ મિનિસ્ટર
પી.એ.- પર્સનલ સેક્રેટરી
એચ.એમ. - હેડમાસ્તર
કં.- કંપની
મુ. - મુકામ

ખંડ -૬ શબ્દાર્થ

વિશ્વ - દુનિયા
ઠાઠડી - અર્થી
સંભારણું - યાદગીરી
સોબત - મૈત્રી
સોગિયો - ગમગીન
વેગળા - દૂર
સત્વ - બળ
ખાતર - માટે
ઉત્કર્ષ - ઉન્નતિ
રઢિયાળો - મનમોહક
મલક - પ્રદેશ
ભેળો - સાથે
ઝળકે - ચમકે
વાયરો - પવન
વીંજણો - પંખો
શેઢો - સીમા
કમ - ઓછું
હરાયુ - રખડું
સોટી - લાકડી
ખારીલા - ઝેરીલા
ગભરુ - કોમલ
છીંડું - બાંખોરુ
જમ - યમ
લિખિતંગ - લખનારા
નિષ્ઠા - શ્રદ્ધા
ક્ષેત્ર - વિષય
લક્ષ્ય - ધ્યેય
લોથ - ઢીલોઢસ
શ્રમ - મહેનત
પાડાબળ - શરીરબળ
સ્મરણ - યાદ
છેક - તદ્દન
માવજત - સારવાર
સીનાવાળા-છાતીવાળા

સર્જનહાર - બ્રહ્મા
પળપળ - દરેક ક્ષણ
બાહોશ - હોંશિયાર
પૂજારી - પૂજા કરનાર
અધીરા - વ્યાકુળ
હિમાયત - તરફેણ
ચુમીઓ - ચુંબનો
રઝળપાટ - દોડાદોડી
કર્કશતા - કઠોરતા
અધર્મવચન - પાપવચન
દેશદેશાવર - દેશપરદેશ
ઉદરનિર્વાહ - પેટ ગુજારો
સારથિ - રથ હાંકનાર
અધિપતિ - સ્વામી
નેળ - સાંકડો રસ્તો
આહાર - ભોજન
વિહ્વળ - વ્યાકુળ
દીન - લાચાર
પાલવે - પોસાય
સન્મુખ - સામે
અસ્તિત્વ - હયાતિ
મૂહુર્ત - શુભ દિવસ
અણિયાળી - ધારદાર
દરખાસ્ત - પ્રસ્તાવ
સથવારો - સંગાથ
સોડમાં - પડખામાં
ગમગીન - ઉદાસ
ઋણી - આભારી
તારીફ - વખાણ
લુચ્ચુ - ચાલાક
મહિમા - યશ
ગગન - આકાશ
પારધી - શિકારી
પૂર્વ - અગાઉ
જખમ - ઘા
દોષ - ખામી

યશ - કીર્તિ
શીલ - ચારિત્ર્ય
મૃદુ - કોમળ
અશ્વ - ઘોડો
પૂરણ - સંપૂર્ણ
નાસિકા - નાક
રુડા - સુંદર
કૌતુક - આશ્ચર્ય
વાઘો - ડગલો
તોતળું - તોતડું
ભ્રાત - ભાઈ
પાર્થ - અર્જુન
ધાઈ - દોડીને
ઠામ - ગામ
વાસ - રહેઠાણ
વટ - ટેક
અંગરખું - કેડિયું
કમાઈ - કમાણી
બિરાજે - શોભે
ગરથ - પૈસા
લેશ - જરાપણ
છાંડી - છોડી
પરિવાર - કુટુંબ
અધિવેશન - બેઠક
ધારાશાસ્ત્રી - વકીલ
મોકળાશ - છૂટ
જોશ - તાકાત
પ્રતીક્ષા - રાહ
ચડવણી - ઉશ્કેરણી
તકરાર - ઝઘડો
ખુશ્બૂ - સુગંધ
નમણો - સુંદર
શિખર - ટોચ
ભવાં - ભ્રમર
અવધૂત - વૈરાગી
દીઠી - જોઈ

એક્કો - કુશળ
ચબરાક - ચંચળ
મહત્તા - પ્રભાવ
કોઢ - ગમાણ
ભાથું - ભાતુ
એદી - આળસુ
મોભો - દરજ્જો
નિર્મળ - શુદ્ધ
મેદની - ભીડ
ધમાલ - ધાંધલ
વડવા - પૂર્વજો
ઉમદા - સુંદર
કોમ - જાતિ
મડદું - શબ
અકારાં - અપ્રિય
વિષાદ - દુઃખ
વ્યથા - પીડા
અસ્થિ - હાડકાં
લોચન - આંખ
સાયબી - વૈભવ
સંગ્રામ - યુધ્ધ
ડોક - ગળું
મમતા - વાત્સલ્ય
આતુર - તૈયાર
ધગશ - ખંત
લગાવ - રુચિ
કમને - અનિચ્છાએ
સંપર્કમાં - પરિચયમાં
પુરવઠો - જથ્થો
આદેશ - હુકમ
નિર્ધાર - નિશ્ચય
શાણો - સમજુ
જાચવું- માગવું
તાત - પિતા
નિજ - પોતાનું
સંલાપ - સંવાદ

શોર - અવાજ
બ્હોળું - મોટું
કેર - જુલમ
અંદેશો - વહેમ
આતુર - અધીરો
અમસ્તું - નકામું
ધુસરી - ધુરા
આતુર - અધીરો
કલ્યાણ - ભલુ
ઉજળા - ચોખ્ખા
તોરથી - અભિમાનથી
ઠઠારો - ભભકો,ઠાઠ
ગતાગમ - સમજણ
ઠઠ - ભીડ
નવરા - બેકાર
સર્પ - સાપ
નામની - નજીવી
રોતલ- ઉદાસ
પ્રયોજક - નિર્માતા
ઈત્યાદિ- વગેરે
વૃથા - નકામુ
ઉપસ્થિત - હાજર
ડીલ - શરીર
બેડોળ - કદરુપુ
પાળી - છરી
સજ્જ - તૈયાર
પ્રતિસ્પર્ધી - હરિફ
અધીરાઇ - ઉતાવળ
પોકાર -બુમ
વિમાસણ - મુંઝવણ
પરવા - દરકાર
બીભત્સ-ખરાબ
અધમ - હલકો
કાંધ - ખંભો
સ્તબ્ધ - ચૂપ
સ્વાંગ- વેશ

વાઘા - વસ્ત્રો
મહી - દહીં
કોટે - ડોકે
પિત્રાઈ - કાકાના પુત્ર
તિરછી - ત્રાંસી
લાજ - આબરુ
સુરતા - ધ્યાન
સંહારવુ- મારવું
પાંચાલી - દ્રોપદી
કર - હાથ
પાવરધા - કુશળ
અવસાન - મૃત્યુ
રળવું - કમાવું
મથામણ - ચિંતન
ખચકાતો - અચકાતો
સધિયારો - સહારો
પ્રમાદ - બેદરકારી
પરગજુ - પરોપકારી
લગની - ધુન
જબરો - મોટો
પ્રકાશ - જ્ઞાન,પ્રેરણા
ઘણ - ગાયોનુ ટોળુ
સોજી - સારી
રાંક - ગરીબ
દેદાર - દેખાવ
વડો - મોટો
પડઘા - પ્રતિધ્વનિ
વિકટ - ગીચ
અવસર - પ્રસંગ
ત્રાડ - ગર્જના
ઝુંડ - સમુહ
ધ્વનિ - અવાજ
ઠામેઠામ - દરેક સ્થાને
ઠેકતો - છલાંગ મારતો
હામ - હિમત
ગર્વ - અભિમાન

ખંડ -૭ પર્યાયવાચી શબ્દો

તરુ - ઝાડ
ગિરિ - પહાડ
વદવું - બોલવું
આદરી - શરુ કરી
વાર્યા - રોક્યા
અંતરિક્ષ- આકાશ
સમર્થ - શકિતશાળી
ચેષ્ટા - અભિનય
રુચવું - ગમવું
નેત્ર - આંખ
સેતુ - પુલ
ઉદધિ - સમુદ્ર
સમીપ - નજીક
ગુપ્તચર - જાસુસ
તકલીફ - કષ્ટ,દુઃખ
વિવેકી - વિનયી
સાર્થકતા - ધન્યતા
છેલબટાઉ - શોખિન
વર્ણાગીયો - નખરાળો
વેણ - વચન
પરચો - ચમત્કાર
વૈભવ - સંપત્તિ
વિકરાળ - પ્રચંડ
ઘુઘવાટ - ગર્જના
સુજાણ - સમજુ
અભાવ - ઉણપ
વૈરાગ્ય - ઉપેક્ષા
ભાવ - લાગણી
જળાશય - સરોવર
પ્રતીતિ - ખાતરી
દમામ - રુઆબ
ધૂમ - ધુમાડો
અભિમત - ગૌરવપૂર્ણ
વેળ - ભરતી
અવાક્ - મૌન
સાંગ - બરછી

આંખ - નયન,લોચન
બચપણ - બાળપણ,શૈશવ
પ્રતિષ્ઠા- આબરૂ,ઈજ્જત
ચબરાક - ચપળ,ચંચળ
રમત - ખેલ,ક્રિડા
શિક્ષણ - અભ્યાસ,ભણતર
ભવા - ભ્રમર,ભ્રકુટિ
અસ્થિ - હાડકું,હાડ
ગાય - સુરભિ,ધેનુ
ઓલાદ - સંતાન,બાળક
બા - મા,જનની,માતા
સ્મૃતિ - યાદગીરી,સ્મરણ
દીકરી - પુત્રી,બેટી
સોહામણું - સુંદર,આકર્ષક
રગ - નસ,રક્તવાહિની
રક્ત - લોહી,શોણિત
મુખ - મોઢુ,ચહેરો,વદન
માણસ - મનુષ્ય,માનવ
મુસીબત - આફત,સંકટ
હાનિ - નુકસાન,ગેરલાભ
નિચોડ - સાર,મર્મ
ઉત્કર્ષ - ઉન્નતિ,વૃદ્ધિ
સોબત - સંગ,સાથ
વૃક્ષ - ઝાડ,તરુ
પથ્થર - પાષાણ,પહાડ
શત્રુ - દુશ્મન,અરિ
આઝાદી - સ્વતંત્રતા,મુક્તિ
ધરતી - પૃથ્વી,જમીન
શાળા - વિદ્યાલય,નિશાળ
ઉંબી - કણસલુ,ડૂંડૂં
વાયરો - પવન,સમીર
હાથ - કર,બાહુ,હસ્ત
મડદુ - શબ,મૃતદેહ
તારીફ - પ્રશંસા,વખાણ
મહેમાન-અતિથિ,પરોણો

દોષ - વાંક,દુર્ગુણ
પ્રયત્ન - કોશિશ,પ્રયાસ
બીક - ડર,ભય
અશ્વ - ઘોડો,તુરગ
છૂપું- ગુપ્ત,છાનુ
કંઠ - ગરદન,ડોક
કજિયો-ઝઘડો,તકરાર
ઉપરણું - પછેડી,ખેસ
કપિ - વાંદરો,મર્કટ
વાટ - રસ્તો,પથ
સોનુ- સુવર્ણ,કનક
પેરે-પેઠે,માફક
કપાળ - ભાલ,લલાટ
લજ્જા - લાજ,શરમ
ઈનામ - ભેટ,પુરસ્કાર
સૂર્ય - સુરજ,રવિ,ભાનુ
કમળ - પંકજ,પદ્મ
ઋણ - દેવુ,કરજ
વહાલ - વાત્સલ્ય,સ્નેહ
કપાળ - ભાલ,લલાટ
લજ્જા - લાજ,શરમ
ઈનામ - ભેટ,પુરસ્કાર
દીકરી - પુત્રી,બેટી
ધ્વજ - ઝંડો,વાવટો
વહારે- મદદે,સહાયમાં
સારવાર - ચાકરી,સેવા
જોશ - શક્તિ,તાકાત
શાન - ગૌરવ,પ્રતિષ્ઠા
વિશ્વ - જગત,સૃષ્ટિ
ગગન - આકાશ,વ્યોમ
બાળક - શિશું,ભૂલકું
શરીર - દેહ,કાયા
વિહ્વળ - વ્યાકુળ,વ્યગ્ર
રાજા - નૃપ,ભૂપ
આંખ - નયન,લોચન
ગુનો - અપરાધ,દોષ

મૂર્ખ - બેવકૂફ,કમઅક્કલ
અવાજ - રવ,ધ્વનિ
પ્રાણ - જીવ,જાન
લોહી - રક્ત,રુધિર
પ્રસંગ - બનાવ,ઘટના
પુષ્પ - ફૂલ,સુમન
કૃપા - દયા,મહેરબાની
હદય - દિલ,અંતર
હોંશ - ઉત્સાહ,ઉમંગ
મસ્તક - માથું,શિશ
વૃથા - નકામુ ,નિષ્ફળ
વૃષભ- બળદ,પોઠિયો
ગોરી - પાર્વતી,ઉમા
શાણો - સમજુ,ડાહ્યો
ખેડ - ખેતી,કૃષિ
ચાસ - કાપા,આરા
ચિંતા - વિચાર,ફિકર
મોભો - પ્રતિષ્ઠા,આબરૂ
પંખી - પક્ષી,વિહગ
જંગલ - વન,અરણ્ય
કાંઠો - કિનારો,તટ
પત્ર - કાગળ,ખત
ઉમદા- સારા,શ્રેષ્ઠ
રાજી - ખુશ,પ્રસન્ન
પારંગત - પ્રવીણ,કુશળ
પ્રણામ - નમસ્કાર,વંદન
ગુરુ - શિક્ષક,અધ્યાપક
ફાળ - ધ્રાસ્કો,ડર
કુમળું - મૃદુ,મુલાયમ
શ્રદ્ધા - આસ્થા,વિશ્વાસ
સામર્થ્ય - શક્તિ,પહોંચ
ધગશ - ખંત,ઉત્સાહ
પ્રભુ - ઈશ્વર,ભગવાન
રસ્તો - માર્ગ,રાહ
જેલ - કેદ,કારાગૃહ
રંજ - ખેદ,અફસોસ

કેળવણી - તાલીમ,શિક્ષણ
માવજત - સારવાર,સંભાળ
નિશ્ચય - નિર્ણય,નિર્ધાર
દોસ્ત - મિત્ર,ભાઈબંધ
બહેનપણી - સખી,સાહેલી
ઉત્કંઠા - જિજ્ઞાસા,આતુરતા
બલા - ભુત,પીડા આપનારું
પડકાર - લલકાર,આહવાન
અધીરો - ઉતાવળો,આતુર
આળ - આરોપ,તહોમત
જોકર - ફારસિયો,વિદૂષક
ભાઈબંધી - દોસ્તી,મિત્રાચારી
જળ - પાણી,નીર,સલીલ
વડવા - પૂર્વજ,બાપદાદા
નવાઈ - આશ્ચર્ય,અચરજ
ખેડુત - કૃષિબલ,કિસાન
બડાઈ - ડંફાશ,શેખી
કલ્યાણ - ભલું,શુભ
ઉછાંછળાં - ઉદ્ધત,અસભ્ય
કીર્તિ - નામના,ખ્યાતિ
પંક્તિ - કતાર,હાર
નારી - સ્ત્રી,મહિલા
અલંકાર-આભૂષણ,ઘરેણુ
અસાધારણ-અસામાન્ય,વિશિષ્ટ
કોડ - અભિલાષા,અરમાન
ટાઢક - ઠંડી,શીતળતા
નિયત - નિશ્ચિત,ચોક્કસ
અરજી - વિનંતી,વિજ્ઞપ્તિ
શંકર - શિવ,મહાદેવ
સધિયારો - ટેકો,આધાર
ઘર - ગૃહ,રહેઠાણ,ભવન
લગની - ધુન,રટણા
બલીદાન - ભોગ,કુરબાની
ખંત - કાળજી,ચીવટ
વાર્તા - કથા,કહાણી
આશરો - અડસટ્ટો,આધાર

શિખામણ - સલાહ,શીખ
કોમળ - પોચું,મુલાયમ
બારણુ - દ્વાર,દરવાજો
ભભક - ચકળાટ,તેજ
ઓરડો - ખંડ,કક્ષા
દામ - પૈસા,ધન
ઉલ્લાસ - ઉત્સાહ,આનંદ
યાતના - વેદના,પીડા
ક્ષુલ્લક - મામુલી,તુચ્છ
જટિલ - કઠિન, અઘરું
વ્યાજબી - યોગ્ય,ઉચિત
વડીલ - મુરબ્બી,મોટેરાં
વિષાદ - દુઃખ,ખેદ
ઉગ્ર - ક્રોધી,ખીજાળ
બાઘો - મૂર્ખ,અબુધ
કષ્ટ - દુઃખ,પીડા
કર્મ - કામ,કાર્ય
માતબર - સમૃદ્ધ,ગંજાવર
ભાવિ - ભવિષ્ય,નસીબ
પોશાક - વસ્ત્રો,કપડાં
ચરણ - પગ,પદ
બાગ - બગીચો,ઉધાન
ધમાલ - ધાંધલ,તોફાન
સિકલ - મુખ,ચહેરો
ચીવટ - કાળજી,સંભાળ
રસપ્રદ - રસિક,રસદાયક
શૈશવ - બાળપણ,બચપણ
રાત્રિ - નિશા,રજની
ધોરી - નંદી,બળદ
પ્રસન્ન - ખુશ,આનંદીત
પ્રવાસ - યાત્રા,સફર
પર્વત - પહાડ,ગિરિ
જગ - જગત,દુનિયા
અમી - અમૃત,પીયુષ
લ્હાણ - ભેટ,બક્ષિસ
શાનદાર - ભવ્ય, આકર્ષક

કાબેલ - હોશિયાર,પારંગત
હેતુ - આશય,ઉદેશ
ઉત્કૃષ્ટ - ઉત્તમ,શ્રેષ્ઠ
અપરાધ - ગુનો,કસુર
પગથી - પગદંડી,કેડી
ઊણી - ઓછી,અલ્પ
દરિયો - સાગર,સમુદ્ર
સૌરંભ - સુગંધ,મહેક
જાજરમાન - ભવ્ય,શાનદાર
ખેરાત - દાન,ભેટ
ઉદ્યોગ - પ્રવૃતિ,ધંધો
વસાહત - સંસ્થા,વસ્તી
સંસાર - દુનિયા,જગત
લાડીલા - લોકપ્રિય,વહાલા
અંતેવાસી - શિષ્ય,વિદ્યાર્થી
કિલ્લોલ - આનંદ,ઉલ્લાસ
મૃગ - હરણ,સારંગ
ધરપત - ધીરજ,ધૈર્ય
શોક - દુઃખ,વેદના
કાળ - મૃત્યુ,મરણ
રૂબરૂ - મોઢામોઢ,પ્રત્યક્ષ
જતી - યોગી,મુનિ
મેદની - ભીડ,ટોળું
તેજ - ઉજાસ,પ્રકાશ
વર્ષ - વરસ,સાલ
ઠોઠ - ઢ,જડ
દુઃખ - આપત્તિ,વિપત્તિ
ચીવટ- સાવચેતી, કાળજી
ઝાંખુ - આછુ,નીસ્તેજ
ભુમિ - ધરીત્રી,ભુ
બુધ્ધિ - અક્કલ ,મતિ
દિકરો - પુત્ર,સુત
પધ્ધતિ - રીત,શૈલી
હોશિયાર - કુશળ,નિપુણ
ભુલ - ક્ષતિ,ખામી
ઈચ્છા - આકાંક્ષા,કામના

ખંડ - ૮ રૂઢિપ્રયોગો

દયાનો છાંટોન હોવો - અત્યંત નિર્દય હોવું.
પ્રાણ પાથરવા - બીજા માટે પોતાનો જીવ આપવો
જીવતર ધૂળ ધાણી થઈ જવું - જીવન બરબાદ થઈ જવું.
જીવતા મૂઆ જેવા હોવું - જીવન વ્યર્થ હોવું.
હદ આવી જવી - મર્યાદા આવી જવી
ફના કરવું - કુરબાન કરવું.
અંતર્ધાન થઈ જવું - અદ્રશ્ય થઈ જવું
સ્તબ્ધ થઈ જવું - આશ્ચર્યમાં ગવકાર થઈ જવું
કમર બાંધવી - અધરુ કામ કરવા તૈયાર થઈ જવું
પાલવવુ નહિ - પોસાવુ નહી
જીવ્યામાં સાર ન હોવો - જીવનમાં કોઈ હેતુ કે લાભ ન હોવો
ઋણી હોવું - ઉપકારવશ હોવું
મન તલપી રહેવું - જીવ અધીરો બની જવો
ઝૂરી ઝૂરીને મરી જવું - વિરહ સહન ન થવાથી પ્રાણ આપી દેવા
નીચી મૂંડી રાખવી - શરમમાં માથુ નીચે ઢાળી દેવું
હિમાયત કરવી - તરફદારી કરવી
બરખાસ્ત થઈ જવું - વીખરાઈ જવું
ઝઘડો પતાવવો - ન્યાય કરવો
હાથ તાળી આપવી - થાપ મારીને નાસી જવું
વહારે ધાવું- મદદે જાવું
જોર શોરથી મંડી પડવું - તમામ શક્તિ વાપરવી
ચકિત થઈ જવું - ખૂબ આશ્ચર્ય પામવું
ઋણ ફેડવું - કરજ ચૂકવવું
સૂર પુરાવવો - સમર્થન કરવું
શરીર નંખાઈ જવું - શરીર ક્ષીણ થઈ જવું
ગમ પડવી - સમજણ પડવી
વળતાં પાણી થવા - સારા થવું
નમતુ મૂકી દેવું - શરણાગતિ સ્વીકારવી
કળ વળવી - નિરાંત થવી
જીવ ન ચાલવો - હિંમત ન ચાલવી
ચારહાથ વાળા થવું - લગ્ન કરવા
વાત ઉડાડી દેવી - વાત ટાળી દેવી

ગાફેલ - અસાવધ,પ્રમાદી
મુક્તિ - છુટકારો, મોક્ષ
નિરાશ - હતાશ,ઉદાસ
હરીફાઇ - સ્પર્ધા,સરસાઇ
પશ્ચાત્તાપ - પસ્તાવો,ખેદ
ટેક - પ્રતિજ્ઞા,પણ
ફોગટ - વ્યર્થ,મિથ્યા
મોજ - આનંદ,હર્ષ
વેણ - વચન,બોલ
હામ - હિંમત,હોંશ
જસ - યશ,કીર્તિ
સંકટ - આફત,વિઘ્ન
ફતેહ - વિજય, જીત
શત્રુ - દુશ્મન, અરી
મજબુત - દૃઢ,સાબુત
ડીલ - શરીર,કાયા
રાંક - ગરીબ,કંગાળ
કટક - લશ્કર,સૈન્ય
મીટ - નજર,દ્રષ્ટિ
ગઢ - કિલ્લો,કોટ
ફડકો - ભય,બીક
પ્રતિકૃતિ - છબી,તસ્વીર
સંયોગ - મેળાપ,મિલન
અવાજ - શબ્દ,ધ્વનિ
યુધ્ધ-લડાઈ,સંગ્રામ
શક્તિ-તાકાત,બળ
હૈયુ - દિલ,હદય
સ્વર્ગ - દેવભુમિ,જન્નત
ઘેલુ - ગાંડુ,પાગલ
નિર્મળ - વિમળ,સ્વચ્છ
ઈલાજ - ઉપચાર,સારવાર
વાત્સલ્ય - પ્રેમ,વહાલ
ઉનાળો - ગ્રીષ્મ,નિદાધ
કેતુ - ચિહ્ન,નિશાન
પર્વત - ગિરિ,પહાડ
રાત - રજની,નિશા

પાશેરામાં પહેલી પુણી - શરૂઆત કરવી
શ્રાવણ ભાદરવો વરસવો - ખૂબ રડવું.
પડકાર કરવો - વીરતાથી સામો જવાબ આપવો
કૂખ લજાવવી - માની આબરૂ ધૂળમાં મેળવવી
અવતાર ઉજાળવો - જન્મ સાર્થક કરવો
છુટ લેવા ન દેવી - સ્વતંત્રતા ન આપવી
રામ બાણ ઈલાજ - નિષ્ફળ ન જાય તેવો ઉપાય
પડાપડી થવી - ધક્કા મુક્કી થવી
હાથ લાંબો કરવો - મદદની માંગણી કરવી
ધમપછાડા કરવા - છુટવાનો પ્રયત્ન કરવો
મોઢુ ચઢાવવું - નારાજગી બતાવવી
વેગળા રહેવું - દૂર રહેવું
નિચોડ આપવો - સાર આપવો
વાત પચાવવી - વાત સારી રીતે સમજાવી
જાત ઘસી નાંખવી - તનતોડ મહેનત કરવી
પગ ઉપાડવા - ઝડપથી ચાલવું
ટાપસી પુરવી - ચાલતી વાતને ટેકો આપવો
સાત ગળણે ગળવું - ખૂબ જ ચોક્કસાઈ કરવી
નાક રહેવું - આબરૂ જળવાવી
કાટલું કાઢી નાખવું - સફાયો કરવો, મારી નાખવું
માઝા મુકવી - મર્યાદા બહાર જવું
લગની લાગવી - ધૂન લાગવી
ગળથુથીમાથીં મળવું - જન્મ કે બાળપણથી મળવું
કાને પડવું - સાંભળવું
એલાન આપવું - આદેશ આપવો
ટાઢ તડકો વેઠવો - મુશ્કેલીઓ સહન કરવી
પાર પડવું - સફળ થવું
ભાંગી પડવું - નિરાશ થઈ જવું
હોમી દેવું - મૃત્યુના મુખમાં ધકેલી દેવું
બડાઈ મારવી - મોટીમોટી ખાલી વાતો કરવી.
આળ ચડાવવું - આરોપ કે તહોમત મૂકવું
ફાટી આંખે જોવું - દુઃખ કે આશ્ચર્યથી જોવું
ઉતારી પાડવું - અપમાનિત કરવું
જીભ વધવી - જેમ તેમ બોલવું
ખોટ સાલવી - ની ગેરહાજરી ડંખવી
હૈયે આવવું - યાદ આવવું

વેળુ - રેતી,વાલુકા
ગમ્મત - રમુજ,વિનોદ
વિજળી - વીજ,વિદ્યુત
સફેદ - શ્વેત,ધવલ
માથું - મસ્તક,શિર
સડક - માર્ગ,રસ્તો
જીદી - જક્કી,હઠીલું
હળવું - હલકું,ફોરું
ધનુષ્ય - કામઠું,ચાપ
તડકો - આતપ,તાપ
ચરણ - પદ,પાદ.
નક્કર - ઘન,સંગીન
મન - ચિત્ત,માનસ
અલગ - ભિન્ન,જુંદું
ગરીબ - દીન,દરિદ્ર
પક્ષી - ખગ,વિહગ
પાણી - સલિલ,ઉદક
કરુણા - દયા,અનુકંપા
દિવસ - દહાડો,દિન
રીંછ - ઋક્ષ,ભાલુ
વાવટો - ધજા,ધ્વજ
અડીખમ - શુરવીર,ધીંગું
છાનો - શાંત,ચુપ
નાતો - સબંધ,મેળ
નાશ - વિનાશ,સંહાર
માટી - મટોડી,મૃત્તિકા
કિંમત - મૂલ્ય,મોલ
નિર્દય - નિષ્ઠર,બેરહમ
બહેન - ભગિની,સ્વસા
દવા - ઔષધ,ઓસડ
વસ્તુ - ચીજ,જણસ
નિયતિ - દૈવ,ભાગ્ય
તહેવાર - ઉત્સવ,પર્વ
ઊણપ - ઓછપ,ખામી
કિસ્મત - નસીબ,ભાગ્ય
વિવાહ - લગ્ન,પાણીગ્રહણ

ઓછુ આવવું - મન દુભાવું
રમત વાત હોવી - ખુબજ સહેલુ કાર્ય હોવું
ખાંડ ખાવી - મિથ્યાભિમાનમાં વ્યર્થ ફુલાવું
વિસામણમાં પડવું- મુંઝાઈ જવું
માત થવું - હારી જવું
વાતોના વડા કરવા - અર્થ વગરની વાતો કરી સમય બરબાદ કરવો
ઓડનુ ચોડ વેતરાઈ જવું - ગેરસમજણ થવી
વખાના માર્યા - સંકટને કારણે
હૈયાધારણ આપવી - આશ્વાસન કે સાંત્વન આપવું
પાછા ન પડવું - નાસીપાસ ન થવું
કામચોરી ન કરવી- કામ કરવામા ઉપેક્ષા ન બતાવવી
કોઈને ભારે ન પડવુ - કોઈને બોજારૂપ ન બનવું
દુધમાં સાકર ભળે તેમ ભળી જવું - હળીમળીને રહેવું
એકીટશે જોઈ રહેવું - તાકી તાકીને જોવું
પોરો ખાવો - થાક ઉતારવા થોડો આરામ કરવો
ખડે પગે જોવું- આતુરતા કે અધીરાઈથી જોવું
મોટે ઉપાડે જવું - ખુબ ડોળ કે દેખાવ કરીને જવું
મનની પાટી કોરી હોવી - મન પર કોઇ છાપ ન હોવી
વજ્રપાત થઇ જવો - ઘોર વિનાશ થઇ જવો
હા મા હા મેળવવી - દરેક વાતમાં સહમત થવું
નિકંદન કાઢવું - જડમૂળથી સંહાર કરવો
મનનુ સમાધાન થવું નહી - મન દ્વારા સ્વીકાર ન થવો
રૂવાંડુંય ફરકવું નહીં - જરાય અસર ન થવી
રોમેરોમમાં અગ્નિ પ્રગટવો-ગુસ્સાથી ધૂંવાપુવા થઇ જવું
રોળી નાખવું - નષ્ટ કરી દેવું
ફુલફટાક થઈને ફરવું - ટાપટીપ કરીને ફરવું
અમલ ચલાવવો - હુકમ કરવો
વૈભવમાં આળોટવું - મોજશોખ ભોગવવા
ચોટલી બાંધીને ભણવું - અભ્યાસમાં તલ્લીન થઇ જવું
ધુળ ચાટતા થઇ જવું - નાશ થવો
લુણો લાગવો - ક્ષતિ પહોંચવી
મેખ મારવી - દ્રઢ કરવું
ઘર ભરવું - સંપત્તિ એકઠી કરવી
ભાત પડવી - જુદા તરી આવવું
રસ્તો કરવો - માર્ગ કાઢવો

ઊંડાણ - ગહનતા,ઊંડાઇ
આરામ - વિશ્રામ,વિરામ
ખીલવું - ફાલવું,વિકસવું
ખુશ્બુ - સુગંધ,સુવાસ
વખાણ - પ્રશંસા,સ્તુતિ
પૈસા - અર્થ,ધન
અગ્નિ - અનલ,આગ
વિનંતી - વિનવણી,અનુનય
ટેલીફોન દુરધ્વનિ,દુરભાષ
સૌરભ - પરિમલ,સુવાસ
ઘા - જખમ,વ્રણ
આખું - અખીલ,નિખીલ
વાચાળ - બહુબોલુ,બોલકુ
બેફિકર - નચિંત,નિશ્ચિંત
ચોંખ્ખુ - વિમળ,નિર્મળ
બ્રામણ - વિપ્ર,ભુદેવ
નામ - સંજ્ઞા,અભિધાન
પ્રકૃતિ - કુદરત,નિસર્ગ
ભેંકાર - બિહામણું,ભયંકર
હમણા - અત્યારે,હાલમાં
નીરાકરણ - ઉકેલ,સમાન
નગર - પુર,શહેર
અરીસો - આરસી,દર્પણ
બેબાકળુ - અસ્વસ્થ,બેચેન
આશિષ - આશીર્વાદ,દુઆ
આભ - આકાશ,આસમાન
કારીગરી - ચતુરાઇ,ઉસ્તાદી
સહજ - કુદરતી,સ્વાભાવિક
મોકાણ - આફત,પીડા
પરસેવો - પસીનો,પ્રસ્વેદ
દેરું - દેવાલય,મંદિર
દુષ્ટ - દુર્જન,ખલ
કાંતિ - આભા,તેજ
સર્જનહાર - સર્જક,નિર્માતા
ચૌટો - બજાર,જાહેરમાર્ગ
દરખાસ્ત - પ્રસ્તાવ,રજૂઆત

પાડ માનવો - ઉપકાર ગણવો
ભાગ લેવા - મહત્વ ધરાવવું
મનમા સમસમી રહેવું - ધુંધવાયા કરવું
ગેડ બેસવી - સમજણ પડવી
લોખંડના ચણા ચાવવા - ખૂબ મુશ્કેલ કાર્ય કરવું
રાજીના રેડ થઇ જવું - ખુશ ખુશાલ થઇ જવું
કાગડોળે રાહ જોવી - આતુરતાથી રાહ જોવી
ગરજ પતવી - જરુરીયાત પુરી થવી
હદય ચીરાવું - તીવ્ર દુઃખ થવું
સુર પુરાવવો - સાથ કે ટેકો આપવો
પાણી વિનાનુ - તેજ વિનાનુ
પેટની વાત કઢાવવી - ખાગી વાત જાણી લેવી
મન મનાવવું - મનને સમજાવી લેવું
ઢીલા ઢફ થઇ જવું - શિથિલ થઇ જવું
મંજુરીની મહોર મારવી - સંમતિ આપવી
ખુશીનો પાર ન રહેવો - ખુશ ખુશાલ થઇ જવું
પેટમાં જીવ આવવો - શાંતિ થવી
જીભે સરસ્વતી વસવી - વિદ્વાન કે પંડિત હોવું
મીટ માંડવી - કોઇની સામે તાકીને જોવું
લોહી ઉકળવું - ખુબ ગુસ્સે થવું
છાતી ફુલાવવી - અભિમાન કરવું
તાનમાં આવી જવું - મસ્તીમાં આવી જવું
ખાતર પડવું - ચોરી થવી
સારે રસ્તે ચડવું - જીવવાની સાચી રીત શીખવી
પેટનો ખાડો પુરવો - ભુખ સંતોષવી
ઓથ મળવી - આશરો મળવો
કાચી ઉમરના હોવું - ખુબ નાના હોવું
કાળજુ ઠરવું - મનમાં સંતોષ થવો
તલપાપડ થવું - ખૂબ અધીરા થવું
ભસી નાખવું - કહી દેવું
ઉધડો લેવો - સખત શબ્દમાં કહી દેવું
ઢીલા પડવું - ખુબ નરમ થવું
સો એ સો ટકા સ્વીકારવું - બધુ સ્વીકારી લેવું
ગોળ ગોળ કહેવું - ન સમજાય તેમ બોલવું
વેત જેવડા હોવું - ઉમરમાં નાના હોવું
આંખો કાઢવી - ડરાવવું

ખંડ-૯ વિરુદ્ધાર્થી શબ્દો

નિર્માણ - સંહાર
સન્મુખ - વિમુખ
સેવા - કુસેવા
હતાશ - આશાવાન
આધાર - નિરાધાર
ધનિક - નિર્ધન,દરિદ્ર
કર્કશતા - કઠોરતા
ગરીબ - અમીર
સુવાસ - દુર્ગંધ
દોષ - નિર્દોષ
નિર્મળ - મલિન
મહેમાન - યજમાન
મંજૂર - નામંજૂર
વખાણ - નિંદા
સ્મરણ - વિસ્મરણ
ભોળું - કપટી
ઉપકાર - અપકાર
જાહેર - ખાનગી
સાંકડો - પહોળો
ઊંડી - છીછરી
સલામત - અસલામત
ગુણ - દુર્ગુણ
ક્રોધ - અક્રોધ
હિંમતવાન - બાયલું
દુરાચાર - સદાચાર
ઉદાર-કંજૂસ,લોભી
મારણહાર - તારણહાર
સદ્‌બુદ્ધિ - કુબુદ્ધિ
ઉપસ્થિત -અનુપસ્થિત
સજ્જન - દુર્જન
દયાળુ - નિર્દય
હાજર - ગેરહાજર
હિંસક - અહિંસક
ખુશ્બૂ- બદબૂ
મોંઘી - સસ્તી

ટપકી પડવું - આવી ચઢવું
છાતીએ વળગાડવું - ભેટીને વહાલ કરવું
ભેજુ લડાવવું - બુદ્ધિ વાપરવી
નામ ઉજાળવું - ઈજ્જત વધારવી
કાજી ન બનવું - દોષ ન જોવા
ઉકળી ઉઠવું - ગુસ્સે થવું
કાળજુ ઠેકાણે હોવું - ચિત્ત સ્થિર રાખવું
ઉડી છાપ પાડવી - ઉડો પ્રભાવ પાડવો
મોઢુ વિલુ થવું - નિરાશામાં આવી જવું
જખ મારવી - વ્યર્થ કોશિશ કરવી
વખાણ કરતા થાકવું નહીં - ખુબ પ્રસંશા કરવી
ધકા ખવરાવીને તોડી નાખવું -
ખોટા વાયદા કરીને થકવી નાખવું
આંખ કરડી થવી - ક્રોધ આવવો
છાતી ભાંગી જવી - હિંમત હારી જવી
ધુન લાગવી - લગની લાગવી
કુદકેને ભૂસકે આગળ વધવું - ઝડપથી આગળ વધવું
કાળા માથાનો માનવી - શક્તિશાળી માણસ
ઠાગાઠૈયા કરવા - જાણી જોઈને વિલંબ કરવો
રાતદિવસ એક કરવા - સખત મહેનત કરવી

શુદ્ધ - અશુદ્ધ
સુવાળું - ખરબચડું
તેજસ્વી - નિસ્તેજ
વિનાશ - સર્જન
ગોરી - કાળી
સ્વામી - સેવક
વહાલી - દવલી
મિત્રાચારી - શત્રુતા
શ્યામ - ધવલ
ચપળ - મંદ
પવિત્ર - અપવિત્ર
ફૂટડું - કદરૂપું
મજબુત - ઢીલું
રૂપાળી - કદરૂપી
પ્રવૃતિ - નિવૃત્તિ

મેલાં- ઉજળા
સારુ - ખરાબ
અવળુ - સવળું
જૂઠુ - સાચું
વિરુદ્ધ - તરફેણ
ડહાપણ - ગાંડપણ
હાર - જીત
રોતલ - આનંદી
સનાથ - અનાથ
વિધવા- સધવા
અતિ - અલ્પ
અણીવાળી - બુટ્ટી
ધીરજ - અધીરાઈ
રસાળ - નિરસ
અગવડ - સગવડ

ખંડ - ૧૦ શબ્દ સમુહ માટે એક શબ્દ

જળ ઉપર બેસીને જવાનો માર્ગ - જળમાર્ગ
બીજાની જોખમદારી પોતાના પર લે તે - જામીન
આરોપ મૂક્યા બાબતનુ લખાણ - તહોમતનામુ
મુખપરંપરાથી ચાલી આવતી વાર્તા - દંતકથા
કોઇનુ દુઃખ જોઇ દિલમાં થતી લાગણી - દિલસોજી
ધર્મની બાબતમાં અવિચારી આગ્રહવાળુ - ધર્માંધ
ત્રણેયકાળનુ જ્ઞાન ધરાવનાર - ત્રિકાલજ્ઞાની
પંચ સમક્ષ કરેલી તપાસની નોંધ - પંચનામુ (પંચક્યાસ)
અધૂરો શ્લોક પુરો કરી આપવો તે - પાદપૂર્તિ
એકની એક વાત વારંવાર કરવી તે - પિષ્ટપેષણ
ઉપકારના બદલામાં સામો ઉપકાર - પ્રત્યુપકાર
ઈશ્વ ભકિતમાં પરોવાયેલું - ભગવત્પરાયણ
મરણની તિથિ કે તેની ઉજવણી - પુણ્યતિથિ
લોકોમાં ચાલતો વ્યવહાર કે રૂઢિ - લોકાચાર
જેનો પતિ મૃત્યુ પામ્યો હોય તેવી સ્ત્રી - વિધવા
ગામનો વહીવટ કરનારી સંસ્થા - ગ્રામપંચાયત
દરિયામાં ડુબકી મારીને મોતી લાવનાર - મરજીવા
પાપી મનુષ્યને પવિત્ર કરનાર - પતિતપાવન
જેમાંથી રસ ચાલ્યો ગયો હોય તેવું - રસહીન
મરી ગયેલ માણસને ઓઢાડવાનું કાપડ - કફન
ઈન્દ્રિયો વડે ન અનુભવી શકાય તેવું - અતીન્દ્રિય
બીજાનુ સારુ ન ખમાય તેવી લાગણી - અદેખાઈ
આંગળીથી દર્શાવવાની ક્રિયા - અંગુલિનિર્દેશ
પાછળથી અધિકાર પર આવનારુ - ઉત્તરાધિકારી
મુખ્ય કથામાં આવતી નાની કથા - ઉપકથા
આ એજ વ્યક્તિ છે એવું પ્રમાણ પત્ર - ઓળખપત્ર
પોતાના કર્તવ્યો નિષ્ઠાપૂર્વક કરનાર - કર્તવ્યનિષ્ઠ
વૃદ્ધા અવસ્થા કે મૃત્યુ ન આવે તેવું - અજરામર
પોતાના વખાણ પોતે કરવા તે - આત્મશ્લાઘા
આંખ આગળ ખડુ થઈ જાય તેવું - આબેહૂબ
ઉપકાર ઉપર અપકાર કરનાર - કૃતઘ્ન - કૃતઘ્ની
અમુક વસ્તુ જોવા જાણવાની ઉત્કંઠા - કુતૂહલ
વર્તમાનપત્રોમાં સમાચાર મોકલનાર - ખબરપત્રી
સ્વાર્થ માટે કરેલા હદ બહારના વખાણ - ખુશામત

પાસ - નાપાસ
નબળી - સબળી
સંતોષ - અસંતોષ
ઉત્સાહી - નિરુત્સાહી
જ્ઞાન - અજ્ઞાન
ઓળખીતા - અજાણ્યા
ગમો - અણગમો
જોરૂકુ - કમજોર
વેગળા - નજીક
વેળા - કવેળા
સુખ - દુઃખ
જૂની - નવી
હયાત - મૃત
સ્થિર - અસ્થિર
હાસ્ય - રુદન
ઊજળો - ઝાંખો
મોટાઈ - નાનપ
નિર્દોષ - દોષિત
સોગિયો - હસમુખો
સમતોલ - અસમતોલ
નિયમિત - અનિયમિત
પસંદગી - નાપસંદગી
જરૂરી - બિનજરૂરી
શ્વાસ - ઉચ્છવાસ
ઝાઝુ - થોડું
ગરીબ - શ્રીમંત
દુર - નજીક
પહેલો - છેલ્લો
જાણ - અજાણ
આનંદ - શોક
પોતિકા - પારકા
પ્રિય - અપ્રિય
ધ્યાન - બેધ્યાન
ક્રુર - દયાળુ
મૃત્યુ -જન્મ
ઢીલુ - કડક

મધુર - કડવું	કોઈને ખબર ન પડે તે રીતે અપાયેલુ દાન - ગુપ્તદાન
ઈચ્છા - અનિચ્છા	છાપકામની ભુલોના સુધારાની યાદી - શુદ્ધિપત્ર
સમર્થ - અસમર્થ	સત્કાર માટે ગોઠવાયેલો સમારંભ - સત્કાર સમારંભ
દુખિયા - સુખિયા	સાત દિવસ ચાલતુ પારાયણ કે કથા - સપ્તાહ
નિર્ભય - ભયભીત	સાત સાત દિવસે બહાર પડતુ સામયિક - સાપ્તાહિક
ઈજ્જત - બેઈજ્જત	એકબીજાને પ્રેમથી પ્રેરાઈને કરેલુ - પ્રેમ લગ્ન
ન્યાયી - અન્યાયી	પોતાના પર જ આધાર રાખવો તે - સ્વાવલંબન
આઝાદી - ગુલામી	બે જણાને લડાવી મારવાનુ કામ - નારદવેડા
નિષ્ફળ - સફળ	જેના પર તહોમત મુકાયુ છે તે - પ્રતિવાદી,આરોપી
પ્રાથમિક - અંતીમ	હમેશાં શોકમાં હોય તેવા ચહેરાવાળુ - સોગિયુ
સૈદ્ધાંતિક - પ્રત્યક્ષ	એક હથ્થુ સત્તાવાળો વહીવટ- સરમુખત્યારશાહી
સર્વાનુમતિ - વ્યક્તિગત	એકચીજ આપીને બીજીચીજ લેવી તે - વિનિમય
વ્યાજબી - ગેરવ્યાજબી	સારાનરસાને પારખવાની બુદ્ધિ - વિવેકબુદ્ધિ
સહ્ય - અસહ્ય	જેમાં કંઈ ગુપ્ત સંદેશો રહેલો હોય તે - સાંકેતિક
વિષાદ - ઉમંગ	સ્ત્રીઓ પ્રત્યે બતાવાતી માનવૃત્તિ - સ્ત્રીદાક્ષિણ્ય
વિજય - પરાજય	કામ કર્યા વગર બદલો મેળવનાર - હરામખોર
સકામ - નિષ્કામ	ટચલી આંગળી પાસેની આંગળી - અનામિકા
ખુશી - નાખુશી	થોડુ જાણવા છતા વધુ દેખાવ કરનાર - અર્ધદગ્ધ
સંપૂર્ણ - અપૂર્ણ	કુંભારની ઈંટ વગેરે બનાવવાની ભટ્ટી - નિંભાડો
જીત - હાર	દેખાતી સ્તુતિ દ્વારા નિંદા કરવી તે - વ્યાજસ્તુતિ
સ્વદેશી - પરદેશી	જમીનની અંદર ગયેલો સમુદ્રનો ફાંટો - અખાત
શ્વાસ - નિ:શ્વાસ	સમુદ્રની અંદર ગયેલો જમીનનો ફાંટો - ભૂશિર
તોફાની - શાંત	સ્વેચ્છાએ સ્વયં સેવા કરનાર - સ્વયં સેવક
શુભ - અશુભ	હસતી વખતે ગાલમાં પડતા ખાડા - ખંજન
સ્વીકાર - અસ્વીકાર	શાહુકારને નાણાં ચૂકવવા લખાતી ચિટ્ઠી - હૂંડી
તાજું - વાસી	મુખમાંથી અચાનક સરી પડેલા શબ્દો - ઉદ્ગાર
લીલું - સૂકું	ચાર ચાર ઘડીને અંતે વગાડાતા નગારા - ચોઘડીયાં
ઉત્સાહ - નિરુત્સાહ	કોઈની યાદમાં ઉભુ કરેલ પથ્થરનુ સ્મારક - ખાંભી, પાળીયો
રોજ - ક્યારેક	અવકાશ વિજ્ઞાનના જાણકાર - ખગોળશાસ્ત્રી
પ્રત્યક્ષ - પરોક્ષ	જમીનના બંધારણનો જાણકાર - ભૂસ્તરશાસ્ત્રી
પ્રગતિ - અધોગતિ	કોઈને પહોંચાડવા માટે સોંપાયેલી ચીજ - સંપેતરુ
અનુકુળતા - પ્રતિકુળતા	ઉપવાસમાં લેવાતી ખોરાકની વાનગી - ફરાળ
પરદેશી - સ્વદેશી	બાજરીના લોટમાં ગોળ ઘી ઉમેરી તૈયાર કરેલો લાડુ - કુલેર
શૂરવીર - કાયર	રંગભુમિનો પડદો કે પાછળનો ભાગ - નેપથ્ય
આબાદી - બરબાદી	મનોભાવ પ્રમાણે વેશ ભજવવાની કળા - અભિનયકલા
ઉજ્જડ - ફળદ્રુપ	અન્ય સ્થાને રોપવા માટે ઉછેરેલો રોપ - ધરુ

અગાધ - છીછરું
સગવડ - અસગવડ
વધ - ઘટ
ઉજાસ - અંધકાર
મુંગી - બોલકી
ચલિત - સ્થિર
બંધન - મુક્તિ
આધાર - નિરાધાર
અપેક્ષા - નિરપેક્ષા
અપમાન - માન
દુષ્કર્મ - સત્કર્મ
ભલાઈ - બુરાઈ
શિસ્ત - અશિસ્ત
સંપ - કુસંપ
પ્રાચીન - અર્વાચીન
શાપ - આશીર્વાદ
સમજણ - ગેરસમજણ
કાલ્પનિક - વાસ્તવિક
પ્રકટ - અપ્રકટ
છત - અછત
બનાવ - અણબનાવ
નોતર્યુ - વણનોતર્યુ
લાભ - ગેરલાભ
હિસાબ - બેહિસાબ
કાળજી - બેકાળજી
નામ - બદનામ
સાધારણ - અસાધારણ
સામાન્ય - અસામાન્ય
રોગી - નિરોગી
આંધળુ - દેખતુ
દેવતાઓ - દાનવો
માણસ - પશુ
સદાચાર - દુરાચાર
આગતરુ - પાછતરુ
જીવાડવું - મારવું
સમાન - અસમાન

ગુરુ પાસેથી વ્રત,નિયમ કે મંત્ર લેવો તે - દીક્ષા
ગાય,વાછરડાના બરાડવાના અવાજો - ભાંભરડા
ખાંધે બોજો ઉપાડવા બનાવેલુ ત્રાજવા જેવુ સાધન- કાવડ
પશુનો દુધ ભરેલો આંચળવાળો ભાગ - આઉ
સરકાર તરફથી ખેડુતને ધીરવામાં આવતા નાણાં - તગાવી
શાસ્ત્ર કે વિજ્ઞાનની સાંકેતિક સંજ્ઞાઓ કે શબ્દ - પરિભાષા
રાષ્ટ્રની આઝાદી અને ઉન્નતિનો પિતા ઘડવૈયો - રાષ્ટ્રપિતા
મરનારની પહેલી વાર્ષિક તિથિએ કરવામાં આવતી ક્રિયા - વરસી
રાજ્ય તરફથી ગુજરાન માટે મળતી વાર્ષિક રકમ - વર્ષાસન
મુત્યુ અગાઉ વારસા અંગે લખાયેલુ ખતપત્ર - વસિયતનામુ
સુકાની તરીકે કામ કરતો વહાણનો મુખ્ય ખલાસી - ટંડેલ
જેમાંથી વસ્તુ લેવાં છતા ઘટે નહિ તેવું પાત્ર - અક્ષયપાત્ર
અગાઉથી ભવિષ્યનો વિચાર કરનારી બુદ્ધિ - અગમબુધ્ધિ
એક લોકોના સમૂહમાં અંદરો અંદર થતી લડાઈ - આંતરવિગ્રહ
સાહિત્યકારે ધારણ કરેલુ પોતાના નામ સિવાયનુ બીજુ નામ - ઉપનામ
લગ્ન આદિ શુભ પ્રસંગની આમંત્રણ પત્રિકા - કંકોતરી
પોતાને સોંપાયેલુ કામ બરાબર નહીં કરનાર - કામચોર
સાઈઠ વર્ષ પુરા થયા પછી ઉજવાતો ઉત્સવ - ષષ્ટીપૂર્તિ
પચ્ચીસ વર્ષ પુરા થયા પછી ઉજવાતો ઉત્સવ - રજય મહોત્સવ
પચાસ વર્ષ પુરા થયા પછી ઉજવાતો ઉત્સવ - સુવર્ણ મહોત્સવ
સાંઈઠ વર્ષે ઉજવાતો ઉત્સવ - હીરક મહોત્સવ
શબ્દોથી ન વર્ણવી શકાય તેવું - અવર્ણનીય,શબ્દાતીત
સમયને યોગ્ય તત્કાળ કામ કરવાની રીત - સમયસૂચકતા
પોતાના પર જ આધાર રાખનાર - સ્વાશ્રયી,સ્વાવલંબી
જેની ત્રણ બાજુ પાણી હોય તેવો જમીનનો ભાગ - દ્વિપ કલ્પ
પોતાનાવતી કામ કરવાની સત્તા આપતો પત્ર - મુખત્યારનામુ
આકાશના પદાર્થોનુ નિરીક્ષણ કરનારી શાખા - વેધશાળા
ધર્મ કે સ્વદેશને ખાતર પોતાનુ બલિદાન દેનાર - શહીદ
કુદરતી ઉપચાર દ્વારા રોગનિવારણની પદ્ધિતિ - નિસર્ગોપચાર
નિશાન તાકવામાં હોશિયાર હોય તેવું- નિશાનબાજ
કોઈનાવતી કામ કરવા નિયુક્ત થયેલ માણસ- પ્રતિનિધિ
સ્વયંવરમાં કન્યા પસંદ કરેલા વરને પહેરાવે છે તે માળા - વરમાળા
નોકરી વગેરેમાંથી હઠી જવાની રાજીખુશી દર્શાવતુ લખાણ - રાજીનામુ
મોટાઈ મેળવવાની આકાંક્ષા - મહત્વકાંક્ષા
દર બે માસે પ્રગટ થતુ માસિક - દ્વિમાસિક
સાચવી રાખવા સોંપાયેલી ચીજ - અનામત

કહી ન શકાય તેવું - અકથનીય
સંપૂર્ણ દોષ વગરવુ - અણીશુધ્ધ
આહાર બંધ કરવો તે - અનશન
કોઈ અંગની ખોટવાળુ - અપંગ
પહેલા કદી ન બનલુ - અપૂર્વ,અભૂતપૂર્વ
થોડો વખત જીવનારુ - અલ્પજીવી
વિભાગ ન પાડી શકાય તેવું - અવિભાજય
જીવન પર્યંત - આજીવન
આજ્ઞા પ્રમાણે વર્તનારુ - આજ્ઞાંકિત
પોતાની જાતને છેતરવી તે - આત્મવંચના
આદર આપવા યોગ્ય - આદરણીય
આદિથી અંત સુધી - સાદ્યંત
મરણ પર્યંતનુ - આમરણાંત
ઈશ્વર છે એમ માનનાર - આસ્તિક
આ લોક સંબંધી - ઐહિક
ઈચ્છા પ્રમાણે આપનારુ વૃક્ષ - કલ્પવૃક્ષ
જીતી ન શકાય તેવુ - અજેય
મટકુ માર્યા વગર - અનિમેષ
મેળ બેસે નહીં તેવું - અસંગત
કદી પણ ન બની શકે તેવું - અસંભવિત
એકબીજામાં ભળી ગયેલ - ઓતપ્રોત
અશુભ સમાચારનો પત્ર - કાળોતરી,મેલો
અતિસંકુચિત દ્દષ્ટિવાળુ - કૂપમંડૂક
કરેલા ઉપકારને જાણનાર - કૃતજ્ઞ,કૃતજ્ઞી
ભૂત અને ભવિષ્ય જોઇ શકનાર - ક્રાંતદર્શી
ચોમાસુપાક - ખરીફપાક
શિયાળુ પાક - રવીપાક
આકાશમાં ફરનાર - ખેચર
લાભ વગની ફોગટ મહેનત - ગદ્ધાવૈતરું
જન્મથી જ પૈસાદાર - ગર્ભશ્રીમંત
જેમાં ચર્ચાને સ્થાન હોય તેવું - ચર્ચાસ્પદ
ચિત્તને આકર્ષે તેવુ - ચિત્તાકર્ષક
મજબૂત અને ટકાઉ નહી તેવું - તકલાદી
અંગૂઠા પાસેની આંગળી - તર્જની
તંતુઓ વડે વગાડાતુ વાજિંત્ર - તંતુવાદ્ય
ત્રણ અણીઓવાળુ હથિયાર - ત્રિશૂલ
રોજનુ કામ - દિનચર્યા
સમજવું મુશ્કેલ પડે તેવું - દુર્બોધ
મેળવવું મુશ્કેલ હોય તેવું - દુર્લભ
દેશ પ્રત્યે બેવફાઇ - દેશદ્રોહ
ધ્યાનમાં બેઠેલુ - ધ્યાનસ્થ
ઈશ્વરમાં નહીં માનનાર - નાસ્તિક
માલ પરદેશ મોકલવો તે - નિકાસ
રોગનામુળ કારણોની તપાસ - નિદાન
આકાર વગરનુ - નિરાકાર
આકારવાળુ - સાકાર
પક્ષપાત વગરનુ - નિષ્પક્ષ
સ્વાર્થ વગરનુ - નિઃસ્વાર્થ
પાછળથી બુદ્ધિ સૂઝે તેવું - પચ્છમબુદ્ધિ
પતિવ્રત પાળનારી સ્ત્રી - પતિવ્રતા
પદ પરથી દૂર થયેલુ - પદભ્રષ્ટ
રજાનો લેખિત હુકમ - પરવાનો
આગળનો અડધોભાગ - પૂર્વાર્ધ
છેક દુર્દશામાં આવી પડેલુ - પાયમાલ
ફરીથી જોઇ જવું તે - પુનરાવલોકન
યથાર્થજ્ઞાનનુ સાધન - પ્રમાણ
પ્રાણ સમાન વહાલુ - પ્રાણપ્રિય
પાપના નિવારણ માટેનુ તપ - પ્રાયશ્ચિત્
ફૂલ મુકવાનુ પાત્ર - ફૂલદાની
બગવા જેવા દંભી ભગત - બગભગત
બાળપણમાં થયેલી વિધવા - બાળવિધવા
બુદ્ધિ ઉપર ગુજારો કરનાર - બુદ્ધિજીવી
દિવસનો મધ્યભાગ - મધ્યાહ્ન
મર્મ ગ્રહણ કરનારુ - મર્મગ્રાહી
પાણી વિનાની રેતાળ જમીન - મરુભૂમિ
માર્ગ બતાવનાર - માર્ગદર્શન
લગ્નવિધિ કરવાનો મંડપ - માંહ્યરુ
ખોટુ અભિમાન કરનાર - મિથ્યાભિમાની

સામયિકના પુઠાનુ મુખ્યપાનુ - મુખપૃષ્ઠ
મરવાની અણી ઉપર આવેલુ - મૃતપ્રાય
મોહથી અંધ બનેલું - મોહાંધ
યોગમાંથી ચલિત થયેલું - યોગભ્રષ્ટ
જુદા રંગના લોકો પ્રત્યેનો દ્વેષ - રંગદ્વેષ
રાજસત્તાની ફેરબદલી - રાજક્રાંતિ
મૂળાક્ષર પ્રમાણેનો ક્રમ - વર્ણાનુક્રમ
આખા વિશ્વમાં વ્યાપી રહેલું - વિશ્વવ્યાપી
સમગ્ર વિશ્વનુ પોષણ કરનાર - વિશ્વંભર
સો વર્ષે ઉજવાતો ઉત્સવ - શતાબ્દી
માથે ચડાવવા લાયક - શિરોમાન્ય
પથ્થ પર લખાયેલો લેખ - શિલાલેખ
શોભા અપાવે તેવું - શોભાસ્પદ
શ્રદ્ધા રાખવા યોગ્ય - શ્રદ્ધેય
શ્રમ ઉપર ગુજારો કરનાર - શ્રમજીવી
સત્રને અંતે આવતુ - સત્રાંત
સજ્જનોની સોબત - સત્સંગ
સૌભાગ્યવતી સ્ત્રી - સધવા
પરાપૂર્વથી ચાલતુ આવેલુ - સનાતન
સર્વ અંગોને લગતુ - સર્વાંગી
સાથે વસવું તે - સહવાસ
સન્માનને યોગ્ય - સન્માનનીય
નિયત સમયે પ્રગટ થતુ પત્ર - સામયિક
સિદ્ધાંત પ્રમાણે ચાલનાર - સિદ્ધાંતવાદી
સ્તુતિ કરવા યોગ્ય - સ્તુત્ય
અમુક મર્યાદિત સ્થાનને લગતુ - સ્થાનિક
પકડેલી વાત નહીં છોડનાર - જિદ્દી
પગથી માંડીને માથા સુધી - નખશીખ
જેનુ નામ લેવું પવિત્ર છે તે - પુણ્યશ્લોક
જેણે તહોમત મુક્ય છે તે - વાદી,ફરિયાદી
બે સમુદ્રને જોડનારી ખાડી - સમુદ્રધુની
ઘરેઘરે ફરી ભીખ માગવી તે - માધુકરી
જરુર જેટલુ ખાનાર - મિતાહારી
હું ઉતરતો છું તેવો ભાવ - લઘુતાગ્રંથી

વરઘોડામાં આવેલા માણસો - સાજન
એક જ માતાના પેટે જન્મેલ - સહોદર
ઝીણી વસ્તુઓને દેખાડનાર - સૂક્ષ્મદર્શક
જીભ ઉપરનો મેલ - ઊલ
શું કરવું કે કહેવું ન સૂઝે તેવું - દિગ્મૂઢ
ત્રણ કલાકનો સમય - પ્રહર
મીઠુ પકવવાની જમીન - અગર
દેખાતો પાણીનો આભાસ - મૃગજળ
દરિયાઇ લૂંટારો - ચાંચિયો
જેને ઉપમા ન આપી શકાય તેવું - અનુપમ
જગમાં પ્રસિદ્ધ હોય તેવું - જગપ્રસિદ્ધ
આવવા માટેનું કહેણ - આમંત્રણ
પાંચવડનો સમુહ - પંચવટી
શરીરને તોડી નાખે તેવું - તનતોડ
મંજુરી માટે રજૂ થયેલી સૂચના - દરખાસ્ત
વાણિયા કે શેઠના નોકર - વાણોતર
જેનો નાશ નથી તે - અવિનાશી
નામાનો ચોપડો - વહી
ન સમજાય તેવું - અગમ
ક્રાંતિ કરનાર બહાદૂર - ક્રાંતિવીર
ખાસ ઉપનામ - બિરુદ
બધાં રાષ્ટ્રોને લગતુ - આંતરાષ્ટ્રીય
નદી અને સાગરનુ મિલન - સંગમ
શબને સ્મશાને લઇ જતાં લોકો - ડાઘુ
કાઠિયાવાડના પ્રદેશની - કાઠિયાવાડી
શેડ કાઢીને તાજું દોહેલુ દુધ - શેડકઢું
આગલા જન્મનુ - પૂર્વજન્મનું
મનોકામના પુરી કરનારી ગાય - કામધેનુ
કપડાથી ગાળેલુ - વસ્ત્રગાળ
ગાયનું મૂત્ર - ગૌમૂત્ર
જેનો ચહેરો હસતો હોય તે - હસમુખો
ગમતુ ન હોય તે - અણગમતું
સમાજની સેવા કરે તે - સમાજસેવક
ઉપાસના કરનાર - ઉપાસક
કોઈને અનુસરે તે - અનુયાયી

ધાર કાઢવા માટેનો પથ્થર - સરાણ
રસોઈ કામનો કરનારો - રસોઈયો
પતિની બહેન - નણંદ
નાટક ભજવવા માટેનો મંચ - રંગભૂમિ
શું કરવું તે કશુ ન સૂઝે તેવું - કિંકર્તવ્યમૂઢ
નાટક ભજવનાર પુરુષ - નટ
રાક્ષસો જેવો દુષ્ટ માણસ - નરપિશાચ
નાટક લખનાર - નાટ્યકાર
રંગવાનુ કામ કરનાર - રંગાટી
ઊંડા ધ્યાનમાં ઉતરી જવું તે - સમાધિ
આત્મા કે આત્મત્વ સંબંધી - આધ્યાત્મિક
ખૂબ જ કામ કરનારા- કામઢા
કૂતરીના બચ્ચાં - ગલુડીયા
બકરીનુ બચ્ચુ - ગદીડુ
ગધેડાના બચ્ચાં - ખોલકા
ગરીબ,નમ્ર સ્વભાવની - સોજી
ધાતુની નાની લોટી - ટબૂડી
ઘોડાના કાનનો ઉપસેલો ભાગ - કાનસૂરી
વજ્ર જેવો ભયંકર આઘાત - વજ્રપાત
વિદેહ રાજાની પુત્રી - વૈદેહી
પવિત્ર જળ મસ્તક પર છાંટવુ તે - અભિષેક
બ્રહ્માનુ સૌથી વિનાશકારી અસ્ત્ર - બ્રહ્માસ્ત્ર
પોતાની જાતે મરી જવું તે - આપઘાત
જેને ભેદી ન શકાય તે - અભેદ્ય
પૃથ્વીનો સંપૂર્ણ વિનાશ - પ્રલય
મારવાના સ્વભાવવાળી - મારકણી
જેને જીતી ન શકાય તેવું - અજિત
ખૂટે નહી તેવુ - અખુટ
જેની તુલના ન થઈ શકે તેવું - અતુલ
કુટુંબ સાથે - સહકુટુંબ
જેનુ મુલ્ય ન થાય તેવું - અમુલ્ય
ભાત લઈને જતી સ્ત્રી - ભથવારી
પ્રથમ વાર પરણનાર પુરુષ - વરરાજો
બીજી વાર પરણનાર પુરુષ - બીજવર
દરિયામાં મીઠું પકવનાર - અગરિયો

ગતાગમ વિનાનો - ડફોળ
જાદુ કરનાર - જાદુગર
મધ્યભાગમાં આવેલ પ્રદેશ - મધ્યપ્રદેશ
ઢોરને નાખવામાં આવતો ચારો - નિરણ
હાડકાં અને ચાંમડા - હાડચામ
જેને ગણીન શકાય તેવુ - અગણિત
ખેતી કરનાર - ખેડુત
જેમાંથી દયા ચાલી ગઈ હોય તે - દયાહીન
પાણીમાં સમાધી લેવીતે - જળસમાધી
અવાજ વગરનું - નિરવ
સાંજનું ભોજન - વાળુ
વિદ્યાનો અભ્યાસ કરના - વિદ્યાર્થી
દિવાલ ઉપર લખેલ સુવાક્ય - ભીતસુત્ર
યુદ્ધે ચડેલી વરાંગના - રણચંડી
મૃગનુ ચામડુ - મૃગચર્મ
ભિક્ષા માગી લાવવી તે - ભિક્ષાટન
કોઇના મૃત્યુનો શોક - ખરખરો
હાથીને હાંકનાર - મહાવત
ભયંકર કાળો સાપ - કાળોતરો
દેશી દવા આપવાનું સ્થળ - ઔષધાલય

સ્થાન વાચક શબ્દો

અનાજ - કોઠાર	ઘેટા,બકરા- વાડો
ઉદર,કીડી - દર	ભરવાડ - નેસ
ઊધઈ - રાફડો	મડદુ -
કચરો - ટોપલો	સ્મશાન,કબ્રસ્તાન
કરોળીયો - જાળુ	મધમાખી - મધપૂડો
ગાય - કોઢ	માલ - ગોદામ
ધી - ધાડવો	મનિ - આશ્રમ
ઘોડા - તબેલો	મોટર - ગેરેજ
જહાજ - ડેક	લશ્કર - છાવણી
જોગી - મઢી	લાકડુ - લાતી
તલવાર - મ્યાન	વિષ્ણુ - વૈકુંઠ
તીર - ભાથુ	શિવ - કૈલાસ
સિપાઈ - બરાક	માણસ - ઘર
પંખી - માળો	ઢોર- ગમાણ

ખંડ - ૧૧ કહેવતો

★ અક્કર્મીનો પડીયો કાણો - ભાગ્ય વિનાને દુઃખ જ મળે.
★ અક્કલ બડી કે ભેંસ - બુદ્ધિ આગળ બળ પાણી ભરે // બળ કરતા બુધ્ધિ વધે.
★ અધૂરો ઘડો છલકાય - ઓછા જ્ઞાનવાળો વધુ ડોળ કરે.
★ મિયા ચોરે મુઠે તો અલ્લા ચોરે ઊંટે - ઈશ્વર એક સામટો બદલો લે છે.
★ અવસર ચુક્યા મેહુલા - ગયો સમય પાછો ન આવે.
★ આડે લાકડે આડો વહેર - જેવા સાથે તેવા.
★ અણી ચુક્યો સો વર્ષ જીવે - એકવાર ઊગરી જવાથી જીવાદોરી લંબાય.
★ અન્ન એવા ઓડકાર - જેવા સંસ્કાર હોય તેવા આચાર-વિચાર હોય.
★ આગ લાગે ત્યારે કુવો ખોદાવા ન જવાય-જરુર પડે ત્યારે વસ્તુ શોધવા ન નીકળાય
★ આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય - જાતે કામ કર્યા સિવાય સિદ્ધિ મળતી નથી.
★ આંગળી કાપીએ તો લોહી નીકળે - મહેનત કરીએ તો ફળ મળે.
★ આંધળે બહેરુ કુટવું - સમજ્યા વિના ઊંધુ જ કરવું.
★ ઊલમાંથી ચૂલમાં પડવું - મુશ્કેલી દૂર કરવા જતા વધારે મોટી મુશ્કેલીમાં મુકાવું.
★ ઉજળે લૂગડે ડાઘ લાગે- સારા માણસનો નાનો સરખો દોષ પણ જલદી દેખાઈ આવે.
★ ઉંઘ વેચીને ઉજાગરો કરવો- નકામી ઉપાધિ લેવી
★ ઊંટ મેલે આકડોને બકરી મેલે કાંકરો - જે આવે તે ખપે.
★ એરણની ચોરીને સોયનુ દાન - મોટી લૂંટ કરીને થોડુંક દાનમાં આપવું
★ આંધળુ દળેને કુતરુ ખાય - તદ્દન અવ્યવસ્થા હોવી.
★ એક કાંકેર બે પક્ષી મારવા - એક કામ કરવા જતા બીજા કામો પણ સિદ્ધ કરવા.
★ કડવુ ઓસડ મા જ પાય - કડવી અને ગુણકારી શિખામણ સ્નેહીઓ જ આપે.
★ કાળા કાળા મંકોડાને રાતી રાતી ધીમેલો - તદ્દન નિરક્ષર હોવું.
★ કૂતરાનો સંઘ કાશીએ ન જાય - સુમેળના અભાવે કામ સિદ્ધ ન થાય.
★ ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી - સરખામણી ન થાય તેવું.
★ કરતા હો તે કરો ને છાશની દોણી ભરો - બીજી પંચાતમાં પડ્યા વિના કરતા હો તે કરો.
★ ખોદે ઉંદર અને ભોગવે ભોરિંગ- કામ અમુક વ્યક્તિ કરે પણ તેનું ફળ બીજાને મળે.
★ ગરજ સરીને વૈદ વેંરી - સ્વાર્થ સધાતા સુધી જ સંબંધ નિભાવવો.
★ ગરીબની વહુ સહુની ભાભી - ગરીબને સૌ દબાવે.
★ ગાજ્યા મેઘ વરસે નહી - જે બહુ બણગા ફૂંકે તે કશુ ન કરી શકે.
★ ગામ હોય ત્યાં ઢેઢવાડોય હોય - સારા માણસોની વચ્ચે થોડા ખરાબ પણ હોય.
★ ગરજ ગાંઠે ને વિદ્યા પાઠે - પોતાની વસ્તુ પોતાની પાસે જ હોવી જોઈએ.
★ ગ્રહણ વખતે સાપ કાઢવો - ખરા સમયે મુશ્કેલી ઊભી કરવી.
★ ઘરડી ઘોડીને લાલ લગામ - અયોગ્ય વ્યક્તિને વધુ પડતો ઠઠારો.
★ ઘરેઘરે માટીના ચૂલા - કોઈ ઘર તકરાર વગરનું ન હોય.
★ ઘાણીનો બળદ ઠેરનો ઠેર - મહેનત કરવા છતા પ્રગતિ કે વિકાસ ન થવો.
★ ઘર ફૂટે ઘર જાય - અંદરો અદરના વિખવાદથી કુટુંબનો નાશ થાય છે.

★ ચડ જા બેટા શૂળીએ - સ્નેહ બતાવી વિકટ પરિસ્થિતિમાં મુકવું
★ ચીભડાના ચોરને ફાંસીની સજા - નજીવા ગુના માટે ભારે સજા.
★ ચોર કોટવાળને દંડે - ગૂનો કરનાર જ સામી વ્યક્તિ પર આરોપ મુકે.
★ ચોરીના હાંલ્લા સીંકે ચઢે નહીં - ચોરી કરનારને લાભ થાય નહીં.
★ છાશ લેવા જવી અને દોણી સંતાડવી - કોઇ કામ કરવામાં સંકોચ અનુભવવો.
★ છીંડે ચડ્યો તે ચોર - ચોરી કરતા પકડાય તે ચોર અને ભાગી છૂટે તે શાહુકાર.
★ જાગ્યા ત્યારથી સવાર - જ્યારથી ભૂલ સમજાય ત્યારથી સુધારી લેવી.
★ જીવતો નર ભદ્ર પામે - માણસ જીવતો હશે તો ક્યારેક સુખ મેળશે.
★ ઝાઝા હાથ રળિયામણાં - ઘણાં માણસોના સહકારથી કામ સિદ્ધ થાય.
★ ઝાઝી સુયાણીએ વેતર વંઠે - ઘણાં માણસો ભેગા થાય ત્યારે કામ બગાડે.
★ ડુંગરા દુરથી રળિયામણાં - દુર હોય ત્યાં સુધી વસ્તુ કે વ્યક્તિનું આકર્ષણ રહે.
★ દગો કોઇનો સગો નહીં - દગો કરનાર જાતે પણ મુશ્કેલીમાં મુકાય છે.
★દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે - ખૂબ મહેનત કરવા છતા ઊંચુ ન આવવુ.
★ દુઃખનુ ઓસડ દહાડા - વખત જતા દુઃખ ભુલાઇ જાય છે.
★ દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં - જેવુ કરે તેવુ પામે.
★ દીકરા મોટો થા પરણાવીશ - વાયદા જ કર્યા કરવા.
★ નબળા ઢોરને બગાઇ ઘણી - નબળા માણસ પર ઘણી આફતો આવે.
★ નેવાના પાણી મોભે ન ચઢે - અશક્તથી કામ સિદ્ધ ન થઇ શકે.
★ નાનો પણ રાયનો દાણો - નાની ચીજની પણ કિંમત હોય છે.
★ પોથીમાના રીંગણાં - બીજાને ઉપદેશ આપવો પણ પોતે તે પ્રમાણે ન અનુસરવું
★ પાડાને વાંકે પખાલીને ડામ - જેનો વાંક હોય તેના બદલે બીજાને શિક્ષા કરવી.
★ પારકી મા જ કાન વીંધે - પારકા માણસો સાથે જ સહુ સીધી રીતે વર્તે.
★ પારકે ભાણે મોટા લાડુ - બીજાઓનું વાપરવું હોત ત્યારે છુટથી વાપરે.
★ બળિયાના બે ભાગ - શક્તિશાળી હોય તેને વધુ લાભ મળે.
★ બાર ભૈયાને તેર ચોકા - જૂથ નાનુ હોય પણ મતભેદ ઘણાં હોય.
★ ભાવતુ હતુ ને વૈદ્યે કહ્યું- જે ઇચ્છયુ હોય તે આવી મળવું
★ મફતનું ખાવુ ને મસ્જિદે સૂવું - ચિંતા વગરનુ જીવન જીવવું.
★ મિયાની દાઢી બળેને બીબીને તાપણું થાય - એકને દુઃખ પડે ને બીજો રાજી થાય.
★ મુલતવી રાખવાના ફળ માઠા - કોઇપણ કામમાં વિલંબ ખતરનાક નીવડે.
★ માગ્યા વિના મા પણ ન પીરસે - માગ્યા વિના - કહ્યા વિના કાંઇ મળતુ નથી.
★ રાત થોડીને વેશ ઝાઝા - સમય ઓછો ને કામ ઘણાં.
★ લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે કપાળ ધોવા જવું -હાથમાં આવેલી તક જતી કરવી.
★ લખ્યા લેખ મિથ્યા ન થાય- ભાગ્યમાં જે નિર્માયુ હોય તે કોઇથી ફેરવી શકાતુ નથી.
★ લાલો લાભ વગર લોટે નહી - થોડો ઘણો લાભ થતો હોય તો જ કામ કરવા તૈયાર થવું.
★ વખાણી ખીચડી દાંતે વળગે - જેના વખાણ કરીએ તે જ નબળુ નીવડે.
★ શૂળીનું દુઃખ સોયે પત્યુ - ભારે નુકશાનને બદલે નજીવા નુકશાનથી કામ સરવું

★ શેઠ આવ્યા તો નાખો વખારે - માણસ પ્રત્યે ઉપેક્ષા બતાવવી.
★ સવામણ તેલે અંધારુ - સાધનો હોવા છતા કશી વ્યવસ્થા ન હોવી.
★ સસ્તુ ભાડુ ને સિદ્ધપુરની જાત્રા - મર્યાદિત સાધનોથી સુંદર રીતે કામ કરવું.
★ સાપ મરે નહીં અને લાકડી ભાંગે નહીં - ચતુરાઈપૂર્વક વગર નુકશાને કામ કરવું.
★ કાગનુ બેસવુંને ડાળનુ ભાંગવું - કાર્યકારણ સંબંધ વગરનુ આકસ્મિક પરિણામ આવવું.
★ કુમળુ ઝાડ જેમ વાળીએ તેમ વળે - બાળપણમાં જેવા સંસ્કારો પાડવા હોય તેવા પાડી શકાય.
★ સૂકા ભેગુ લીલું બળે - હલકા માણસોના સંગથી સારા માણસો પણ આપત્તિનો ભોગ બને છે.
★ હાંથીના દાંત ચાવવાના જૂદા અને બતાવવાના જુદા - કહેવું પણ જુદુ અને કરવું પણ જુદુ.
★ દાઢીની દાઢીને સાવરણીની સાવરણી - શોભાની શોભાને કામનું કામ બધી રીતે ઉપયોગી.
★ આપ ભલા તો જગ ભલા - આપણે બીજા સાથે જેવું વર્તીએ તેવું બીજા આપણી સાથે વર્તે છે.
★ ઊંટ મરે ત્યારે મારવાડ ભણી મો રાખે - જેનુ દિલ જ્યાં લાગેલુ હોય તેનું જ સ્મરણ થાય.
★ ઓળખીતો સિપાઈ હેડમાં પૂરે (બે ડંડા વધારે મારે) - ઓળખીતો માણસ વધુ હેરાન કરે.
★ એકડા વગરના મીંડા - મુખ્ય વ્યક્તિ કે વસ્તુના અભાવે અન્ય ની હાજરી નિરર્થક બનવી.
★ કમાઉ દીકરો કુટુંબને વહાલો - જે વ્યક્તિ ઉદ્યમ કરી ધન મેળવે છે તે સૌને પ્રિય થઈ પડે છે.
★ ખાખરાની ખિસકોલી કેરી(સાકર)નો સ્વાદ શું જાણે - અનુભવન થાય ત્યાં સુધી
★ રામ રાખે તેને કોણ ચાખે ? - જેને ઈશ્વરની ઓથ હોય તેનુ કોઈ અહીત કરી શક્તુ નથી.
★ વાગ્યુ તો તીર,નહીં તો તુક્કો - પ્રયત્ન સફળ થાય તો ઠીક,નહીતર નુકશાન તો નથી જ.
★ ભીખના હાંલ્લા સીંકે ન ચડે - ભીખ માગીનેકાંઈ શ્રીમંત ન થાય
★ બાંધી મૂઠી લાખની - જ્યાં સુધી સાચી વસ્તુ બહાર ન પડે ત્યાં સુધી આબરુ જળવાઈ રહે.
★ ભસતા કૂતરા કરડે નહી ને ગાજ્યા મેધ વરસે નહીં - બહુ બોલનાર કશું કામ કરી શકે નહી.
★ પોદળો પડે તોય ધૂળ લીધા વિના ન રહે - ગમે તેવી પરિસ્થિતિમાં પણ લાભ શોધવો.
★ ઘો મરવાની હોય ત્યારે વાઘરી વાડે જાય - વિનાશ થવાનો હોય ત્યારે વિપરીત બુદ્ધિ સૂઝે.
★ જાનમાં કોઈ જાણે નહીંને હું વરની ફોઈ - કોઈ ઓળખે નહીં તો પણ ફુલણજી થઈને ફરે.
★ દુધનો દાઝયો છાશ ફુંકીને પીવે - એકવાર કડવો અનુભવ થયા પછી ખૂબ સાવચેતીપૂર્વક વર્તે.
★ દોરડી બળે પણ વળ ન મુકે - ગમે તેટલી ઠોકર વાગે છતા માણસનો સ્વભાવ બદલાતો નથી.
★ ભૂવો ધૂણે તોય નાળિયેર ઘર ભણી નાખે -
ગમે તેવા સંજોગોમાં પણ અન્યનો વિચાર ન કરતા સ્વજનોનુ જ હિત જોવું.
★ ભેંસ ભાગોળે છાશ છાગોળેને ઘરે ધમાધમ -
જેનુ નામનિશાન ન હોય તેની આશા બાંધીને વાતો કરવી.
★ ભાગ્યશાળીને ભૂત રળે ને અક્કર્મીની વહુ મરે -
ભાગ્યશાળીને વગર મહેનતે પણ ફાયદો થઈ જાય.
★ મન ચંગા તો કથરોટ માં ગંગા -
જો અંતર શુદ્ધ હોય તેને તીર્થ યાત્રા કરવાની જરુર પડતી નથી.
★ લોભીયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે -
લોભીઓને સહેલાઈથી છેતરીને ધૂર્ત લોકો પોતાનુ કામ સિદ્ધ કરે છે.
★ વસ્તુ વિના નર પશુ -

ધન વગરના માણસી કિંમત કોડીની હોય છે. ધનને જ સહુ માનપાન છે.
★ શિર સલામત તો પઘડિયા બહોત -
કોઇ પણ રીતે માનવી બચી જાય તો તેને સાધન સંપત્તિ ઘણી મળી આવે છે.
★ વર મરો કન્યા મરો પણ ગોરનુ તરભાણું ભરો -
બીજાનું જે થવું હોય તે થાય પણ મને તો લાભ થવો જ જોઇએ.
★ પાપનો ઘડો ફુટ્યા વિના ન રહે -
ગમે તેટલુ છુપાવવા છતા પાપ વહેલુ મોડુ જાહેર થઇ જ જાય છે.
★ ચોરની મા કોઠીમાં મો ઘાણીને રડે -
પોતાની ભૂલ સમજાતા મનોમન પશ્ચાતાપ અનુભવવો.
★ છાશમાં માખણ જાય અને વહુ ફુવડ કહેવાય -
આપણું નુકશાન થાય તે છતા આપણે મૂર્ખ ગણાઇએ.
★ જર,જમીન ને જોરુ એ ત્રણ કજિયાના છોરુ -
નાણું,જમીન,અને સ્ત્રીએ ત્રણ કજિયાના કારણ છે.
★ જા બિલ્લી કૂતે કો માર -
જાતે કામ નહીં કરતા, એકે બીજાને અને બીજાએ ત્રીજાને સોંપ્યા કરવું.
★ તેજીને ટકોર ને ગધેડાને ડફણાં -
સમજુને ઈશારો જ પૂરતો છે, જ્યારે મૂર્ખને સમજાવવા માથાકૂટ કરવી પડે છે.
★ દાં'ડે ડોલા ચાટેને રાતે હીરા પારખે -
યોગ્ય સમયે યોગ્ય કામન કરે તે રાતે નકામાં ઉજાગરા કરે.
★ ધરમની ગાયના દાંત ન જોવાય -
જે વસ્તુ વગર મહેનતે મળે તે ગમે તેવી હોય તોય સ્વીકારવી.
★ ધોબીનો કૂતરો નહીં ઘરનો, નહી ઘાટનો -
બન્નેપક્ષને સારું લગાડવા જતા સમૂળગા ફેંકાઇ જવું.
★ સાપને ઘરે પરોણો સાપ -
સમાનતા ધરાવતા બે દુર્જનોનો મેળાપ થવો.
★ નાચવું ન હોય તો આંગણું વાંકુ (નાચ ન આયે તો આંગન ડેઢા) -
કામ કરવાની ઈચ્છા ન હોય ત્યારે અનેક બહાના બતાવવા.
★ પાકે ઘડે કાંઠા ન ચઢે -
નાનપણથી જ જો સમજણ આવે તો આવે પછી જલ્દીથી સમજણ ન આવે.
★ ખાળે ડૂચા ને દરવાજા મોકળા -
પૈસે પૈસાનો હિસાબ ગણવો અને રુપિયા ગમે તેમ વાપરી નાખવા.
★ આભ ફાટે ત્યારે થીંગડુ દેવા ન બેસાય -
પરિસ્થિતિ છેક વણસી જાય પછી સુધારવી શક્ય નથી.
★ ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન -
વિદ્વાન માણસોની ગેરહાજરમાં અલ્પજ્ઞાનીને પણ મહત્વ મળે.
★ ઊજળુ તેટલુ દૂધ નહીને પીળુ તેટલુ સોનુ નહી -

બાહ્ય દેખાવ પરથી વસ્તુનુ મૂલ્ય આંકવામાં ભૂલ થવા સંભવ છે.
★ ઊંટે કર્યા ઢેકા તો માણસે કર્યા કાઠા-
એક ઊભી કરેલી મુશ્કેલી સામે બીજો ઉપાય શોધી કાઢવો.
★ ઓછુ પાત્રને અદકુ,ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો, ખાલી ચણો વાગે ઘણો -
પાત્રતા વિનાનુ પ્રાપ્ત થતા ફુલાઈ જવું.(છકી જવું)
★ સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય -
અલ્પ પ્રયત્નથી મોટી સિદ્ધિ પ્રાપ્ત ન થાય.તે માટે ઘણી મહેનત કરવી પડે.
★ સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો-
નબળા માણસોનો પણ જરુર એક દિવસ આવે છે.
★ હૈયું બાળવા કરતા હાથ બાળવા સારા -
કોઇની પાસે કામ કરીને પસ્તાવું એના કરતા જાતે કરી લેવુ વધુ સારુ.

સમાનાર્થી કહેવતો

★ આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય - પારકી આશા સદા નિરાશા.
★ અક્કર્મીનો પડિયો કાણો - એક સાંધે ત્યાં તેર તૂટે.
★ અધૂરો ઘડો છલકાય - ખાલી ચણો વાગે ઘણો.
★ ઊંટ મેલે આંકડોને બકરી મેલે કાંકરો - બાવો બેઠો જપે ને જે આવે તે ખપે.
★ ઉલમાંથી ચૂલમાં પડવું - ઘરની દાઝી વનમાં ગઈતો વનમાં લાગી લાય.
★ ઊંટે કર્યા ઢેકા તો માણસે કર્યા કાઠા - શેરને માથે સવાશેર
★ કુમળુ ઝાડ જેમ વાળીયે તેમ વળે - પાકે ઘડે કાઠા ન ચડે.
★ કૂતરાની પૂંછડી વાંકી ને વાંકી - સીંદરી બળે પણ વળ ન મૂકે.
★ ગજની ઘોડીને સવા ગજનું કાંઠુ - સોના કરતા ઘડામણ મોંઘું.
★ ગાય વાળે તે ગોવાળ - બળિયાના બે ભાગ મારે// તેની તલવાર (લાકડી)
★ ગરીબની વહુ તે સહુની ભાભી - નાણા વિનાનો નાથિયો, નાણે નાથાલાલ.
★ જીવતો નર ભદ્ર પામે - શિર સલામત તો પઘડિયા બહોત.
★ તરત દાનને મહાપુણ્ય - ધરમના કામમાં ઢીલ શી ?
★ દૂર થી ડુંગર રળિયામણા - ઉજળુ એટલુ દુધ નહીં.
★ ધોબીનો કુતરો નહીં ઘરનો, નહીં ઘાટનો - બાવાના બેઉ બગડ્યા.
★ પેટનો બળ્યો,ગામ બાળે - પાડાના વાંકે પખાલીને ડામ.
★ બજારમાં ચારને વાડામાં અઢાર - ચૌટે સોંધુને વાડીએ મોંઘુ.
★ ભીખના હાંલ્લા શીંકે ન ચઢે - હાથ ચાટવાથી પેટ ન ભરાય.
★ રાંડ્યા પછીનુ ડહાપણ - અવસર ચૂક્યા મેહુલા.
★ ચોરની માં કોઠીમાં મોં ઘાલીને રડે - હાથના કર્યા હૈયે વાગે.
★ એક નન્નો સો દુઃખ હણે - ન બોલ્યામાં નવ ગુણ.
★ એક પંથ દો કાજ - એક કાંકરે બે પક્ષી મારવા.
★ વિધવાને ઘરે સુવાસિની જાય તો કહે આવ બહેન, હું એવી તુ પણ થા - આવ્ય, ભાઇ હરખા આપણે બે સરખા.

વિરુદ્ધાર્થી કહેવતો

★ અક્કર્મીનો પડિયો કાંણો - ભાગ્યશાળીને ભૂત રળે.
★ આપ ભલા તો જગ ભલા - દયા ડાકણને ખાય.
★ ઝાઝા હાથ રળિયામણાં - ઝાઝી દાયણે વેતર વંઠે.
★ આશા અમર છે - પારકી આશ સદા નિરાશ
★ ઉતાવળે આંબા ન પાકે - મુલવતી રાખવાના માઠા ફળ.
★ ઓળખીતો સિપાઈ હોડમાં પૂરે - ઓળખાણ મોટી ખાણ.
★ આંધળુ દળે ને કૂતરુ ખાય - વાસી વધે નહીં ને કૂતા ખાય નહીં.
★ તરત દાનને મહાપુણ્ય - ધીરજના ફળ મીઠાં.
★ તેલ જોવું તેલની ધાર જોવી - કર્યુ તે કામ બીજા બધા વાયદા.
★ ન બોલ્યામાં નવ ગુણ - બોલે તેના બોર વેચાય.
★ નમ્યુ તે સહુને ગમ્યુ - દગલબાજ દોઢું નમે
★ બાપ તેવા બેટા વડ તેવા ટેટા - દીવા પાછળ અંધારુ
★ વિશ્વાસે વહાણ ચાલે - ભરોસાની ભેંસને પાડો આવે.
★ નવુ નવ દહાડા - જૂનું જન્મારો.
★ ઘરડા ગાડા વાળે - સાંઠે બુદ્ધિ નાઠે
★ જા બિલ્લી કુતે કો માર - આપ મુઆ વિના સ્વર્ગ ન જવાય.
★ દીકરા મોટો થા પરણાવીશ - ધરમનાં કામમાં ઢીલ શી ?
★ કરણી તેવી પાર ઉતરણી - કરે ઉંદર,તે ભોગવે ભોરીંગ
★ ચેતતો નર સદા સુખી - બહુ ડાહ્યા બહુ લબદાય.

સમૂહ વાચક શબ્દો

		ધુમાડા - ગોટા	કૂંચી - ઝૂમખુ,ઝુડો
ઓરડી - ચાલી	કેળા,દ્રાક્ષ- લૂમ	ઝાડ - ઘટા	ઘેટા,બકરા- ટોળુ
ઊંટ - વણઝાર	ગૂણી - થપ્પી	પંખી,પર્વત- હાર	લૂંટારા - ટોળી,ટોળકી
કપાસ - ઢગલો	ગાય - ધણ	ફૂલ- માળા,ગુચ્છ	વન - વનરાઈ
કાવ્યો - સંગ્રહ	ઘર - મહોલ્લો	બાવા - જમાત	વહાણ - કાફલો
સ્વયંસેવક - દળ	ઘાસ - ગંજી	પ્રાધાન - મંડળ	વાળ - અંબોડો, ચોટલો
સૈનિક - સેના	ચાર - ભારો	વૃક્ષ - ઘટા	માણસ - ઠઠ,ભીડ,મેદની
હાથી - જૂથ	તારા - મંડળ	રુપ - અંબાર	વ્યાખ્યાન - માળા
હરણ - ટોળુ	દોરી - દડો	લાકડા - ભારી	સિતમ(ત્રાસ) - ઝડી

કેટલાક અવાજો

	ઘોડો - હણહણવું	વાઘ- ત્રાડ	વાદળ - ગડગડાટ
અજગર - ફુંફાડો	મચ્છર - ગણગણવું	સિંહ - ગર્જના	સાગર - ઘૂઘવાટ
ઊંટ - બરાડવું	માખી - બણબણવું	ઝાંઝર - ઝણકાર	વસ્તી - ઘોંઘાટ
કબૂતર - ઘૂઘવવું	ખીસકોલી - ખીલખીલાટ	ઘૂઘરી - ઘમકાર	પવન - સુસવાટો
કોયલ- ટહૂંકો	મોર - કેકારવ	ધનુષ્ય - ટંકાર	તાળીઓ - ગડગડાટ
ગાય - ભાંભરવું	રીંછ - ઘુરકવું	વાસણ - ખખડાટ	રુપિયા - ખણખણાટ

ખંડ - ૧૨ વિશેષણ

ચાલાક - ચાલાકી
ગંભીર - ગંભીરતા
પહોળુ - પહોળાઈ
હોંશિયાર - હોશિયારી
સુંદર - સુંદરતા
શાંત - શાંતિ
હેત - હેતાળ
દયા - દયાળુ
આળસ - આળસુ
લાગણી - લાગણીશીલ
ધર્મ -ધાર્મિક
સૂર - સૂરીલુ
સુગંધ -સુગંધિત
શોખ -શોખીન
રુપ- રુપાળુ
સ્વાદ - સ્વાદિષ્ટ
તોફાન - તોફાની
તરસ - તરસ્યુ
પ્રતિષ્ઠા -પ્રતિષ્ઠિત
વ્યથા - વ્યથિત
લાલચ - લાલચુ
અર્થ - આર્થિક
વેદ- વૈદિક
ઝેર -ઝેરીલો
ભુલવું - ભુલકણું
ધંધો - ધંધાદારી
વર્ષ - વાર્ષિક
અભ્યાસ - અભ્યાસી
માસ - માસિક
પ્રાંત - પ્રાંતીય
નિયમ - નિયમિત
શરમ - શરમાળ
પ્રકૃતિ - પ્રાકૃતિક
શિક્ષણ - શૈક્ષણિક

વિચાર - વૈચારિક
શરીર - શારીરિક
માનસ - માનસિક
અવશ્ય - આવશ્યક
મહેનત - મહેનતુ
ભૂમિતિ - ભૌમિતિક
ખંત - ખંતીલુ
વિશ્વાસ - વિશ્વાસુ,વિશ્વસ્ત
વિષય - વૈષયિક
રસ - રસિક,રસાળ
શાસ્ત્ર - શાસ્ત્રીય
રાષ્ટ્ર - રાષ્ટ્રીય
સ્મરણ - સ્મરણીય
મોજ - મોજીલું
સાથ - સાથી
બીવું,બીક - બીકણ
પરાક્રમ - પરાક્રમી
લોભ - લોભી
ગુણ - ગુણિયલ,ગુણી
વિશ્વ - વૈશ્વિક
જોડવું - જોડનાર,જોડનારું
પુરાણ - પૌરાણિક
સંબંધ - સંબંધી,સંબંધિત
વાત - વાતોડિયું
અંગ - આંગિક
શબ્દ - શાબ્દિક
વિરહ - વિરહી
પરંપરા - પારંપરિક
જુસ્સો - જુસ્સાદાર
અભિષેક - અભિષિક્ત
પાણી - પાણીદાર
પ્રસંગ - પ્રાસંગિક
ન્યાત - ન્યાતીલું
સંસાર - સંસારી,સાંસારિક
વ્યવહારુ,વ્યાવહારિક

વર્ણન - વર્ણનીય,વર્ણિત
સ્વભાવ - સ્વાભાવિક
સમજ - સમજુ,સમજદાર
ઉપકાર - ઉપકારી,ઉપકૃત
શ્રદ્ધા - શ્રદ્ધાળુ,શ્રદ્ધાવાન
હિંમત - હિંમતવાન
સ્વીકારવું - સ્વીકૃત
ઈતિહાસ - ઐતિહાસિક
ખુશામત - ખુશામતિયું
સ્થાન - સ્થાનિક,સ્થાનીય
જ્ઞાન - જ્ઞાની,જ્ઞાનવાન
કુદરત - કુદરતી
ઘટા - ઘટાદાર
પ્રેમ - પ્રેમી
વેર - વેરી
મુખ - મોખિક
ઉગવું - ઉગમણું
જગત - જાગતિક
ગર્વ - ગવીલું,ગર્વિષ્ઠ
દુનિયા - દુન્વયી
આનંદ - આનંદિત
તિરસ્કાર - તિરસ્કૃત
વિસ્મય - વિસ્મિત
વિજય - વિજયી
પૈસા - પૈસાદાર
સંયોગ - સાંયોગિક
વ્યવહાર - વ્યવહારુ
યશ - યશસ્વી
સંભવ - સંભવિત
ઈશ્વર - ઈશ્વરીય
ત્યાગ - ત્યાગી
અંત - અંતિમ
કીર્તિ - કીર્તિમાન
અંતર - આંતરિક
શક્તિ - શક્તિમાન

વિયોગ - વિયોગી
હોંશ - હોંશીલુ
દ્રોહ - દ્રોહી
દેશ - દેશી
ગ્રામ - ગ્રામ્ય
આત્મા - આત્મીય
સ્વર્ગ - સ્વર્ગીય
શુકન - શુકનિયાળ
મંગલ - માંગલિક
પિતા - પૈતૃક
દેખાવ - દેખાવડું
ધન - ધનિક
સપ્તાહ - સાપ્તાહિક
કૃપા - કૃપાળું
ચિંતા - ચિંતિત
લાંચ - લાંચિયું
ન્યાય - ન્યાયી
ઊંઘ - ઊઘણશી
સંકોચ - સંકુચિત
સ્નેહ - સ્નેહી
પુણ્ય - પુણ્યવાન
વહાલ - વહાલું
અગવડ - અગવડિયુ
ઉતાવળ - ઉતાવળિયું
સંતોષ - સંતોષી,સંતુષ્ટ
લોક - લૌકિક
પર્વત - પર્વતીય
પશ્ચિમ - પશ્ચિમી,પાશ્ચાત્ય
કાશ્મીર - કાશ્મીરી
પ્રકાશ - પ્રકાશિત
સોનુ - સોનેરી
મધ્યકાલ - મધ્યકાલીન
નીતિ - નીતિમાન,નૈતિક
ઉત્તેજના - ઉત્તેજક,ઉત્તેજિત

સંસ્કૃતિ - સાંસ્કૃતિક
કુટુંબ - કૌટુંબિક, કુટુંબી
રક્ષા - રક્ષક,રક્ષિત
પ્રતાપ - પ્રતાપી
અધિકાર - અધિકારી,અધિકૃત
જાણ - જાણકાર
સંયમ - સંયમિત,સંયમી
ઝઘડો - ઝઘડાખોર,ઝઘડાળુ
સંભવ - સંભવિત,સંભાવ્ય
લોહી - લોહિયાળ
પરિચય - પરિચિત
સમાલોચના - સમાલોચક
માયા - માયિક,માયાવી
સત્યાગ્રહ - સત્યાગ્રહી
સમૂહ - સામૂહિક
ભાવ - ભાવિક,ભાવુક
નિર્ણય - નિર્ણાયક
પ્રાણ - પ્રાણવાન,પ્રાણી
ઘાટ - ઘાટદાર,ઘાટીલું
નિવેદન - નિવેદક
કાનૂન - કાનૂની
નિશ્ચય - નિશ્ચિત
લક્ષણ - લાક્ષણિક
કેન્દ્ર - કેન્દ્રિત,કેન્દ્રીય
પોત - પોતીકું
પરદેશ - પરદેશી
મદદ - મદદગાર
ઉત્સાહ - ઉત્સાહી
શૌર્ય - શૌર્યવાન
અન્યાય - અન્યાયી
કુનેહ - કુનેહબાજ
દર્શન - દર્શક
ખાતું - ખાતેદાર
સંબંધ - સંબંધી,સંબદ્ધ

ગામ - ગામઠી
ભાષા - ભાષાકીય
લહેજત - લહેજતદાર
સાહિત્ય - સાહિત્યિક
મજા - મજેદાર
ભય - ભયાનક
જોખમ - જોખમી
પ્રજા - પ્રજાકીય
તેજ - તેજસ્વી
વસ્તુ - વાસ્તવિક
ભાગ્ય - ભાગ્યવાન
દિલ - દિલદાર
રોગ - રોગિષ્ઠ,રોગી
વિનોદ - વિનોદી
સંગઠન - સંગઠિત
ધૂળ - ધૂળિયું
સુખ - સુખી
દુઃખ - દુઃખી
મમતા - મમતાળુ
વઢવું - વઢકણું
મફત - મફતિયું
સંગ્રહ - સંગ્રાહક
તત્કાલ - તત્કાલીન
નિષેધ - નિષિદ્ધ
સરકાર - સરકારી
ક્રમ - ક્રમિક
પ્રદેશ - પ્રાદેશિક
ફૂંફ - ફૂંફાળું
જાદુ - જાદુઈ
હઠ - હઠીલું
હર્ષ - હર્ષિત
જિદ્દ - જિદ્દી
વિદેહ - વૈદેહી
પ્રથમ - પ્રાથમિક
રુપુ - રુપેરી

મૂલ્ય - મૂલ્યવાન
માપ - માપક
રંગ - રંગીન
યાદ - યાદગાર
ઊર્મિ - ઉર્મિલ
જંગલ - જંગલી
અસલ - અસલી
નગર - નાગરિક
રોજ - રોજિંદુ
ચિત્ર - ચિત્રિત
પ્રત્યક્ષ - પ્રાત્યક્ષિક
કરુણા - કારુણિક
પક્ષ - પાક્ષિક,પક્ષીય
સંપ્રદાય - સાંપ્રદાયિક
શાળા - શાળાકીય
સર્જવું - સર્જક,સ્રષ્ટા
વિરોધ - વિરોધી
તંત્ર - તાંત્રિક
વારસ - વારસદાર
જરુર - જરુરી
બાંધવું - બંધક,બાંધનાર
અંગ - આંગિક
આંકવું - આંકણી
ગર્વ - ગર્વીલુ,ગર્વિષ્ઠ
વગડો - વગડાઉ
ખેતર - ખેતરાઉ
આથમવું - આથમણું
તંત - તંતીલુ
તરંગ - તરંગિત
જંજાળ - જંજાળી
વન - વન્ય
ઉપેક્ષા - ઉપેક્ષિત
કિંમત - કિંમતી
માનવ - માનવીય
અનુભવ - અનુભવી

પર - પરાયું
આભાસ - આભાસી
પીડા - પીડિત
પરિશ્રમ - પારિશ્રમિક
ઈચ્છા - ઐચ્છિક
મર્યાદા - મર્યાદિત
કાયા - કાયિક
સહજ - સાહજિક
નસીબ - નસીબદાર
દિન - દૈનિક
વર્ગ - વર્ગીય
માન - માન્ય,માનનીય
કારીગર - કારીગરી
સગવડ - સગવડિયું
અગ્નિ - આગ્નેય
ત્રાસ - ત્રસ્ત,ત્રાસેલું
ઉદ્યમ - ઉદ્યમી
પૂર્વ - પૂર્વીય
કાંતિ - કાંતિમાન
દેહ - દૈહિક
આરંભ - આરંભિક
ખુશ્બુ - ખુશ્બુદાર

ખંડ -૧૩ ભાવવાચક સંજ્ઞા

સ્વામી - સ્વામીત્વ
ભણવું - ભણતર
બંધુ - બંધુત્વ
વિષમ - વિષમતા
જુવાન - જુવાની
હિંદુ - હિંદુત્વ
હોંશિયાર - હોંશિયારી
અસહ્ય - અસહ્યતા
તીવ્ર - તીવ્રતા
માફ - માફી
ભોગવવું - ભોગવટો
આવશ્યક - આવશ્યકતા

શીખવું - શીખામણ
નિરાશ - નિરાશા
ઉતરવું - ઉતરાણ
મુશ્કેલ - મુશ્કેલી
નરમ - નરમાશ
ભલુ - ભલાઈ
ભારતીય - ભારતીયતા
સુલભ - સુલભતા
નિકટ - નિકટતા
જાણવું - જાણકારી
મુગ્ધ - મુગ્ધતા
મગ્ન - મગ્નતા
દરીદ્ર - દારીદ્ય
સ્ત્રી - સ્ત્રીત્વ
દાસ - દાસત્વ
સાવધાન - સાવધાની
પૂજવું - પૂજન
ભાઈ - ભાઈચારો
દીન - દીનતા
પવિત્ર - પવિત્રતા
ભકત - ભકિત
મિત્ર - મિત્રતા
અમર - અમરત્વ
ચઢવું - ચઢાઈ
નઠારુ - નઠારાપણું
બિભત્સ - બિભત્સતા
દોસ્ત -દોસ્તી
કબૂલવું - કબૂલાત
તૈયાર - તૈયારી
ઉકળવું - ઉકળાટ
બુલંદ - બુલંદી
વૃદ્ધ - વૃધત્વ
કાંપવું - કંપારી
હસવું - હાસ્ય
નિખાલસ -

નિખાલસપણું
શેઠ -શેઠાઇ
કંજુસ - કંજુસાઇ
કારીગર - કારીગરી
શાણું - શાણપણ
લાયક - લાયકાત
બીવું - બીક
નબળુ - નબળાઈ
કાયર - કાયરતા
શુરવીર - શુરવીરતા
પુખ્ત - પુખ્તપણુ
મજબુત - મજબુતાઈ
સાબુત - સાબૂતી
મીઠુ - મીઠાશ
સ્વીકૃત - સ્વીકૃતી
ફફડવુ - ફફડાટ
ભાટ - ભાટાઈ
રજવાડુ - રજવાડી
મહેમાન - મહામાનગતી
નિર્મળ - નિર્મળતા
નીચું - નીચાણ
ઊંડુ - ઊંડાણ
કોમળ - કોમળતા
ગુંજવું - ગુંજન
પહોળુ - પહોળાઈ
દુનિયા - દુનિયાદારી
વીર - વીરતા
રાજ - રાજત્વ,રાજસી
ઊજળું - ઊજાસ
જાહેર - જાહેરાત
ચંચળ - ચંચળતા
નિષ્ફળ - નિષ્ફળતા
નિર્દોષ - નિર્દોષપણુ
બારીક - બારીકાય
કુશળ - કુશળતા

સાવચેત - સાવચેતી
વફાદાર - વફાદારી
માલિક - માલિકી
શુર - શૌર્ય
સારૂ - સારપ
ધન્ય - ધન્યતા
સાચુ - સચ્ચાઈ
મર્દ - મર્દાઈ
ઢીલું - ઢીલા
માતા - માતૃત્વ
સ્વતંત્ર - સ્વતંત્રતા
ઉદાસ - ઉદાસી
વત્સલ - વાત્સલ્ય
ઈશ્વર - ઐશ્વર્ય
રખડવુ - રખડપટ્ટી
માંદુ - માંદગી
પુછવું - પૃચ્છા
અખંડ - અખંડતા
ઊંડુ - ઊંડાણ
વાંચવું - વાચન
ગણવું - ગણતરી
ખાલી - ખાલીપો
બાળ - બાળપણ
પંડિત - પંડિતાઈ
મોંઘુ - મોંઘવીરી
મિષ્ટ - મિષ્ટતા
ગોઠવવું - ગોઠવણી
માણસ - માણસાઈ
ઘરાક - ઘરાકી
પીરસવું - પિરસણ
સાફ - સફાઈ
લાચાર - લાચારી
બ્રાહ્મણ - બ્રાહ્મણત્વ
બચવું - બચાવ
ભારે - ભારેપણું

ગમવું - ગમો,ગમ્મત
ચળકવું- ચળકાટ
મ્લાન - મ્લાનતા
વ્યાકુળ - વ્યાકુળતા
ફીક્કુ - ફીકાશ
નેતા - નેતૃત્વ,નેતાગીરી
કડક - કડકાઈ
ગંભીર - ગંભીરતા,ગાંભીર્ય
ઉશ્કેરાવું - ઉશ્કેરાટ,ઉશ્કેરણી
પ્રભુ - પ્રભુતા,પ્રભુત્વ
ગુરુ - ગુરુતા,ગુરુત્વ,ગૌરવ
આતુર - આતુરતા
અસ્વસ્થ - અસ્વસ્થતા
અસહ્ય - અસહ્યતા
સુંદર - સુંદરતા,સૌંદર્ય
ઊછળવું - ઉછાળો
સફેદ - સફેદી
સૂનૂં - સૂનકાર
સ્થિત - સ્થિતિ
તટસ્થ - તટસ્થતા
ધ્રુજવું - ધ્રુજારી
શિશું - શૈશવ
વિરમવું - વિરામ
ખુવાર - ખુવારી
પોચું - પોચાપણું
ગરીબ - ગરીબી,ગરીબાઈ
સરદાર - સરદારી
પજવવું - પજવણી
પાકું - પક્કાઈ
વાજબી - વાજબીપણુ
ખાસ -ખાસિયત
આગેવાન - આગેવાની
સબળ - સબળતા
સમગ્ર - સમગ્રતા
સહેલું - સહેલાઈ

દોરવું - દોરવણી
સુંવાળુ - સુંવાળાપણું
લડવું - લડત,લડાઈ
કુનેહબાજ - કુનેહબાજી
પસંદ - પસંદગી
ઘર - ઘરોબો
પ્રાપ્ત - પ્રાપ્તિ
સડવું - સડો
મુક્ત - મુક્તિ
તેજસ્વી - તેજસ્વિતા
વાસ્તવિક - વાસ્તવિકતા
ડરવું - ડર
ઊંચું - ઊંચાઈ,ઊંચાણ
જીવવું - જીવતર,જીવન
ટળવળવું - ટળવળાટ
પુરુષ - પુરુષત્વ,પૌરુષ
નિષ્ઠુર - નિષ્ઠુરતા
દઢ - દઢતા
મુશ્કેલ - મુશ્કેલી
નોંધ - નોંધાણી
નિષ્પક્ષ - નિષ્પક્ષતા
નિરીક્ષક - નિરીક્ષણ
ભોળું - ભોળપણ
જુદુ - જુદાઈ
બગડવું - બગાડો
બેસવું - બેઠક
ભાળવું - ભાળ
ખૂબ - ખૂબી
ઉછેરવું - ઉછેર
મોટુ - મોટાઈ
વિધવા - વૈધવ્ય
પ્રવૃત - પ્રવૃત્તિ
વહાલું - વહાલ
વેચવું - વેચાણ
દવલુ - દવલાપણું

સમજાવવું - સમજાવટ
પહોંચવું - પહોંચ
બુઠ્ઠુ - બુઠ્ઠાપણું
સતાવવું - સતામણી
ઘરડું - ઘડપણ
ગાંડુ - ગાંડપણ
સગુ - સગાઈ
અજ્ઞ - અજ્ઞતા
ભળાવવું - ભલામણ
ડાહ્યુ - ડહાપણ
મથવું - મથામણ
નક્કર - નક્કરપણું
હળવું - હળવાશ
ફાવવું - ફાવટ
સીવવું - સીવણ,સિલાઈ
કાપવું - કાપણી
માપ - માપણી
ઘડવું - ઘડાઈ,ઘડામણ
અલગ - અલગપણું
સાહજિક - સાહજિકતા
પ્રાથમિક - પ્રાથમિકતા
ચોખ્ખુ - ચોખ્ખાઈ
ધુંધળું - ધુંધળાપણું
જીર્ણ - જીર્ણતા
સમૃદ્ધ - સમૃદ્ધિ
દંપતિ - દાંપત્ય
નિવૃત્ત - નિવૃત્તિ
અલ્પ - અલ્પતા
હડસેલવું - હળસેલો
પશુ - પશુતા,પશુત્વ
દાનવીર - દાનવીરતા
નિરપેક્ષ - નિરપેક્ષતા
વિઘાતક - વિઘાતકતા
વિનાશક - વિનાશકતા
સભાન - સભાનતા

કૃત્રિમ - કૃત્રિમતા
સતત - સાતત્ય
ઓછું - ઓછપ
જાળવવું - જાળવણી
વૈચારિક - વૈચારિકતા
દુબળુ - દુબળાપણું
સ્થિર - સ્થિરતા, સ્થૈર્ય
વિકરાળ - વિકરાળતા
અગોચર - અગોચરપણું
ઉક્ત - ઉક્તિ
કૃપાળુ - કૃપાળુતા
ક્રુર - ક્રુરતા
કઠોર - કઠોરતા
ગેરહાજર - ગેરહાજરી
ચચરવું - ચચરાટ
જડ - જડતા
ભીનુ - ભીનાશ
તાજુ - તાજગી
વિકટ - વિકટતા
ઝાંખુ - ઝાંખપ
સાહજિક - સાહજિકતા
બચ્ચુ - બચપણ
સખત - સખતાઈ
મજૂર - મજૂરી
ઝીણું - ઝીણવટ
શરુ - શરુઆત
સરખું - સરખામણી,સરખાપણું
ઓળખવું - ઓળખ,ઓળખાણ
મજબૂત - મજબૂતી,મજબૂતાઈ
અતિશય - અતિશયતા
સાપેક્ષ - સાપેક્ષતા,સાપેક્ષપણું
મલીન - મલીનતા,માલીન્ય
દુર્જન - દુર્જનતા
સજ્જન - સજ્જનતા
સાચવવું - સાચવણ,સાચવણી

રૂઢિપ્રયોગો

ગળે ઉતરવું - સમજાવું
ગળુ કાપવું - દગો દેવો
ગોથુ ખાવું - છેતરાવું
કાળી ટીલી લાગવી - કલંક લાગવું
કાળા ધોળા કરવાં - ખરાબ કામ કરવા
કાળા પાણીની સજા - દેશ નિકાલની સજા
ઘર માંડવુ - લગ્ન કરવા,પરણવું
ઘસીને ના પાડવી - સ્પષ્ટ ના કહેવી
ઘર ભાંગવું - પતિ કે પત્નીનુ મરણ થવું
ઘર ફાડવું - ચોરી કે લૂંટ કરવી.
ઘેરે બેસવું - બેકાર હોવું
તાગડધિન્ના કરવા - મોજમજા કરવી
થૂંક ઉડાડવી - નિંદા કરવી
ધુરા સંભાળવી - જવાબદારી સ્વીકારવી
ધૂળધાણી થઈ જવું - નકામુ જવું,ફોગટ જવું
નાડ પારખવી - ખરુ કારણ જાણવું
નાક કપાવું - આબરુ જવી.
નાક ચઢાવવું - અણગમો બતાવવો.
નાક રાખવું - આબરુ સાચવવી
નાક વિનાનુ - કશી આબરુ ન હોય તેવું
પથરો નાખવો - વિધ્ન કરવું
પાછા થવું - મરણ પામવું
પારો ઉતરવો - ગુસ્સો શાંત પડવો
પાશોરામાં પહેલી પૂણી - શરુઆત
પુષ્પાંજલિ આપવી - માર મારવો
પાણી મૂકવું - પ્રતિજ્ઞાલેવી,ત્યાગ કરવો
પાણીના મૂલે - નજીવી કિંમતે
પાણી કરવું - ધૂળધાણી કરવું
પાણી ફેરવવું - મહેનત બરબાદ કરવી
પાણી પાણી થઈ જવું - નરમ થઈ જવું
પગ તળે રેલો આવવો - પોતાને નુકશાન થવું
જીવ બળી જવો - ઈર્ષાથી દુઃખી દુઃખી થઈ જવું
પાણી જોવું - તાકાત જોવી
દાંત પાડી નાખવા - બળ બતાવવું
દાંતે તરણું લેવું - લાચારી બતાવવી
દાંતિયા કરવાં - ચિડાઈને બોલવું
દાળમાં કાળુ હોવું - છુપુ પાપ હોવું
ખોળો પાથરવો - કરગરવું,કાકલૂદી કરવી
ગળે પડવું - સામા વ્યક્તિ પર આરોપ મૂકવો
ઘી કેળા - સારો લાભ
ઘોળીને પી જવું - ગણકારવું નહીં
ચડયે ઘોડે આવવું - ખૂબ ઉતાવળ કરવી
ચરણે પડવું - શરણે જવું, પગમાં પડવું
ચિત્ત ચોરવું - હદય આકર્ષવું
છાપેલુ કાટલું - નામચીન
છાતી ચાલવી - હિંમત કરવી
છાતી ઠોકીને કહેવું - હિંમતપૂર્વક કહેવું.
ડાટ વાળવો - મોટુ નુકશાન કરવું
તરણું લેવરાવવું - હાર કબૂલ કરાવવી.
ખાટલે પડવું - માંદા પડવું
આંખમાં આવવું - અપ્રિય બનવું.
આંખે પાટા બાંધવા - છેતરવું.
આંખનુ રતન - ખૂબજ પ્રિય વ્યક્તિ
એકનુ બે ન થવું - વાતને વળગી રહેવું.
કાગડા ઉડવા - ઉજ્જડ થઈ જવું
કમર બેવડી વળી જવી - ખૂબ થાક લાગવો.
કાનનો કાચો - ઝટ ભોળવાઈ જાય તેવો.
ખબર લઈ નાંખવી - ધમકાવવું
કાન પર ન ધરવું - ધ્યાનમાં ન લેવું.
કોઠે પડવું - માફક આવવું, ફાવી જવું.
પાણી વલોવવું - ખોટી મહેનત કરવી.
પગ ન ઉપડવા - હિંમત ન ચાલવી
પગ ભારે થઈ જવા - જતા સંકોચ થવો.
પેટે પથરો પાકવો - કપૂત પાકવો
પગ ઢીલા પડવા - હિંમત હારી જવી
પગ પાછા પડવા - જતા ખચકાવું
અંગ સ્વેદ વછૂટવો - અત્યંત ગભરાઈ જવું.
અંજાઈ જવુ - પ્રભાવિત થવું.
આંખ ઉઘડવી - સાચી હકીકત નુ ભાન થવું.
આંક ફાટી જવી - આશ્ચર્યચકિત બનવું

આંકમાં ધૂળ નાખવી - છેતરવું.
આંક મીંચીને ચાલવું - વિચાર્યા સિવાય વર્તવુ.
આંખની કીકી - બહુપ્રિય
આંખ મીચવી - મૃત્યુ પામવું.
આંખમીચામણાં કરવા - જોયુ ન જોયુ કરવું
આંગળીના વેઢા પર - બરાબર મોઢે હોવું.
આંગળી પર નચાવવું - કહયામાં વશમાં રાખવું.
એક લાકડીએ હાંક્વું - બધાને સરખા સમજવા.
એક પંથ દો કાજ - એક સાથે બે કામ પાર પાડવા.
ઉંડા પાણીમાં ઉતરવું - સાહસ કરવા તૈયાર થવું.
ઊંડો કાંટો રહી જવો - મનમાં ઊંડુ દુઃખ રહેવું.
કાનબુટ્ટી પકડવી - પોતાની ભૂલ કબૂલ કરવી
આડા ઉતરવું - વિઘ્ન રુપ બનવું.
કૂતરા બિલાડાનુ જીવન - દુર્દુશાભર્યુ જીવન
કૂવામાંનુ દેડકું - સંકુચિત વિચારનું
કોળીયો કરી જવો - બીજાનુ પડાવી લેવું.
ખાવા ધાવું - ડર લાગે તેવુ નિર્જન હોવું
છેલ્લે પાટલે - તદ્દન હલકી સ્થિતિએ પહોંચવું
છાતી બેસી જવી - હિંમત ગુમાવવી, હારી જવું
છાતી વળવી - અદેખાઇ આવવી દયા આવવી
છાતી ભરાઇ જવી - રડવાની અણી પર હોવું
જીવ કળીએ કળીએ કપાવો - અતિશય દુઃખ થવું
જીવતર પર થીંગડુ દેવું - જીવનને કલંકિત કરવું
મન વાળવું - અનિચ્છાએ સંતોષ માનવો
મૂછનો દોરો ફુટવો - યુવાનીમાં પ્રવેશવ
મો બગાડવું - મો ઉપર અણગમો લાવવો
મોતિયા મરી જવા - તદ્દન નિરાશ થઇ જવ
મો લાલ રાખવું - પરાણે આબરુ જાળવવી
રજનુ ગજ કરવું-નાની વાતને મોટુરુપ આપવ
લોહીનુ પાણી કરવું - સખત મહેનત કરવી
પેટમાં આગ લાગવી - ખૂબ ભૂખ લાગવી.
બળતામાં ઘી હોમવું - ક્રોધમાં વધારો કરવા
માથે છાણાં થાપવાં - ખૂબ હેરાન કરવું
ફોલી ખાવું - છેતરીને પાયમાલ કરવું
બાજી કથળવી - ધારણા અવળી પડવી.
પગ ઢીલા પડવા - હિંમત હારી જવી.
પગ વાળવો - આરામ લેવો
પગ ટકવા - સ્થિર થવું
પગ પાછા પડવા - આંચકો ખાવો.
પેટમાં રાખવું - ગુપ્ત રાખવું
પેટે પાટા બાંધવા - ભૂખ્યા રહેવું.
પેટમાં તેલ રેડાવું - આઘાત પામવો.
પેટમાં પગ હોવા - દગો હોવો
પેટ બાળવું - ભૂખ્યા રહેવું
બારમો ચંદ્રમાં - વિરોધ
મતુ મારવું - સહી કરવી
મનમાં આવવુ - વિચાર આવવો
મન ઉઠવું - અણગમો થવો
મન જોવું - ઈચ્છા પારખવી
મન પર લેવું - ધ્યાન આપવું
મનનો મોટો - ઉદાર
મોટુ પેટ રાખવું - ઉદારતા રાખવી
માર્યા જવું - નાશ પામવું
મો ઉતરી જવું - વીલા પડવું
મોમાં પાણી છુટવું- લલચાઈ જવું
મોઢે કરવું - ગોખવું
મોઢે ચડાવવું - ખૂબ લાડ લડાવવા
મો પડી જવું - ઝંખવાણું થવું
મો આપવું - જવાબ આપવો.
મોનુ મોળુ - ના ન કહી શકે તેવું
ંમોટા ભા થવું - વ્યર્થ ફુલાઇ જવું
મૂછે તાવ દેવો - બહાદુરી બતાવવી
મ્યાનમાં રાખવું - અંકુશમાં રાખવું
ંધૂળ કાઢવી - ઠપકો આપવો
વચન ઉથાપવું - આજ્ઞાનો ભંગ કરવો
વરાળ કાઢવી - મનનો રોષ ઠાલવવો
વળતા પાણી થવા - મંદી શરુ થવી
હાથ ઉપાડવો - મારવો
હાથથી જવું - વંઠી જવું
હાથવેંતમાં - ખૂબ નજીકમાં
હાથ ચોખ્ખા હોવા હોવા - પ્રામાણિક હોવું
હથેળીમાં ચાંદ બતાવવો - છેતરવું,ભોળવવું

સમાનાર્થી રૂઢિપ્રયોગો	વિરુદ્ધાર્થી રૂઢિપ્રયોગો
તડકો છાંયડો વેઠવો - લીલી સુકી જોવી.	અડીયલ ટટ્ટુ - તેજી ઘોડી.
ઇડરીયો ગઢ જીતવો - વાઘનુ માથુ લાવવું.	આંખની કીકી - આંખનુ કણું.
દાદ ન દેવી - ધડો ન કરવો.	કૂખ ઉજાળવી - કૂખ લજાવવી.
માથે ચડી વાગવું - માથે છાણા થાપવા.	ખુલ્લા દિલનો - બગ ભગત.
મો મચકોડવું - નાકડુ ટેરવું ચડાવવુ.	ખોટો સિક્કો - ચલણી નોટ.
શિંગડા ભરાવવા - માથું ઊંચકવું	ગધેડાને ડફણાં - તેજીને ટકોરો.
એકનુ બે ન થવુ - ટસનુ મસ ન થવું.	ઘરમાં વાઘ - સીમમાં શિયાળ.
ઓડનુ ચોડ કરવું - વાતનુ વતેસર કરવું.	ઘરડે ગત જાય - ઘરડા ગાડા વાળે.
ઘર માંડવુ - ઘર કરવું.	ધંધો જામવો - પેઢી ભાંગવી.
ઘેરે બેસવું - માંખો મારવી.	જોડા મારવા - મોતીએ વધાવવું.
ઘાસ કાપવું - પાણી વલોવવું.	ટકાના ત્રણ શેર - સોનાના મૂલે.
તાગડધિન્ના કરવા - અમન,ચમન કરવા	પડદા પાછળ - ઉઘાડે ચોગે.
મો માથા વગરનુ - શીંગડા પૂંછડા વિનાનુ	યમપુરીની યાત્રા - સ્વર્ગીય સુખ
ઠંડા પાણીએ નાહી નાખવું - હાથ ખંખેરવા	લાકડે માકડું - રામસીતાની જોડી.
અક્કલનો બારદાન - અક્કલનો ઓથમીર	ભાવ પૂછવો - ધડો ન ધીરવો.
અડિયલ ટટ્ટુ - હઠીલો હનુમાન	લોઢાના ચણાં - ડાબા હાથનો ખેલ.
આભ તૂટી પડવું - દુઃખના ઝાડ ઉગવા	હાથનો મેલો - હાથનો ચોખ્ખો.
આખા હાડકાનો - આળસુનો પીર	હાથનુ છૂટુ - મખ્ખી ચૂસ.
ઉઘાડે છોગે - છડેચોક.	સાપનો ભારો - ખંભે પછેડી.
એક અસ્ત્રે મુંડવું - એક લાકડીએ હાંકવું.	સો મણની તળાઇ - કાંટાની પથારી.
કરતો કારવતો - ઘરનો મોભ.	અક્કલનો બારદાન - બૃહસ્પતિ.
કાંટો કાઢવો - બલા ભગાડવી.	રેઢીયાર ઢોર - રખડેલ લાલચંદ
કાટલું કાઢવું - ઠેકાણે પાડવું.	ઉગી નીકળવું - ધૂળમાં મળવું.
નેવે ચડાવવું - શીંકે મુકવું.	ધૂળનુ ધાન કરવું - ધાનની ધૂળ કરવી
પ્રભુનો માણસ - અલ્લાની ગાવડી.	નાક રાખવું - નાક કપાવવું
બાજી બગડવી - પાસા અવળા પડવા.	ખાઇને ખોદવું - નિમક હલાલ કરવું
મોટા ભા થવું - વરના બાપ બનવું.	જીવ સટોસટનુ કામ - ડાબા હાથનો ખેલ
ભોગ મળવા - આવી બનવું.	પેટને ભાડુ આપવું - પેટમાં કુરકુરીયા બોલવા
રાતી રાયણ જેવું - લાલ ચણોઠી જેવું.	નસીબનુ પાંદડુ ફરવું - પનોતિ બેસવી.
વડ તેવો ટેટો - બાપ તેવો બેટો.	મોકાણના સમાચાર - મંગળ વધાઇ
ઉપલોમાળ ભાડે દેવો - બુદ્ધિનુ દેવાળુ કાઢવું.	રુપરુપનો અંબાર - સીસમની પુતળી.
આંધળાની આંખ - ભાંગ્યાનો ભેરુ	લીલે તોરણે - વાઝતે ગાજતે - વાગતે વાજે.
એક પંથ દો કાજ - એક કાંકરે બે પક્ષી મારવા.	વડના વાંદરા ઉતારે એવું - ગરીબ ગાય જેવું.
પડ્યા ઉપર પાટુ - ખાતર ઉપર દિવેલ.	સુદામાની ઝૂંપડી - કુબેરનો મહેલ.

અગસ્ત્યના વાયદા - ખોટા વાયદા,લાંબાને ન પળાય એવા વાયદા.
આકાશ પાતાળ એક કરવા - શક્ય તે તમામ પ્રયત્ન કરી છૂટવું.
આંખ આડા કાન કરવા - ધ્યાન ન આપવુ,જાણ્યુ ન જાણ્યુ કરવું.
આંગળી આપતા પહોંચો પકડવો - થોડી મદદ કરનારનુ બધુ જ લઈ લેવુ.
આંખે ચઢવુ - લોકોની અદેખાઈના કારણરુપ થવુ જાહેરમાં આવવુ.
આંતરડી કકળવી - દિલમાં અસહ્ય વેદના થવી.
આંગળી ઉંચી કરવી - સંપતિકે વિરોધ બતાવવો.
ઈડરિયો ગઢ જીતવો - મોટુ પરાક્રમ કરી જય મેળવવો,મોટી સફળતા મેળવવી.
ઉચાળા ભરવા - ઘરવખરી લઈને સ્થાન છોડીને ચાલ્યા જવું.
ઊંધા પાટા બંધાવવા - આડી અવળી વાતો કરી ભરમાવવુ છેતરવું.
કડકો ખરો કરવો - પોતાની વાત પરણે કબુલ કરાવવી,પોતાની વાત જ સાચી છે એવો આગ્રહ રાખવો.
કાગડોળે રાહ જોવી - આતુરતાથી વાટ જોવી કે પ્રતીક્ષા કરવી.
કાગ નો વાઘ કરવો - નાની વાતને મોટુ રુપ આપવું
કાંડા કાપી આપવા - લેખિત બાંહેઘરી આપવી
કાંડા કાપી લેવા - લેખિત બાહેઘરી લઈ લેવી.
કાન ઉઘાડા રાખવા - બધાની વાત સાંભવીને સત્ય તારવવુ.
કાન ધોરણે મૂક્તા - વાત સાંભળીને ભરમાઇ જવું.
કુહાડીનો હાથો બનવું - પોતાના પક્ષને નુકશાન કરી સામા પક્ષને મદદગાર થવું.
કોણીએ ગોળ લગાડવો - પોતાનુકામ સાધવા લાલચ આપવી
ખાઈ પીને મંડવું - ખંતથી સતત કામમાં મગ્ન રહેવું.
ઘર ફૂટવું - કુટુંબનુ જ કોઈ વ્યક્તિ વિશ્વાસઘાતી નીવડવું
ગળામાં ટાંટિયા નાખવા - સામાના માથે તહોમત મૂકવો.
ઘા ઉપર મીઠુ ભભરાવવું - દુઃખીને વધુ દુઃખી કરવું
ઘાસ કાપવું - નકામી મહેનત કરવી,કહેલુ વ્યર્થ જવું
છઠીનુ ધાવણ કાઢવુ યાદ કરાવવુ - મરણતોલ માર મારવો.
ટાઢે પાણીએ ખસ જવી - સરળતાથી વિઘ્નરુપ વ્યક્તિને હરાવવી.
ઠંડે પાણીએ નાહી નાંખવું - આશા છોડી દેવી
ઠોકર ખાવી - ભાન આવે તેવી મુશ્કેલી અનુભવવી.
ઢોલકી વગાડવી - બન્ને પક્ષસાચવવા પ્રયત્ન કરવો.
દહી દુધમાં પગ રાખવો -બન્ને પક્ષે ભળતારહેવું
દાજયાપર દેવો - દુઃખીને વધારે દુઃખી કરવું
દુઃખે પેટને કૂટે માથુ - મુશ્કેલીની વાત સીદે સીધી નહી કહી શકવાથી બીજા બહાના બતાવવા
દાઢીમાં હાથ ઘાલવો - ગરજપૂર્વક મદદ માગવી
દુધમાંથી પોરા કાઢવા - સારી વસ્તુમાં અવગુણ શોધવા

દ્રાવિડી પ્રાણાયામ - સહેલો માર્ગમૂકી અઘરોમાર્ગ લેવો.
નાકલીટી તાણવી - ઘણી ગરીબાઈથી હાર સ્વીકારી લેવી
થૂંકેલુ ગળી જવું - બોલેલા શબ્દો પાછા ખેંચી લેવા
પાણી ચડાવવુ - જુસ્સો ચડાવવો, પ્રોત્સાહિત કરવું
પોતાની જ ઘોર ખોદવી - પોતેજ પોતાના વિનાશનુ કારણ બનવું
પાકા ઘડે કાંઠા ચડાવવા - મોટી ઉંમરે સુધારવા મથવું
પાછા ફરીને જોવું - અંતદષ્ટિ કરવી,વિચાર કરીને આગળ વધવું
પાણીમાંથી પોરા કાઢવા - નાના નાના દોષો શોધવા
પગ ઉપર ઉભા રહેવુ - પોતાની જ મહેનત થી ગુજરાત ચલાવવું.
પગ ભાંગવા - નાસીપાસ થઈ જવું ખૂબ માર મારવો.
પેટનુ પાણીન હાલવું - કોઈપણ પ્રકારની અસર ન થવી.
પેટમાં પેસી જવું - બીજાને વિશ્વાસમાં લઈને સઘળી હકીકત જાણી લેવી.

દહી દૂધમાં પગ રાખવો - બન્ને બાજુ ઢોલકી વગાડવી.
અગિયાર ગણવા - પોબારા ગણવા -રફુ ચક્કર થઈ જવું -હાથ તાળી આપવી.
આંખનુ રાતન - હૈયાનો હાર કાળજાનો કટકો.
કાગનો વાઘ કરવો - રજનુ ગજ કરવું- પીછાના પારેવા કરવા.
ઘડીના છઠ્ઠા ભાગમાં - આંખના પલકારામાં.
દૂધ દહીમાં પગ રાખવો - બન્ને બાજુ ઢોલકી વગાડવી.
સોડ તાણીને સૂવું - આંખ મીંચવી-ચિર નિદ્રામાં પોઢી જવું,પાસા થવું,રામ રમી જવા,
રામ શરણ થઈ જવું.
ઘા ઉપર મીંઠુ ભભરાવવું - દાજ્ય પર ડામ દેવો,
પુષ્પાંજલિ આપવી - મેથીપાક ચખાડવો - ધૂળ ખંખેરવી - પ્રસાદ ચખાડવો
પેટમાં પેસીને પગ પહોળા કરવા - કૂવામાં ઉતારીને વરત કાપવો
- ઘડપણની લાકડી
ઈન મિન અને સાડા તીન - હું બાવોને મંગળીયો.

ગંગા ઉતર્યા (નાહ્યા) - પાર ઉતર્યા- જગ જીત્યા.
ચોટલી હાથમાં આવવી - નાડ હાથમાં આવવી.